RNI Reg No. GUJGUJ/2015/66036

સાંધ્ય દૈનિક

આઝાદ સંદેશ

સ્થાપક તંત્રી : સ્વ. ભાનુભાઈ ત્રિવેદી, ◆ તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : વિજય બી. ત્રિવેદી ◆ સહ તંત્રી : જનક પી. ત્રિવેદી ◆ Dt. : 27-12-2024 શુક્રવાર ◆ વિ.સં.૨૦૮૧ માગસર વદ-૧૨ ◆ Year : 10, Issue : 91 ◆ Page : 10 ◆ Price : 3

મમતા મશીનરીના આઈપીઓનું બમ્પર રૂ. ૬૦૦ પર લિસ્ટિંગ, રોકાણકારોને લોટરી લાગી

રોકાણકારોને શેર દીઠ રૂ. ૩૫૭નો નફો મળ્યો

(આઝાદ સંદેશ) નવી દિલ્હી : મમતા મશીનરીના આઈપીઓનું આજે શેરબજારમાં બમ્પર લિસ્ટિંગ થયું છે જેનાથી રોકાણકારોને લોટરી લાગી ગઈ છે. નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ) અને બીએસઈ પર મમતા મશીનરીના શેર રૂ. ૬૦૦ના ભાવે લિસ્ટ થયા હતા, જે રૂ.૨૪૩ની ઈશ્યૂ કિંમત કરતાં ૧૪૭% વધુ છે. મમતા મશીનરીના રોકાણકારોને શેર દીઠ રૂ. ૩૫૭નો નફો મળ્યો છે. મમતા મશીનરીના આઈપીઓને રોકાણકારો તરફથી જોરદાર પ્રતિસાદ મળ્યો હતો. આઈપીઓની પ્રાઈસ બેન્ડ પ્રતિ શેર રૂ. ૨૩૦-૨૪૩ નક્કી કરવામાં આવી હતી. તેની લોટ સાઈઝ ૬૧ શેર હતી. બીએસઈ ડેટા અનુસાર, પબ્લિક ઈસ્યુને ૫૧,૭૮,૨૨૭ શેરની ઓફર સામે ૧,૦૦,૯૪,૮૧,૮૦૨ શેર માટે બિડ મળી હતી. આઈપીઓ કુલ ૧૯૪.૯૫ વખત સબસ્ક્રાઈબ થયો હતો.

ભારતના આર્થિક સુધારાના પ્રણેતા પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહની ચિર વિદાય

વડાપ્રધાન મોદી, અમિત શાહ, રાષ્ટ્રપતિ દ્રોપદિ મુર્મુ, સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી વાડ્રા સહિત અનેક વરિષ્ઠ નેતાઓએ શ્રદ્ધાંજલિ આપી : ડો. મનમોહન સિંહના નિધન બાદ આજે તમામ સરકારી કાર્યક્રમો રદ્દ, ૭ દિવસનો રાષ્ટ્રિય શોક જાહેર : કાલે સંપૂર્ણ રાષ્ટ્રિય સન્માન સાથે અંતિમ સંસ્કાર કરાશે : દેશભરમાં શોકનું મોજુ

(આઝાદ સંદેશ) નવી દિલ્હી : પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહનું ૯૨ વર્ષની વયે નિધન થયું છે. કોંગ્રેસ નેતા સલમાન ખુર્શીદે ટ્વીટ કરીને આ જાણકારી આપી છે. ગુરૂવારે સાંજે તેમની તબિયત બગડતાં એઈમ્સ હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમનું અવસાન થયું હતું. બે વખત દેશના વડાપ્રધાન રહી ચૂકેલા પૂર્વ પીએમ ડો.મનમોહન સિંહનું ૯૨ વર્ષની વયે નિધન થયું છે. તેઓ લાંબા સમયથી સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓનો સામનો કરી રહ્યા હતા. વિશ્વના મહાન અર્થશાસ્ત્રી, ભારતના આર્થિક સુધારાના પ્રણેતા અને દેશને સમગ્ર વિશ્વમાં એક અલગ ઓળખ આપનાર ભૂતપૂર્વ વડા પ્રધાન ડો. મનમોહન સિંહનું નિધનથી દેશ ઉપરાંત વિદેશમાં પણ શોકનું મોજુ ફરી વળ્યું છે. તેમના નિધન પર સરકારે સાત દિવસનો રાષ્ટ્રિય શોક જાહેર કર્યો છે. આજે તિરંગો પણ અડધી કાઠીએ ફરકાવવામાં આવશે. મનમોહન સિંહના નિધન બાદ કેન્દ્ર સરકારે આજે તમામ સરકારી કાર્યક્રમો રદ્દ કરી દીધા છે. ડો. મનમોહન સિંહના અંતિમ સંસ્કાર સંપૂર્ણ રાષ્ટ્રિય સન્માન સાથે કરવામાં આવશે. કાલે શનિવારે તેમના અંતિમ સંસ્કાર થવાની ધારણા છે. પૂર્વ પીએમના નિધન બાદ કોંગ્રેસ પાર્ટીએ આજના તમામ કાર્યક્રમો રદ્દ કરી દીધા છે. તેમના મૃત્યુ બાદ મનમોહન સિંહના પાર્થિવ દેહને મોડી રાત્રે એઈમ્સથી તેમના નિવાસસ્થાને લાવવામાં આવ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દિવંગત પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહને શ્રદ્ધાંજલિ આપવા આપવા પહોંચ્યા હતા. બંને ટોચના નેતાઓએ પૂર્વ પીએમના પરિવારજનો પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરી હતી. આ ઉપરાંત રાષ્ટ્રપતિ દ્રોપદિ મુર્મુ પણ ઘરે પહોંચી શ્રદ્ધાંજલિ આપી હતી. દિવંગત પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહના ઘરે સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા સહિત કોંગ્રેસના ઘણા વરિષ્ઠ નેતાઓ હાજર છે. એઈમ્સ દ્વારા જારી કરવામાં આવેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, >> p6

ડો. મનમોહન સિંહના નિધન પર બરાક ઓબામાથી એન્જેલા મર્કેલ સુધી વૈશ્વિક નેતાઓએ વ્યક્ત કર્યો શોક

(આઝાદ સંદેશ) નવી દિલ્હી : દેશના પૂર્વ વડાપ્રધાન ડો.મનમોહન સિંહના નિધન પર ભારત ઉપરાંત વિશ્વમાં પણ શોકનું મોજુ છવાયું છે. દરમિયાન વૈશ્વિક નેતાઓએ શોક વ્યક્ત કર્યો છે અને તેમની આર્થિક નીતિઓની પ્રશંસા કરી છે. ભૂતપૂર્વ યુએસ પ્રમુખ બરાક ઓબામા અને ભૂતપૂર્વ જર્મન ચાન્સેલર એન્જેલા મર્કેલ એક્સ પર પોસ્ટ કરી અને તેમની આર્થિક નીતિઓની પ્રશંસા કરી છે. વૈશ્વિક નેતાઓએ ડો.મનમોહન સિંહ સાથેની તેમની યાદો યાદ કરી. ભૂતપૂર્વ યુએસ પ્રમુખ ઓબામાએ ૧૯૯૧ના ઉદારીકરણના પ્રયાસો દ્વારા ભારતને બજાર આધારિત ભારતીય અર્થતંત્રમાં પરિવર્તિત કરવામાં સિંહની ભૂમિકા વિશે વાત કરી હતી. જ્યારે મર્કેલે વાત કરી કે કેવી રીતે મનમોહન સિંહે તેમને વિકાસશીલ અર્થતંત્રોના પરિપ્રેક્ષ્યને સમજવામાં મદદ કરી. આ ઉપરાંત માલદીવ અને અફઘાનિસ્તાન સહિતના પડોશી દેશોના નેતાઓએ તેમના યોગદાન અને તેમના દેશો સાથે સારા સંબંધો બનાવવા પર પ્રકાશ પાડ્યો છે. અફઘાનિસ્તાનના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ હામિદ કરઝાઈએ એક પોસ્ટમાં કહ્યું કે ભારતે તેના સૌથી પ્રતિષ્ઠિત પુત્રોમાંથી એક ગુમાવ્યો છે. તેમણે ભૂતપૂર્વ વડા પ્રધાનના નિધન પર ઉંડો શોક વ્યક્ત કરી, તેમને અફઘાનિસ્તાનના લોકોના અતૂટ સાથી અને મિત્ર તરીકે વર્ણવ્યા હતા. માલદીવના પૂર્વ રાષ્ટ્રપતિ મોહમ્મદ નશીદે પણ પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે ડો.મનમોહન સિંહ માલદીવના માયાળુ અભિભાવક અને સારા મિત્ર હતા. આ સાથે ભારતમાં રશિયાના રાજદૂત ડેનિસ

અલીપોવે પણ પૂર્વ પીએમ મનમોહન સિંહના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે ડો.મનમોહન સિંહનું નિધન ભારત અને >> p6

ઉદારીકરણ, આરટીઈથી મનરેગા અને આધાર સુધી, આર્થિક સુધારાના જનકે ભારતને 'વિકાસ રથ' બનાવ્યો

ડો. મનમોહન સિંહે નાણામંત્રી તરીકે સેવા આપતાં ૧૯૯૧માં શરૂ થયેલા આર્થિક ઉદારીકરણમાં મહત્ત્વની ભૂમિકા ભજવી : બોલ્ડ આર્થિક સુધારા, લાઈસન્સ રાજ નાબૂદ અને ખાનગી અને વિદેશી કંપનીઓ માટે ઘણા ક્ષેત્રો ખોલવા સામેલ

(આઝાદ સંદેશ) નવી દિલ્હી : દેશના પૂર્વ વડાપ્રધાન અને ભારતના જાણીતા અર્થશાસ્ત્રી ડો.મનમોહન સિંહે ૯૨ વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા હતા. ડો.મનમોહન સિંહના નામે ઘણી ઉપલબ્ધિઓ છે. આર્થિક ઉદારીકરણમાં તેમનું વિશેષ યોગદાન રહ્યું હતું. ડો. મનમોહન સિંહે નાણામંત્રી તરીકે સેવા આપતાં ૧૯૯૧માં શરૂ થયેલા આર્થિક ઉદારીકરણમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. જેમાં સરકારી નિયંત્રણો ઘટાડવું, વિદેશી પ્રત્યક્ષ રોકાણ(એફડીઆઈ) વધારવું અને માળખાકીય સુધારા અમલમાં મૂકવાનો સમાવેશ થાય છે જેણે ભારતના અર્થતંત્રને વૈશ્વિક બજારો માટે ખોલી દીધું હતું. જ્યારે મનમોહન સિંહે ૧૯૯૧માં પીવી નરસિમ્હા રાવ સરકારમાં નાણા મંત્રાલયની બાગડોર સંભાળી ત્યારે ભારતની રાજકોષીય ખાધ ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી)ના ૮.૫ ટકાની આસપાસ હતી. બેલેન્સ ઓફ પેમેન્ટ ડેફિસિટ ઘણી મોટી હતી અને ચાલુ ખાતાની ખાધ પણ જીડીપીના ૩.૫ ટકાની આસપાસ હતી. આ ઉપરાંત, દેશ પાસે આવશ્યક આયાત માટે ચૂકવણી કરવા માટે માત્ર બે અઠવાડિયાનું વિદેશી હૂંડિયામણ હતું. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે અર્થવ્યવસ્થા ગંભીર સંકટમાં હતી. આવી સ્થિતિમાં ડો.સિંહે કેન્દ્રીય બજેટ ૧૯૯૧-૯૨ દ્વારા દેશમાં એક નવા આર્થિક યુગની શરૂઆત કરી. તે સ્વતંત્ર ભારતના આર્થિક ઈતિહાસમાં એક વળાંક હતો, જેમાં બોલ્ડ આર્થિક સુધારા, લાઈસન્સ રાજ નાબૂદ અને ખાનગી અને વિદેશી કંપનીઓ માટે ઘણા ક્ષેત્રો ખોલવા સામેલ હતા. આ તમામ પગલાંનો ઉદ્દેશ અર્થતંત્રને પાટા પર લાવવાનો હતો. ભારતને નવી આર્થિક નીતિના માર્ગ પર લાવવાનો શ્રેય ડો.સિંઘને આપવામાં આવે છે. તેમણે વિદેશી પ્રત્યક્ષ રોકાણ(એફડીઆઈ), રૂપિયાનું અવમૂલ્યન, ક્રવેરો ઘટાડવા અને જાહેર ક્ષેત્રની કંપનીઓના ખાનગીકરણને મંજૂરી આપીને નવી શરૂઆત કરી. આર્થિક સુધારાની વ્યાપક નીતિ શરૂ કરવામાં તેમની ભૂમિકા સમગ્ર વિશ્વમાં સ્વીકારવામાં આવે છે. તેમની નીતિઓએ ભારતીય અર્થતંત્રને ઉદારીકરણ, વૈશ્વિકીકરણ અને ખાનગીકરણની દિશામાં લઈ જવાનું કામ કર્યું. તેમણે ૧૯૯૬ સુધી નાણામંત્રી તરીકે આર્થિક સુધારાનો અમલ ચાલુ રાખ્યો.

રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી કાયદો : ડો. મનમોહન સિંહની સરકારે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર ગેરંટી અધિનિયમ(મનરેગા) વર્ષ ૨૦૦૫માં રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં દરેક ગ્રામીણ પરિવારને ૧૦૦ દિવસની વેતન રોજગારની બાંયધરી આપે છે, લાખો લોકોની આજીવિકામાં નોંધપાત્ર સુધારો કરે છે અને ગ્રામીણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વધારો કરે છે.

માહિતી અધિકાર અધિનિયમ : વર્ષ ૨૦૦૫માં પસાર થયેલી માહિતી અધિકાર અધિનિયમ(આરટીઆઈ) નાગરિકોને જાહેર સત્તાવાળાઓ પાસેથી માહિતી મેળવવા માટે સશક્ત >> p6

ઈઝરાયેલે યમનમાં કરી જવાબી કાર્યવાહી, હુથી બળવાખોરોના લશ્કરી ઠેકાણાઓ પર કર્યો હવાઈ હુમલો

પશ્ચિમ કિનારે અલ-હુદાયદાહ, સલિફ અને રાસ કનાતિબ બંદરો પર કરાયો હુમલો

(આઝાદ સંદેશ) નવી દિલ્હી : ઈઝરાયેલી એરફોર્સે પશ્ચિમ કાંઠે અને યમનના આંતરિક ભાગમાં હુથી લશ્કરી લક્ષ્યો પર હુમલો કર્યો હતો. ઈઝરાયલ ડિફેન્સ ફોર્સિસ(આઈડીએફ)એ ગુરૂવારે જણાવ્યું હતું કે આ હુમલાઓ વડાપ્રધાન, સંરક્ષણ પ્રધાન અને ચીફ ઑફ જનરલ સ્ટાફની મંજૂરીથી કરવામાં આવ્યા હતા. આ હુમલાઓએ હુથી લશ્કરી માળખાને નિશાન બનાવ્યું, જેનો તેઓ તેમની લશ્કરી પ્રવૃત્તિઓ માટે ઉપયોગ કરી રહ્યા હતા. આઈડીએફ દ્વારા હુથી પોઝિશન્સ પર કરવામાં આવેલા હુમલામાં પશ્ચિમ કિનારે અલ-હુદાયદાહ, સલિફ અને રાસ કનાતિબ બંદરોનો સમાવેશ થાય છે. આઈડીએફએ અહેવાલ આપ્યો છે કે હુથી બળવાખોર શાસને ડ્રોન અને મિસાઈલ હુમલાઓ સહિત ઈઝરાયેલ પર વારંવાર હુમલા કર્યા છે. હુમલો કરાયેલા સ્થળોમાં સના ઈન્ટરનેશનલ એરપોર્ટ, હેઝિયાઝ અને રાસ ઈનાતિબ પાવર પ્લાન્ટનો સમાવેશ થાય >> p6

ઈઝરાયલની એરસ્ટ્રાઈકમાં માંડ માંડ બચ્યાં ડબ્લ્યુએચઓ પ્રમુખ

વિમાનમાં સવાર થવા જતાં હુમલો થયો, ફ્લાઈટના ક્રૂ મેમ્બર્સનો એક સભ્ય ઈજાગ્રસ્ત

ઈઝરાયલ દ્વારા યમનમાં કરાયેલી એરસ્ટ્રાઈકમાં વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન(ડબ્લ્યુએચઓ)ના ડિરેક્ટર જનરલ ટેડ્રોસ એદનોમનો આબાદ બચાવ થયો હતો. આ હુમલામાં બે લોકોના મોત થયા છે. ડો. ટેડ્રોસ સંયુક્ત રાષ્ટ્ર અને ડબ્લ્યુએચઓના સહયોગીઓ સાથે વિમાનમાં બેસવા જતા હતા અને એ જ સમયે ઈઝરાયલે હવાઈ હુમલા કરી દીધા. આ દરમિયાન ફ્લાઈટના ક્રૂ મેમ્બર્સનો એક સભ્ય ઈજાગ્રસ્ત થયો હતો. ડબ્લ્યુએચઓના ચીફ એદનોમે એક પોસ્ટમાં જણાવ્યું કે યુએનના સ્ટાફને બંધક બનાવી લેવાયા બાદ તેમને મુક્ત કરાવવા વાતચીત માટે અમે યમન ગયા હતા. ત્યાં સ્વાસ્થ્ય અને માનવીય સ્થિતિનું આકલન કરવાનું અમારું મિશન ખતમ થઈ ગયું. જ્યારે અમે ફ્લાઈટમાં બેસવા માટે પહોંચ્યા એરપોર્ટ પર બોમ્બમારો કરી દેવાયો. જેમાં અમારા વિમાનના ક્રૂ મેમ્બર્સમાંથી એક તેની લપેટમાં આવી ગયો હતો. આ મામલે યુએન સેક્રેટરી જનરલ એન્ટોનિયો ગ્યુટેરેસે હુમલાની આકરી ટીકા કરી અને ઈઝરાયલને આંતરરાષ્ટ્રીય કાયદાનું સન્માન કરવા હાકલ કરી હતી. આ સિવાય તેમણે ભારપૂર્વક કહ્યું કે નાગરિકો અને માનવતાવાદી વર્કરોને ક્યારેય નિશાન ન બનાવવામાં આવે.

પૂર્વ પીએમ મનમોહનસિંહના નિધનને પગલે સિકંદરનું ટીઝર રિલીઝ મોકૂફ

(આઝાદ સંદેશ) નવી દિલ્હી : સલમાન ખાનની ફિલ્મ સિકંદરનું ટીઝર આજે શુક્રવારે ભાઈજાનના બર્થ ડે પર રિલીઝ થવાનું હતું. ફેન્સ તેમના ટીઝરને લઈને ઘણા ઉત્સુક હતા. પરંતુ હવે તેની રિલીઝ કેન્સલ કરી દેવામાં આવી છે. પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહના નિધનને પગલે આ નિર્ણય લેવામાં આવ્યો છે. સિંકદર ફિલ્મ પ્રોડક્શન હાઉસ નડિયાદવાલા ગ્રેડસન એન્ટરટેનમેન્ટે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતાં જણાવ્યું કે પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહજીના નિધનથી અમે ઘણા દુખી છીએ અને અમે ખૂબ દુ:ખ સાથે જણાવી રહ્યા છીએ કે સિકંદરનું ટીઝર રિલીઝ મોકૂફ રાખવામાં આવ્યું છે. આ સાથે તેમણે ટીઝર હવે ક્યારે રિલીઝ થશે તેવી જાહેરાત પણ કરી હતી. મેકર્સે જણાવ્યું કે હવે ટીઝર કાલે ૨૮ ડિસેમ્બરે સવારે ૧૧.૦૭ વાગ્યે રિલીઝ થશે. અમારી સંવેદનાઓ રાષ્ટ્રની સાથે છે. અમને સમજવા માટે ધન્યવાદ. ઉલ્લેખનીય છે કે આ રહેલા મેકર્સ દ્વારા જાહેરાત કરવામાં આવી હતી કે આ ફિલ્મનું ટીઝર સલમાન ખાનના જન્મદિવસ પર રિલીઝ કરવામાં આવશે. ફિલ્મમાં સલમાન ખાનની સાથે રશ્મિકા મંદન્ના છે.આ ફિલ્મ આગામી વર્ષ ૨૦૨૫ માં ઈદ પર રિલીઝ થશે.

૨૬/૧૧ મુંબઈ હુમલાના કાવતરાખોર અબ્દુલ રહેમાન મક્કીનું મોત

જમાત-ઉદ-દાવાના ડેપ્યુટી ચીફ હાફિઝ સઈદના સંબંધી અને આતંકી સંગઠન લશ્કર-એ-તોયબાનો ડેપ્યુટી ચીફ અબ્દુલ રહેમાન મક્કીનું લાહોરમાં હાર્ટએટેકથી મોત

(આઝાદ સંદેશ) નવી દિલ્હી : ભારતમાં મુંબઈ હુમલાના કથિત માસ્ટરમાઈન્ડ અને પ્રતિબંધિત જમાત-ઉદ-દાવાના ડેપ્યુટી ચીફ હાફિઝ સઈદના સંબંધી હાફિઝ અબ્દુલ રહેમાન મક્કીનું આજે લાહોરમાં હૃદયરોગના હુમલાથી મોત થયું છે. આતંકી સંગઠન લશ્કર-એ-તોયબાનો ડેપ્યુટી ચીફ અબ્દુલ રહેમાન મક્કી પાકિસ્તાનના લાહોરમાં મૃત્યુ પામ્યાના અહેવાલ સામે આવ્યા છે. મળતી માહિતી મુજબ તેનું મોત હાર્ટ એટેકના કારણે થયું હતું. ૨૬/૧૧ના મુંબઈ હુમલાનો ગુનેગાર અબ્દુલ રહેમાન મક્કી આતંકી હાફિઝ સઈદનો સંબંધી છે. અમેરિકાએ મક્કીને વૈશ્વિક આતંકવાદી જાહેર કર્યો છે. તેને ભારતમાં વોન્ટેડ જાહેર કરાયો હતો. અબ્દુલ રહેમાન મક્કી લશ્કર-એ-તૈયબાના ટેરરફંડિંગનું ધ્યાન રાખતો હતો. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે ૧૨૬૭ આઈએસઆઈએલ (Da'esh) અને અલ કાયદાની પ્રતિબંધ સમિતિ હેઠળ મક્કીને વૈશ્વિક આતંકવાદી જાહેર કર્યો હતો. આ સાથે તેની સંપત્તિઓ પણ ફ્રીઝ કરવામાં આવી હતી. મુસાફરી પર >> p6

ખેડૂતોનું આંદોલન ઉગ્ર બને તેવી શક્યતા, સોમવારે પંજાબ બંધની યોજના

લઘુત્તમ ટેકાના ભાવ અને ખેડૂતોની અન્ય માંગણીઓને લઈને ખેડૂતોનું આંદોલન હવે વધુ ઉગ્ર બને તેવી શક્યતા : રસ્તાઓ અને રેલવે લાઈનો પર ચક્કા જામ કરાશે

(આઝાદ સંદેશ) નવી દિલ્હી : ખેડૂતોના આંદોલનને લઈને પંજાબ હરિયાણા બોર્ડર પર પોલીસ સાથે ઘર્ષણ ચાલુ છે. દરમિયાન લઘુત્તમ ટેકાના ભાવ અને ખેડૂતોની અન્ય માંગણીઓને લઈને ખેડૂતોનું આંદોલન હવે વધુ ઉગ્ર બની શકે છે કારણ કે ખેડૂત નેતાઓએ પંજાબ બંધનું આયોજન કર્યું છે. હવે ખેડૂત આગેવાનોએ આ આંદોલનને એક ડગલું આગળ લઈ જવાનો નિર્ણય કર્યો છે. કિસાન મઝદૂર મોરચા(કેએમએમ) અને સંયુક્ત કિસાન મોરચા (બિન-રાજકીય) (એસકેએમ-એનપી)એ ૩૦ ડિસેમ્બરે પંજાબ બંધની જાહેરાત કરી છે. ખેડૂત સંગઠનો દ્વારા બોલાવવામાં આવેલ આ બંધ સવારે ૭ થી સાંજના ૪ વાગ્યા સુધી અસરકારક રહેશે. જેના કારણે માર્ગ અને રેલ વ્યવહાર બંને ઠપ્પ થવાની ધારણા છે, જેની સીધી અસર રાજ્યના સામાન્ય લોકો પર પડી શકે છે અને તેમને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. પંજાબના બે ખેડૂત સંગઠનોના સંયોજક ખેડૂત નેતા સર્વન સિંહ પંઢેરે જણાવ્યું કે ખેડૂત સંઘના નેતાઓ સવારે ૭ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા સુધી રસ્તાઓ અને રેલવે લાઈનો પર ચક્કા જામ લગાવશે. સરકારી અને ખાનગી સંસ્થાઓને બંધ રાખવા વિનંતી છે. ખેડૂત નેતાએ કહ્યું કે એમ્બ્યુલન્સ, લગ્નના વાહનો અથવા કોઈ ગંભીર કટોકટીના કિસ્સામાં માત્ર ઈમરજન્સી વાહનોને જ પસાર થવા દેવામાં આવશે. તેમણે કહ્યું કે ગુરુદ્વારામાં લાઉડસ્પીકર દ્વારા બંધની જાહેરાત કરવામાં આવશે. અમે ધાર્મિક સંસ્થાઓને સંદેશ ફેલાવવામાં મદદ કરવા >> p6

સૌરાષ્ટ્ર કેસરી ગુરુ પ્રાણની અવતરણ ભૂમિ વેરાવળમાં રાષ્ટ્રસંત નમ્રમુનિ મ.સા. પ્રેરિત

નૂતન ધર્મ સ્થાનકનો ઉદ્દઘાટન સમારોહ ૨૯મી ડિસેમ્બરે યોજાશે

ગુરુ પ્રાણ પરિવારના પૂજનીય સંત-સતીજીઓ અને સમગ્ર સૌરાષ્ટ્રના સંઘોની ઉપસ્થિતિમાં ભવ્ય શોભાયાત્રા સાથે અનેકવિધ કાર્યક્રમો દ્વારા ગુરુ ગુણાંજલિ અર્પણ થશે

(આઝાદ સંદેશ), રાજકોટ : જૈનના નામે સમગ્ર ભારતમાં જિનશાસનની જયવંતી પ્રભાવના કરીને વિચરણ કરી રહ્યો છે બહોળો સંયમી પરિવાર એવા ગોંડલ સંપ્રદાયના પરમ પ્રતાપી પુરુષ સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પ્રાણલાલ મ.સા.ની અવતરણ ભૂમિ વેરાવળની ધરા પર રાષ્ટ્રસંત ગુરુદેવ નમ્રમુનિ મ.સા.ની પ્રેરણાથી સર્જાયેલા નૂતન ધર્મ સ્થાનકના ઉદઘાટન સમારોહનો અવસર ૨૯મી ડિસેમ્બર ૨૦૨૪ના દિવસે આયોજિત કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે આજથી ૭૫ વર્ષ પહેલાં ગુરુ પ્રાણની પ્રેરણાથી સર્જાયેલા ધર્મસ્થાનક બાદ આજના સમયની સ્થિતિ અને સંયોગોને લક્ષમાં રાખીને રાષ્ટ્રસંતની પ્રેરણાથી ૭૫ વર્ષ બાદ સર્જાયેલાં શેઠ સોભેચંદ કરસન ધર્મવત્સલા હેમાક્ષીબેન રમેશભાઈ જમનાદાસ શાહ જૈન ઉપાશ્રય, શાતાકારી અને શાંતિકારી એવા આ ધર્મસ્થાનકના ઉદઘાટન સમારોહ માટે ન માત્ર વેરાવળના ભાવિકોમાં પરંતુ સમગ્ર સૌરાષ્ટ્રના સંઘોમાં અનેરો ઉત્સાહ અને આનંદ વર્તાઈ રહ્યો છે. રાષ્ટ્રસંતના સાંનિધ્યે આયોજિત બે દિવસીય આ અવસરમાં સમગ્ર ગુરુ પ્રાણ પરિવારના પૂજનીય સંત-સતીજીઓની પાવન ઉપસ્થિતિ સાથે સમગ્ર સૌરાષ્ટ્રના સંઘો તેમજ અનેક ભાવિકો અનેક ક્ષેત્રોથી હજારો ભાવિકો ભક્તિભાવથી જોડાઈ જશે. બે દિવસીય આ અવસર અંતર્ગત તારીખ ૨૮મી ડિસેમ્બર સવારે ૦૯.૦૦ કલાકે વેરાવળના અનન્ય ગુરુભક્ત ભીખાલાલ નેમચંદ શાહ પરિવારના આંગણે વિનાયક એપાર્ટમેન્ટ, સ્વામિનારાયણ મંદિરની પાછળ, વેરાવળ - જૂનાગઢ હાઈ વે, વેરાવળ ખાતેથી અનેક વિવિધતાઓથી શોભતી ભવ્ય શોભાયાત્રા પ્રારંભ થઈને ગાજતી ગુંજતી, જયકાર ગજાવતી નૂતન ધર્મ સ્થાનકના દ્વારે પધારશે જ્યાં ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં ગુરુપ્રાણ ગુણ વંદનાવલી આદિ કાર્યક્રમની સાથે નૂતન ઉપાશ્રયનો ઉદઘાટન સમારોહ યોજાશે. એ સાથે જ, ૨૯મી ડિસેમ્બર રવિવાર સવારના ૯:૦૦ કલાકે સમગ્ર સૌરાષ્ટ્રના શ્રી સંઘોની ઉપસ્થિતિમાં સૌરાષ્ટ્ર કેસરી ગુરુ પ્રાણની ૬૮વિં પુણ્ય સ્મૃતિને અનુલક્ષીને એમના જીવન પર આધારિત એક હૃદયસ્પર્શી નાટિકાની પ્રસ્તુતિ 'મારા ગુરુ પ્રાણ' દ્વારા એમના ગુણોની સ્મૃતિને જીવંત કરવામાં આવશે. આ અવસરે પૂજ્ય સંત-સતીજીઓના શ્રીમુખેથી સુંદર ભાવો સાથે ગુરુ પ્રાણને ગુણાંજલિ શ્રદ્ધાંજલિ અર્પણ કરવા સાથે નૂતન ધર્મ સ્થાનકના નિર્માણમાં તન, મન ધનનું યોગદાન આપનારા ઉદારહૃદયા અને સેવાભાવી ભાવિકોને સન્માનિત કરવામાં આવશે. ૨૮મીના સ્વામી વાત્સલ્યનો લાભ ધર્મવત્સલા હેમાક્ષીબેન રમેશભાઈ જમનાદાસ શાહ, વંશ, પ્રણય, યુગ, પુંકિત શાહે લીધેલ છે. ૨૯મીના નવકારશીનો લાભ ધર્મવત્સલા વર્ષાબેન સુરેશભાઈ કંપાણી, વૃષ્ટિબેન કુણાલભાઈ ગોસાણી અને ધર્મવત્સલા બીનાબેન મુકેશભાઈ શાહ, ચેતનાબેન મહેન્દ્રભાઈ શાહ પરીવારે લીધેલ છે.સ્વામીવાત્સલ્યનું સ્થળ, સ્વામિનારાયણ મંદિર કેમ્પસ (બીએપીએસ મંદિર) વેરાવળ-જૂનાગઢ હાઈવે, વેરાવળ રાખવામાં આવેલ છે. નૂતન ધર્મસ્થાનકની અનુમોદના કરવા આ અવસરે દરેક ધર્મપ્રેમી ભાવિકોને પધારીને ધન્ય બનવા વેરાવળ સંઘ તરફથી ભાવભીનું આમંત્રણ આપવામાં આવ્યું છે.

જામકંડોરણા ગામે દિવ્યાંગજનો માટે એસેસમેન્ટ કેમ્પ યોજાયો

એસેસમેન્ટ કરી ૧૬૯ લાભાર્થીઓને આશરે ૧૫ લાખ રૂપિયાની સાધન સહાય અપાશે

(આઝાદ સંદેશ), રાજકોટ : રાજકોટ જિલ્લાના જામકંડોરણા તાલુકાના જામકંડોરણા ગામના સી.એચ.સી ખાતે એસેસમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કુલ ૨૯૬ લાભાર્થીઓએ અલગ અલગ પ્રકારની સેવાઓનો લાભ લીધો હતો. કેમ્પમાં સી.એસ.આર.(CSR) હેઠળ પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.(PGVCL) તથા ભારત સરકારની સ્કીમ ઓફ આસિસ્ટન્ટ ટુ ડિસેબલ્ડ પર્સન્સ ફોર પર્ચેઝ/ફિટીંગ ઓફ એઈડ/એપ્લાંયસ સ્કીમના માધ્યમથી એલીમ્કો કંપની દ્વારા અસ્થિ વિષયક ખામી, સાંભળવાની ક્ષતિ, અંધત્વ, સેરેબ્રલ પલ્સી વગેરે પ્રકારની દિવ્યાંગતા ધરાવતા લાભાર્થીઓ પૈકી સાધન સહાય મેળવવાની પાત્રતા મુજબની દિવ્યાંગતા ધરાવતા લાભાર્થીઓને ટ્રાયસિકલ, વ્હિલચેર, સ્માર્ટફોન, ફોલ્ડીંગ સ્ટીક સહિતના સહાયક ઉપકરણો ઉપલબ્ધ કરાવવા માટેના એસેસમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ કેમ્પમાં આધાર કાર્ડ, મતદાર યાદી, મતદાન જાગૃતિ, ઈ-કેવાયસી, આવકના દાખલા, , નશામુક્ત ભારત, યુ.ડી.આઈ.ડી.કાર્ડ કાઢવાનો સ્ટોલ, ઈ.એન.ટી. સ્ટોલ, ઓર્થો સ્ટોલ, એલીમ્કોનો સ્ટોલ, મેન્ટલ હેલ્થ સ્ટોલ સહીત સરકારની વિવિધ યોજનાના સ્ટોલનો લોકોએ લાભ લીધો હતો. આ કેમ્પ અન્વયે ૨૯૬ લાભાર્થીઓએ અલગ અલગ પ્રકારની સેવાઓનો લાભ લીધો હતો, જેમાં મેન્ટલ હેલ્થના ૩૬, ઈ.એન.ટી.ના ૧૨, ઓર્થોના ૬૮, ઓપ્થોમોલોજીસ્ટના ૨૭ , એલીમ્કો દ્વારા અન્ય ૧૬૯ લાભાર્થીઓ મળી કુલ ૨૯૬ દિવ્યાંગોના એસેસમેન્ટ કરી આશરે ૧૫ લાખ રૂપિયાની સાધન સહાય આપવામાં આવશે. આ કેમ્પ દરમિયાન ૭૩ નવા અને ૩૬ જુના લાભાર્થીઓ મળી કુલ ૧૦૯ લાભાર્થીઓએ યુ.ડી.આઈ.ડી.કાર્ડ કઢાવ્યા હતા. આ કેમ્પમાં નાયબ કલેકટર નાગાજણ.એમ.તરખાલા, મામલતદાર બી.પી.કતકપરા, રેવન્યુ વિભાગની ટીમ, આરોગ્ય વિભાગના કૃપાબેન જાની, પાર્થ ધોળકીયા, મહેશભાઈ ચૌહાણ, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી અલ્પેશભાઈ ગોસ્વામી, સમાજ કલ્યાણ વિભાગની ટીમ, પી.જી.વી.જી.સી.એલ.ના અધિકારીઓ સહીત ૮૦ જેટલા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

હેમુ ગઢવી હોલ અને બાલભવન ખાતે આજથી ૧ જાન્યુઆરી સુધી કલા મહાકુંભ યોજાશે

વિવિધ ૮ સ્પર્ધાઓમાં ઝોન કક્ષાના કલાકારો તેમની કલા રજૂ કરશે

(આઝાદ સંદેશ), રાજકોટ : ગુજરાત રાજ્યના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના વિભાગ રાજકોટ દ્વારા આજે તા.૨૭ ડિસેમ્બરથી તા.૦૧ જાન્યુઆરી સુધી ઝોન કક્ષાએ કલા મહાકુંભ કાર્યક્રમનું આયોજન થશે. આ કાર્યક્રમમાં એકપાત્રીય અભિનય, લોકનૃત્ય, ગરબા રાસ સહીત ૮ સ્પર્ધાઓ હેમુ ગઢવી હોલ અને બાલ ભવન ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં તા.૨૭/૧૨/૨૦૨૪ના રોજ સવારે ૦૯ કલાકે એકપાત્રીય અભિનય સ્પર્ધા હેમુ ગઢવી હોલના મુખ્ય સ્ટેજ ખાતે યોજવામાં આવશે. આ સ્પર્ધામાં ૬ થી ૧૯ વર્ષની વયના સ્પર્ધકો ભાગ લેશે. તા.૨૮/૧૨/૨૪ના રોજ હેમુ ગઢવી હોલના મુખ્ય સ્ટેજ ખાતે સવારે ૯.૩૦ કલાકથી ક્રમશઃ લોકનૃત્ય, ગરબા અને રાસ સ્પર્ધાનું આયોજન થશે. જેમાં ૬થી ૧૯ વર્ષના સ્પર્ધકો ભાગ લેશે. ઉપરાંત વક્તૃત્વ સ્પર્ધામાં હેમુ ગઢવી નાટ્યગૃહમાં ઝોન નં. ૧,૨,૪ના મુખ્ય સ્ટેજ ખાતે સવારે ૮.૩૦ વાગ્યે ૬થી ૧૪ વર્ષના સ્પર્ધકો, સવારે ૯.૩૦ કલાકે ઝોન નં.૩ના સ્ટેજ નંબર ૩માં સવારે ૧૧થી ૨૦વર્ષના સ્પર્ધકો અને સવારે ૮.૩૦ કલાકે ઝોન નં. ૫,૬,૭,૮ના મીની થીયેટર ખાતે ભાગ લેશે. તા.૨૯/૧૨/૨૪ના રોજ ૬ થી ૨૦ વર્ષના સ્પર્ધકો માટે ભરત નાટયમ સ્પર્ધામાં સવારે ૯ કલાકે હેમુ ગઢવી નાટ્યગૃહના મુખ્ય સ્ટેજ અને હાર્મોનિયમ સ્પર્ધા હેમુ ગઢવી નાટ્યગૃહના મીની થીયેટર ખાતે ૬ થી ૧૯ વર્ષના સ્પર્ધકો ભાગ લેશે. તા.૩૦/૧૨/૨૪ના રોજ હેમુ ગઢવી નાટ્યગૃહના મુખ્ય સ્ટેજ ખાતે સવારે ૯ કલાકે સમૂહગીત સ્પર્ધામાં ૬ થી ૨૦ વર્ષના સ્પર્ધકો, ૧૦ કલાકે યુગમ સંગીત સ્પર્ધામાં ૬ થી ૧૯ વર્ષના સ્પર્ધકો, બપોરે ૨ વાગ્યે લગ્નગીત સ્પર્ધામાં ૬ થી ૧૯ વર્ષના સ્પર્ધકો ભાગ લેશે. તા.૩૧/૧૨/૨૦૨૪ના રોજ સવારે ૯ કલાકે લોકગીત અને ભજન સ્પર્ધામાં હેમુ ગઢવી નાટ્યગૃહ ખાતેના ઝોન નં.૧,૨,૩,૪ના મુખ્ય સ્ટેજ ખાતે ૬થી ૧૪ વર્ષના સ્પર્ધકો અને ઝોન નં. ૫,૬,૭,૮ના મીની થીયેટર ખાતે ૧૫થી ૧૯ વર્ષના સ્પર્ધકો ભાગ લેશે. તા.૦૧/૦૧/૨૫ના રોજ સવારે ૧૦ કલાકે બાલભવનના ઝોન નં. ૧થી ૪માં ૬થી ૧૪ વર્ષના સ્પર્ધકો અને બપોરે ૧ કલાકે ઝોન નં.૫થી ૮માં ૧૫થી ૨૦ વર્ષના સ્પર્ધકો નિબંધ અને ચિત્રકલા સ્પર્ધામાં સ્પર્ધકો ભાગ લેશે. તેમ, જિલ્લા યુવા વિકાસ અધિકારી હિતેશ દિહોરાની યાદીમાં જણાવાયું છે.

રેડવુપ કેમિકલ્સને મુખ્યમંત્રી હસ્તે 'ઈમર્જીંગ ગુજરાત ૨૦૨૪'નો એવોર્ડ એનાયત

(આઝાદ સંદેશ), રાજકોટ : રેડવુપ કેમિકલ્સને ટીવી ૯ દ્વારા આયોજીત એવોર્ડ ફંકશનમાં મુખ્યમંત્રી હસ્તે 'ઈમર્જીંગ ગુજરાત ૨૦૨૪'નો એવોર્ડ એનાયત કરવામાં આવ્ય હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, રેડવૂપ કેમિકલ્સ પ્રા.લિ કંપની ૨૦૧૭માં શરૂ થઈ છે, જે બાંધકામ ઉદ્યોગમાં વપરાતા વિવિધ કેમિકલ્સો બનાવે છે જેવા કે, ટાઈલ્સ એન્ડ સ્ટોન એડહેસિવ્સ, વોટરપ્રૂફિંગ સોલ્યુશન, વોલ પુટ્ટી, એન્કર, ગ્રાઉટ્સ, કોંક્રીટ મિક્સર, ઔદ્યોગિક પેઈન્ટ અને ફ્લોરિંગ સિસ્ટમ્સ. આ વિશાળ રેન્જનો ઉપયોગ દરેક જાતના બાંધકામમાં થઈ શકે છે. અમદાવાદ ખાતે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ હસ્તે તેમજ ટીવી ૯ નાં મનીષ રાઠોડ, વિકાસ ઉપાધ્યાયની ઉપસ્થિતીમાં રેડવુપ કેમિકલ્સનાં મેનેજીંગ ડાયરેકટર મનિષ નાકરાણી, ડાયરેકટર સુરેશ પિપળીયા તેમજ મહેશ સાવલિયાને 'ઈમર્જીંગ ગુજરાત ૨૦૨૪'નો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

રાજકોટના દુધસાગર રોડ પર ૧૦૮ની ટીમે સફળ પ્રસુતિ કરાવી

(આઝાદ સંદેશ), રાજકોટ: રાજ્ય સરકાર દ્વારા તા.૨૫ ડિસેમ્બરના રોજ 'સુશાસન દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. આ સંદર્ભે સુશાસનનું શ્રેષ્ઠ ઉદાહરણ રાજકોટ ૧૦૮ સેવાએ પુરુ પાડ્યું હતુ. શહેરના દુધસાગર રોડ પર આવેલા જ્યોતિનગરમાં રહેતી સગભોને પ્રસુતિની પીડા ઉપાડતા ૧૦૮ સેવાને કોલ કરી મદદ માંગી હતી. ૧૦૮ની ટીમે તુરંત સ્થળે પહોંચી સગભોના સ્વાસ્થ્યની તપાસ કરી હતી. સગભો મમતાબહેન જયસ્વાલને પ્રસુતિની અસહ્ય પીડા થતી હોવાથી નવજાત શિશુનો જન્મ એમ્બ્યુલન્સમા કરાવવાની ફરજ હોવાથી ૧૦૮ના કર્મચારી ઈ.એમ.ટી પિયુષ પરમાર અને વિજય વાળાએ ડોક્ટરને ફોન કરી તેમની સૂચના મુજબ સફળતા પૂર્વક ૧૦૮માં જ પ્રસુતિ કરવી હતી. ત્યારબાદ માતા અને બાળક બંનેને રાજકોટ ESIC હોસ્પિટલ ખાતે વધુ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતાં, જ્યાં વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરતી 'સ્વસ્થ મહિલા શક્તિ' હેઠળ વધુ સારવારના લાભ મળે છે. સગભો માતા અને એમનાં પરિવારે સરકારની ૧૦૮ સેવાનો આભાર વ્યક્ત કર્યો હતો. આ રીતે ૧૦૮ સેવા એ ખરા અર્થમાં સુશાસન દિવસે સુશાસન વ્યવસ્થાનુ ઉદાહરણ આપી સફળ સુશાસન દિવસની દિવસની ઉજવણી કરી હતી.

નાસતા ફરતા આરોપીને કોર્ટમાં હાજર થવા ફરમાન

(આઝાદ સંદેશ), રાજકોટ : રાજકોટના થોરાળા પોલીસ સ્ટેશનમાં આરોપી અમીન ઉર્ફે મહેબુબ ઉર્ફે મેબલો અબુબભાઈ શાહમદાર રહે. ગેંજીવાડા શેરી નં.૧૨ની સામે ખોખડ પ્રોવિઝન સ્ટોરની સામે, રાજકોટ વિરુદ્ધ એન.ડી.પી.એસ. એક્ટ ૨૦ સી.બી. મુજબનો ગુનો નોંધાયો છે. આ આરોપી અમીન ઉર્ફે મહેબુબ ઉર્ફે મેબલો અબુબભાઈ શાહમદાર રખડતું - ભટકતું જીવન જીવતો હોવાથી મળી આવતો નથી, અને રાજકોટના જ્યુડીશીયલ ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટ એન.ટી.કારીયાની કોર્ટમાં હાજર રહેતો નથી, આથી સી.આર.પી.સી.ની કલમ ૮૨ મુજબ આરોપીને તેમના વિરુદ્ધની ફરિયાદનો જવાબ આપવા જ્યુડીશીયલ ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટે તેમની કોર્ટમાં ચાલતા કેસમાં કોર્ટ સમક્ષ હાજર રહેવા ફરમાન જારી કર્યું છે.

તળાજાના મીઠી વીરડી ગામે દરિયા કિનારાથી સિંહનો મૃતદેહ મળી આવ્યો

સિંહનું દરિયામાં ડૂબી જવાથી મૃત્યુ થયું હોવાનું પ્રાથમિક તારણ

(આઝાદ સંદેશ), ભાવનગર : વન્યજીવ રેન્જ, તળાજાના સ્ટાફને તા. ૨૪મી ડિસેમ્બર-૨૦૨૪ના રોજ પેટ્રોલિંગ દરમ્યાન ઉમરાળા રાઉન્ડની માથવડા બીટના મીઠી વીરડી ગામનાં દરિયા કિનારાથી અંદાજીત ૧૫૦ મીટર દરિયામાં વન્યપ્રાણી સિંહ નર ઉ.વ. અંદાજીત ૯ થી ૧૨ વર્ષનો મૃતદેહ મળી આવેલ હતો. સિંહના મળી આવેલ મૃતદેહ વિસ્તારની સંપૂર્ણ તપાસ અને સ્કેનિંગ બાદ સ્થળની નજીક કોઈ શંકાસ્પદ વસ્તુઓ કે અવશેષો/ચિન્હ મળી આવ્યાં ન હતા. ત્યારબાદ સિંહના મૃતદેહને પોસ્ટમોર્ટમ પરીક્ષણ માટે એનિમલ કેર સેન્ટર, ગેબર ખાતે ખસેડવામાં આવેલ અને વેટેનરી ઓફિસરો દ્વારા પેનલ પોસ્ટમોર્ટમ કર્યા બાદ વેટેનરી ઓફિસરો દ્વારા પ્રાથમિક તારણ પાણીમાં ડૂબી જવાથી સિંહનું મૃત્યુ થયેલ હોવાનું જણાવ્યુ છે. વધુ તપાસ અર્થે મૃત્યુ થયેલ વન્યપ્રાણીનાં સેમ્પલ એફ.એસ.એલ.માં મોકલવામાં આવ્યાં છે. જેની જાણ તમામ સિંહ પ્રેમીઓ તેમજ જાહેર જનતાને થવા શેત્રુંજી વન્યજીવ વિભાગના નાયબ વન સંરક્ષકની અખબારી યાદીમાં જણાવાયું છે.

ભાગતા ફરતા આરોપીને કોર્ટમાં હાજર થવા ફરમાન

(આઝાદ સંદેશ), રાજકોટ : રાજકોટના થોરાળા પોલીસ સ્ટેશનમાં બ્રિજેશકુમાર મથુરપ્રસાદ પાલ રહે. બાપુનગર શેરી નં.૦૪, કાંટા પાસે ઘશ્યામ ઈન્ડસ્ટ્રીઝ રાજકોટ વિરુદ્ધ અનૈતિક વેપાર પ્રતિબંધ અધિનિયમની કલમ ૩,૪,૫ મુજબનો ગુનો નોંધાયો છે. આ આરોપી રખડતું- ભટકતું જીવન જીવતો હોવાથી મળી આવતો નથી અને રાજકોટના જ્યુડીશીયલ ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટ એન.ટી.કારીયાની કોર્ટમાં ચાલતા કેસમાં હાજર રહેતો નથી. આથી સી.આર.પી.સી.ની કલમ ૮૨ મુજબ, કોર્ટમાં કેસના આરોપી બ્રિજેશકુમાર મથુરપ્રસાદ પાલને તેમના વિરુદ્ધની ફરિયાદનો જવાબ આપવા જ્યુડીશીયલ ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર રહેવા ફરમાન જારી કરાયું છે.

નિફ્ટી ફ્યુચર ૨૪૦૦૮ પોઈન્ટ ઉપર તેજી યથાવત રહેશે..!!



નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808

- તા.૨૬.૧૨.૨૦૨૪ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ ૨૩૭૪૮ પોઈન્ટ :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૨૩૮૭૯ પોઈન્ટના પ્રથમ અને ૨૪૦૦૮ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૩૬૭૬ પોઈન્ટ થી ૨૩૬૦૬ પોઈન્ટ,૨૩૫૭૦ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૨૪૦૦૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!
- તા.૨૬.૧૨.૨૦૨૪ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ ૫૧૫૭૪ પોઈન્ટ :- આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૫૧૩૦૩ પોઈન્ટ પ્રથમ અને ૫૧૧૮૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૫૧૮૦૮ પોઈન્ટ થી ૫૧૬૩૯ પોઈન્ટ,૫૨૦૦૮ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. બેન્ક નિફ્ટી ફ્યુચરમાં ૫૧૩૦૩ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક.....

- ટાટા કોમ્યુનિકેશન (૧૭૩૭) :- ટાટા ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૭૦૭ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૬૮૬ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૭૫૩ થી રૂ.૧૭૬૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે...!! રૂ.૧૭૭૭ ઉપર તેજી તરફી ધ્યાન...!!
- ભારતી એરટેલ (૧૬૦૧) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૫૮૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ!! રૂ.૧૫૬૩ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૬૨૩ થી રૂ.૧૬૩૦ ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!
- બાટા ઈન્ડિયા (૧૩૪૯):- રૂ.૧૩૨૦ નો પ્રથમ તેમજ રૂ.૧૩૦૩ બીજા સપોર્ટથી ફ્રૂટ વેર સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૩૬૬ થી રૂ.૧૩૮૦ સુધીની તેજી તરફી રુખ નોંધાવશે...!!
- આઈસીઆઈસીઆઈ બેન્ક (૧૨૯૭) :- પ્રાઈવેટ બેન્ક સેક્ટરનો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૧૩૧૩ થી રૂ.૧૩૨૦ ના ભાવની સંભાવના ધરાવે છે!! અંદાજીત રૂ.૧૨૭૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!!
- રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (૧૨૧૫) :- રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૧૧૯૦ સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક રિફાયનરી એન્ડ માર્કેટિંગ સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૧૨૩૩ થી રૂ.૧૨૪૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ...!!!
- લ્યુપીન લીમીટેડ (૨૧૮૫) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્માસ્યુટિકલ સેક્ટરનો આ સ્ટોક રૂ.૨૨૦૮ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૨૧૬૭ થી રૂ.૨૧૩૩ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૨૨૩૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો..!!
- એચસીએલ ટેકનોલોજી (૧૮૯૨):- રૂ.૧૯૧૯ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૯૨૪ ના સ્ટોપલોસે વેચવાલાયક..!! તબક્કાવાર રૂ.૧૮૭૭ થી રૂ.૧૮૬૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૧૯૩૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!
- એસબીઆઈ લાઈફ (૧૪૦૫) :- લાઈફ ઈન્સ્યુરન્સ સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૪૫૦ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૧૩૮૮ થી રૂ.૧૩૭૩ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો...!!
- ઓરબિંદો ફાર્મા (૧૨૫૬) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્માસ્યુટિકલ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૨૮૮ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૨૩૩ થી રૂ.૧૨૧૭ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૩૦૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!!
- અદાણી પોર્ટસ (૧૨૪૦) :- રૂ.૧૨૬૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૨૭૦ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક રૂ.૧૨૨૩ થી રૂ.૧૨૦૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૧૨૭૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!

છાંસીયા ગામમાં ઈજાગ્રસ્ત ગૌવંશને સારવાર આપીને પીડામાંથી મુક્તિ અપાઈ

(આઝાદ સંદેશ), રાજકોટ : ગત તા. ૨૩ ડિસેમ્બરના રોજ જસદણ તાલુકાના છાંસિયા ગામે એક વાછરડી ફ્રેક્ચરથી પીડાતી હતી. ખેડૂત દ્વારા ૧૯૬૨ એનિમલ હેલ્પલાઈનમાં ફોન થી જાણ કરવામાં આવી હતી. કોલ મળતાની સાથે ડો. દાનીશ બાદી પશુ એમ્બ્યુલન્સ (MVD) સાથે સ્થળ પર સમયસર પહોંચીને તેને યોગ્ય સારવાર આપી હતી. વાછરડીને યોગ્ય અને સમયસર સારવાર મડતા તે પીડામાંથી મુક્ત થઈ હતી.આમ, ટીમે સારવાર કરીને ગૌવંશને પીડામાંથી મુક્તિ આપી હતી. પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર પરેશભાઈ અને પ્રોજેક્ટ મેનેજર પ્રિયાંકભાઈ તેમજ સ્થાનિકોએ સરાહનીય કામગીરી બદલ ટીમને બિરદાવી હતી, તેમ એનિમલ હેલ્પલાઈનની યાદીમાં જણાવાયું છે.

પુર્વ કેબીનેટ મીનીસ્ટર મનસુખભાઈ જોષીનો આજે ૯૨મો જન્મદિવસ

(આઝાદ સંદેશ),રાજકોટ: ગાંધી વિચારને વરેલા બાલભવન અને મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી મનસુખભાઈ જોષીનું આજરોજ તા.૨૭ના રોજ ૯૨માં વર્ષમાં પ્રવેશી રહ્યા છે. તેમનો આજે જન્મદિવસ છે. તેઓ આજે પણ રાષ્ટ્રીય શાળાના પ્રમુખ, સરદાર પટેલ સ્મારક ટ્રસ્ટ, કબા ગાંધીના ડેલો, ભારત સમાજસેવક, રાષ્ટ્રભાષા પ્રચાર સમીતી-વર્ધા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ, બબલભાઈ મહેતા નેત્ર રક્ષા ટ્રસ્ટ, નુતન સર્વોદય સોસાયટી, જનતા ક્રેડીટ સોસાયટી, રાજકોટ કોમર્શીયલ કો.ઓ.બેંક, સીટીઝન કો.ઓપ.બેંક વગેરે સંસ્થાઓ સાથે સક્રીય રહીને યોગદાન આપી રહ્યા છે. રાજકોટ શહેરના સુધરાઈના પ્રમુખ, રાજકોટના ધારાસભ્ય, ગુજરાત રાજ્ય સરકારના શ્રમરોજગાર અને ગૃહ નિર્માણ ખાતાના કેબીનેટ મંત્રી તરીકે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ તરીકે સક્રીય રહીને સેવા આપેલ છે. એક્સ એમએલએ કાઉન્સીલના સ્થાપક તેમજ વિશ્વ ગુજરાતની સમાજના સ્થાપક રહ્યા છે. ગુજરાતની સામાજિક, રાજકીય, સહકારી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા મનસુખભાઈ જોષીને તેમના મો.નં.૯૮૭૫૨ ૨૯૯૦૦ પર જન્મદિવસ નિમિત્તે શુભેચ્છા વર્ષા થઈ રહી છે.

Vi ગુજરાતમાં 4G વોઈસ એપ, ગેમિંગ અને ડાઉનલોડ સ્પીડ અનુભવ માટે ટોચની પ્રોવાઈડરઃ ઓપનસિગ્નલ રિપોર્ટ

વ્યાપક નેટવર્ક વિસ્તરણ અને L900, L2100 અને L2500 સ્પેક્ટ્રમ પર વધેલી 4G ક્ષમતાએ વધુ સારા ઈનડોર કવરેજ અને તેજ ડેટા સ્પીડની સાથે વપરાશકારોના અનુભવમાં સુધારો કર્યો

(આઝાદ સંદેશ), રાજકોટ : અગ્રણી ટેલિકોમ ઓપરેટર વોડાફોન આઈડિયા (Vi)એ આજે જાહેરાત કરી છે કે તેમને ઓપનસિગ્નલના 4G નેટવર્ક એક્સપિરિયન્સના રિપોર્

બોગસ દસ્તાવેજ કૌભાંડનો મુખ્ય સૂત્રધાર હર્ષ સોની ઝડપાયો દસ દિવસના રિમાન્ડની માંગણી સાથે કોર્ટમાં રજૂ કરાશે

સબરજિસ્ટ્રાર કચેરીમાં ૧૭ કિંમતી મિલકતોના બોગસ દસ્તાવેજ બની ગયા અંગેની ફરિયાદ પ્ર-નગર પોલીસ મથકમાં નોંધાયા બાદ કમ્પ્યુટર ઓપરેટર જયદીપ ઝાલાની ધરપકડ થતાં પૂછપરછમાં સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો'તો : પ્ર-નગર પોલીસે તપાસ દરમિયાન હર્ષને અમદાવાદથી દબોચી લીધો : કૌભાંડમાં એડવોકેટ કલ્પેશ જમીન શોધી હર્ષને કામ આપતો હોય તેના દસ્તાવેજ સાથે જયદીપ ચેડાં કરી કૌભાંડ આચરતો'તો

(આઝાદ સંદેશ),રાજકોટઃ રાજકોટની જૂની કલેક્ટર કચેરીમાં આવેલી ઝોન-૧ સબ રજીસ્ટ્રાર કચેરીમાં નોંધાયેલા ૧૭ જેટલા દસ્તાવેજોમાં ચેડાં કરવાનાં મસમોટા કૌભાંડનાં માસ્ટર માઈન્ડ શખસને પ્ર.નગર પોલીસે અમદાવાદથી ઝડપી લેતા અનેક મોટા ખુલાસા થવાની સંભાવના છે.

મળતી માહિતી મુજબ આ કૌભાંડમાં આ અગાઉ પોલીસે ઝોન-૧ સબ રજીસ્ટ્રાર કચેરીમાંકોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવતાં જયદીપ ઝાલાને ઝડપી લઈ તેને રિમાન્ડ પર લઈ પુછપરછ કરતાં હર્ષ સોની ઉપરાંત કિશન ચાવડા નામનાં વકીલનં નામ બહાર આવ્યું હતું. જો કે આ બંને આરોપીઓ ભાગી જતાં હાથમાં આવ્યા ન હતાં. પ્ર.નગર પોલીસ સહિતની ટીમો આ બંને આરોપીઓની શોધખોળ કરતી હતી તેવામા તપાસ કરનાર પી.આઈ. પી.આર. ડોબરીયાને હર્ષ સોની હાલ અમદાવાદમાં હોવાની ચોક્કસ માહિતી મળતાં તેને ઝડપી લઈ રાજકોટ લાવી ધનિષ્ઠ પુછપરછ શરૂ કરી છે. પ્રાથમિક પુછપરછ બાદ પોલીસે જણાવ્યું કે, હર્ષ સોની પણ અગાઉ ઝોન- ૧ સબ રજીસ્ટ્રાર કચેરીમાં ફરજ બજાવતો હતો. પ્રાથમિક પુછપરછમાં તે એમ કહી રહ્યો છે કે, હાલ વોન્ટેડ આરોપી કિશન ચાવડા જ દસ્તાવેજોનાં કામો લઈને આવતો હતો. જેના પરથી કોમ્પ્યુટર ઓપરેટર જયદીપ ઝાલા કચેરીમાંથી ઓરીજીનલ દસ્તાવેજો, તેની સ્કેન કરેલી કોપી વગેરે લઈ આવતો હતો.

આ કૌભાંડમાં લોકેશન પ્રમાણે અને જમીનની કિંમત પ્રમાણે તેને પૈસા મળતા હતાં. અમુક કેસોમાં તેનેરૂા ૩ લાખ તો અમુક કેસમાં તેને રૂા ૬ લાખ સુધીની રકમ મળી હતી. હવે પોલીસ ખરેખર હર્ષ સોનીને આકૌભાંડ થકી કેટલી રકમ મળી હતી તેની તપાસ કરી રહી છે. તેનાં ઉપરાંત જયદીપ ઝાલા અને કિશન ચાવડા સિવાયનાં બીજા કોઈ આરોપીઓની સંડોવણી છે કે કેમ તેની પણ તપાસ કરી રહી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં છેલ્લાત્રણેક વર્ષથી આ કૌભાંડ ચાલતું

હોવાનું બહાર આવ્યું છે.

જો કે પોલીસનું કહેવું છે કે, જે જમીનનાં દસ્તાવેજોમાં ચેડા થયા હતા તેનાં આધારે કોઈ જમીનનો સોદો થયો હોય તેવી કોઈ માહિતી મળી નથી. આરોપી હર્ષ સોનીની આવતીકાલે રિમાન્ડની માંગ સાથે કોર્ટમાં રજૂ કરાશે. રિમાન્ડ દરમિયાન અનેક નવા અને ચોંકાવનારા ખુલાસા થવાની શક્યતા છે. હર્ષ સોની ફરિયાદ નોંધાયા બાદ મુંબઈ, નાથદ્વારા, અમદાવાદ રહેતો હતો. એટલું જ નહીં અમદાવાદ અને મુંબઈ વચ્ચે મુખ્યત્વે આંટા ફેરા કરતો હતો. ઉલ્લેખનીય છે કે, જે તે વખતે આ કૌભાંડ બહાર આવ્યા બાદ પ્ર.નગર પોલીસે માસ્ટર માઈન્ડ હર્ષ સોનીનાં બીલખા પ્લાઝા બિલ્ડિંગમાં ભાડે રાખેલા ફલેટમાં દરોડો પાડતાં ત્યાંથી અનેક દસ્તાવેજો, તેની ઝેરોક્ષ કોપી, ડૂપ્લીકેટ સિક્કા અને તેને બનાવવાનું મશીન મળી આવ્યું હતું.

ગેમઝોન અગ્નિકાંડના મુખ્ય આરોપી પૂર્વ ટીપીઓ સાગઠિયાની રૂ.૨૩.૧૫ કરોડની મિલકતો ટાંચમાં લેવાશે

એસીબી દ્વારા તપાસ દરમિયાન અપ્રમાણસર મિલકત મળી આવતા સરકારમાં કરેલી દરખાસ્ત મંજૂર કરવામાં આવી

(આઝાદ સંદેશ), રાજકોટઃ રાજકોટના મોકાજી સર્કલ પાસે આવેલ ટીઆરપી ગેમઝોનમાં ૨૫ મેંના રોજ લાગેલી ભીષણ આગમાં ૨૭ નિર્દોષ લોકો જીવતા ભૂંજાઈ ગયા હતા આ અગ્નિકાંડ કેસના સાત મહિના બાદ ભ્રષ્ટ અધિકારીઓની મિલકતો ટાંચમાં લેવા સરકારે દરખાસ્ત ઉપર મંજુરીની મહોર લગાવી છે રાજકોટ અગ્નિકાંડના મુખ્ય આરોપી અને એસીબીના અપ્રમાણસર મિલકતના નોંધાયેલા ગુનામાં પૂર્વ ટીપીઓની ૨૩.૧૫ કરોડની મિલકતો ટાંચમાં લેવા એસીબીએ રાજ્ય સરકારમાં કરેલી અરજી મંજુર કરવામાં આવી છે રાજકોટના ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ કેસમાં ગંભીર બેદરકારી દાખવનાર મનપાના પૂર્વ ટીપીઓ મનસુખ સાગઠીયા પાસેથી કારકિર્દીના એપ્રિલ ૨૦૧૨થી ૩૧ મેં ૨૦૨૪ એટલે કે ૧૩ વર્ષ દરમિયાન આવક કરતા ૧૩ કરોડ ૨૩ લાખ ૧૭ હજાર ૩૫૯ રૂપિયાની વધુ મિલકત મળી આવતા તેના વિરૂદ્ધ ૧૯ જુન ૨૦૨૪ના રોજ રાજકોટ એસીબીમાં અપ્રમાણસર મિલકતનો ગુનો નોંધાયો હતો એસીબીએ ધરપકડ કરી રિમાન્ડ મેળવી તપાસ હાથ ધરી હતી.

દરમિયાન સાગઠીયા અને તેના પરિવારના નામે પેટ્રોલ પંપ, ગોડાઉન, હોટલ, ફાર્મહાઉસ, જમીન, અમદાવાદમાં બંગલો, રાજકોટમાં બંગલો, ૮ વિદેશ પ્રવાસ અને છ વાહન હોવાનું સામે આવ્યું હતું. આ તમામ મિલકત પોતે હોદાનો દુરુપયોગ કરી ખોટી રીતે વસાવી હોવાનું જાણવા મળ્યું હતું જે અંગે તપાસનીશ અધિકારી એસીબી પીઆઈ એમ એમ લાલીવાલાએ ધોરણસરની કાર્યવાહી કરી હતી દરમિયાન બેનામી સંપતિ ટાંચમાં લેવા અંગે એસીબી દ્વારા રાજ્ય સરકારમાં અરજી કરવામાં આવી હતી જેમાં સરકારે મંજુરીની મહોર મારી ૨૩.૧૫ કરોડની મિલકતો ટાંચમાં લેવા હુકમ કર્યો છે.

પીઆઈ લાલીવાલાએ જણાવ્યું હતું કે સોખડામાં જય પાબારી પેટ્રોલ પંપ, સોખડામાં ૩ ગોડાઉન, ગોમટામાં જય પાબારી પેટ્રોલ પંપ, ગોમટામાં હોટલ અન્ડર કન્સ્ટ્રકશન, ગોમટામાં ફાર્મ હાઉસ, ગોમટામાં ખેતીની જમીન, ચોરડીમાં ખેતીની જમીન, શાપરમાં ગેસ ગોડાઉન, પડધરીના મોવૈયામાં બાલાજી ગ્રીનપાર્કમાં પ્લોટ, રાજકોટના યુનીવર્સીટી રોડ પર અનામિકા સોસાયટીમાં અંદર કન્સ્ટ્રકશન બંગલો, માધાપર ખાતે આસ્થા રેસીડેન્સીમાં ટેનામેન્ટ, અમદાવાદ અદાણી શાંતિગ્રામ ટાઉનશીપમાં બે બંગલો સહિતની મિલકતો સાગઠીયાએ પોતાના અને પોતાના પરિવારના નામે વસાવી હોય તમામ મિલકતો ટાંચમાં લેવામાં આવશે કોઈ પ્રોપર્ટીમાં ભાગીદારી હશે તો તેની ભાગીદારી પ્રમાણેનો હિસ્સો ટાંચમાં લેવામાં આવશે.

મહત્વનું છે કે, અગાઉ જ્યારે ઘટના બની ત્યારબાદ આ પ્રકરણની તપાસ હાથ ધરવામાં આવી હોય તે દરમિયાન ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ કેસમાં મનપાના પૂર્વ ટીપીઓ એમ ડી સાગઠીયાની કચેરીમાંથી જ ધરપકડ કરવામાં આવી હતી આ બાંધકામ ગેરકાયદે હોય પોતે જાણતો હોવા છતાં ડીમોલેશનની કામગીરી કરી ન હતી અને પરિણામ સ્વરૂપે અગ્નિકાંડ સર્જાયો હતો તે દરમિયાન કાયદાથી બચવા પોતે બોગસ મીનીટસ બૂક પણ બનાવી હતી.

૩૧મી ડિસેમ્બરે દારૂની રેલમછેલ થાય તે પૂર્વે જ ચોટીલા પોલીસની મોટી કામગીરી

નાની મોલડી પાસેથી રૂ.૬૫.૨૯ લાખનો ૯૩૫ પેટી અંગ્રેજી દારૂનો જંગી જથ્થો ઝડપી લેવાયો

ચાલુ કટીંગે જ ચોટીલા પોલીસ ત્રાટકીઃ દારૂ, બોલેરો, ટ્રેલર ટ્રક સહિત રૂ.૯૦.૩૧ લાખનો મુદ્દામાલ કબ્જે કરાયોઃ એકની ધરપકડ :૧૦ શખ્સો સામે ગુનો દાખલ

(આઝાદ સંદેશ), રાજકોટ : ચોટીલા પંથક જાણે ઈંગ્લીશ દારૂનાં કટીંગ વેચાણનું હબ હોવાની માફક દારૂ ઝડપાય છે. ચાર દિવસ પૂર્વે વિજીલન્સની ટીમે ૪૫૦ પેટી જેટલો જથ્થાનું ચાલુ કટીંગ પકડી પાડેલ, ફરી ગત રાત્રીનાં નાની મોલડી ગામની નજીકમાં ચાલું કટીંગ ઉપર ચોટીલા પોલીસે દરોડો પાડતા દોડધામ મચી હતી અને રૂ.૬૫.૨૯ લાખનો ૯૩૫ પેટી, ટ્રેલર ટ્રક અને બોલરો પીક અપ મળી કુલ રૂ. ૯૦.૩૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરી તપાસ આદરેલ છે.

મળતી માહિતી મુજબ ચોટીલા પોલીસ મથકના પીએસઆઈ એચ. જી. ગોહિલ હર્ષવધન ગોહિલ, હરપાલસિહ ગોહિલ, બી. એન. દિવાન તથા સ્ટાફના,ભરતભાઈ, દિલીપસિંહ ડોડીયા, વલ્લભભાઈ ખટાણા, ભરતભાઈ તરગટા, દિલીપભાઈ ચાવડા સહિતનાં સ્ટાફની ટીમે કોમ્બીંગ નાઈટ રાઉન્ડમાં ફરતા હતા. તે દરમ્યાન રાત્રીના ૨.૩૦ ના અરસામાં ધનરાજસિંહ વાઘેલા અને સરદારસિંહ બારડને ખાનગી રાહે સંયુક્ત હકિકત મળેલ કે નાની મોલડી ગામની પાછળ ઉતર બાજુની સીમમાં જાનીવડલા ગામ તરફ જવાના નેવારી જેવા કાચા રસ્તા ઉપર બોટાદ જિલ્લાનાં ખાંભા ગામનો મુનાભાઈ અમકુભાઈ ખાચર તેમના કેટલાક કેટલાક મળતીયા સાથે ઈંગ્લીશ દારૂની હેરાફેરી અને કટીંગ કરે છે.

બાતમીના આધારે સરકારી તથા ખાનગી વાહનોમાં જાનીવડલાથી નાનીમોલડી તરફ હકિકત વાળી જગ્યા થી થોડા દૂરનાં અંતરે ઉભા રહી જોતા એક ટ્રેલર ટ્રક અને બોલરો પીક અપ ઠાઠા મારીને ઉભી હતી અમુક લોકો ટ્રેઈલરમાંથી બોક્સ ઉતારી પીક અપ માં ભરતા હતા હતા તે સમયે જ પોલીસ ત્રાટક્તા અફડાતફડી નાસભાગ મચી ગયેલ અંધારામાં લોકો નાસી છુટયાં હતા જો કે પોલીસના હાથે એક ઈસમ પકડાઈ ગયેલ હતો.

દરોડામાં દારૂ ભરેલ એક પંજાબ પાસિંગનું મોટું ટ્રેલર ટ્રક, બોલેરો પીક અપમાંથી કુલ ૯૩૫ પેટી ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂ બોટલ નંગ ૨૪૦૬૦ કિં. રૂ.૬૫.૨૯ લાખ, તથા ૧ મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૯૦.૩૧.૮૫૬ પુરાનો મુદ્દામાલ તેમજ કાયદાના સંઘર્ષમાં આવેલ એક કિશોર મળી આવતા ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી

આ ગુનામાં ચોટીલા પોલીસમાં બોટાદ જિલ્લાનાં બરવાળા તાલુકાનાં ખાંભડા ગામનાં મુનાભાઈ અમકુભાઈ ખાચર, કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર, રણજીતભાઈ મનુભાઈ સાંથળીયા, કિશોરભાઈ વિજાભાઈ સાંથળીયા, વિશાલ કોળી, સુરેશભાઈ મારવાડી, ટ્રેલર ટ્રકનો ચાલક અને માલિક, બોલેરોનો ચાલક અને માલિક, દારૂનો જથ્થો મોકલનાર, તેમજ જથ્થો ઉતારવા આવનાર માણસો તથા તપાસમાં ખુલે તે તમામ વિરૂદ્ધ ગુનો નોંધાવી તપાસનાં ચક્રો ગતિમાન કર્યા છે.

જેતપુરમાં જંતુનાશક દવાના ધંધાર્થીના ઘરે બેલડીએ ત્રાટકી રૂપિયા ૧.૪૪ લાખની ચોરીને અંજામ આપ્યો

પરેશભાઈ હીરપરા (ઉ.વ.૩૬) પરિવાર સાથે વતન ગયા હોય જેનો તસ્કરોએ લાભ લીધો : સીસીટીવીના આધારે ભાળ મેળવી તપાસનો ધમધમાટ

(આઝાદ સંદેશ), રાજકોટ : જેતપુરમાં જંતુનાશક દવાના ધંધાર્થીના ઘરમાં ત્રાટકેલા ચોરટાઓ રૂ.૧.૪૪ લાખના દાગીના-રોકડની ચોરી કરી નાસી છૂટ્યા હતાં. બનાવમાં સીસીટીવીમાં કેદ થયો હતો. બે શખ્સો ચોરીને અંજામ આપી નીકળતા જોવા મળતા પોલીસે તપાસનો ધમધમાટ આદર્યો હતો. મળતી માહિતી મુજબ જેતપુરમાં અમરનગર રોડ પર વેફરીયાનગરમાં શ્યામવાડી વાળી શેરીમાં રહેતાં પરેશભાઈ ચંદુભાઈ હીરપરા (ઉ.વ.૩૬) એ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમના પરીવારમાં પત્નિ અને એક પુત્ર-પુત્રી છે. તેઓને જેતપુર બોખલા દરવાજા, રામકૃપા ડેરીની સામે આદર્શ એગ્રો સેન્ટર નામની રાસાયણીક દવાઓની દુકાન ભાગીદારીમાં ચલાવે છે.

ગઈ તા.૨૨ ના સવારના સમયે તેઓ પરીવાર સાથે ગોંડલના મેવાસા ગામે કુટુંબમાં દાદીનું અવસાન થતા ગયેલ હતાં. ત્યાંથી તેઓ પરીવાર સાથે ગઈકાલે સવારે પોતાના ઘરે આવેલ ત્યારે ઘર બહાર ડેલીએ તાળુ મારેલ હતું. તે તાળુ ખોલી અંદર મકાનના મુખ્ય દરવાજે જોયુ તો, દરવાજા પર મારેલ તાળુ તોડી નાંખેલ હતું.દરવાજામાં ડોર લોક (સેન્ટ્રલ લોક) હતો તે પણ કોઈ વસ્તુથી તોડી નાંખેલ હતો. જેથી ઘરમાં ચોરી થયાનું સામે આવ્યું હતું. ઘરમાં તપાસ કરતા બેડરૂમનો દરવાજો પણ તુટેલ હતો અને તે રૂમમાં રાખેલ કબાટનો લોક તોડી સામાન રૂમમાં વેર વીખેર પડેલ હતો.

કબાટમાં તપાસ કરતા તીજોરીમાંથી એક સોનાનો ચેઈન રૂ.૪૫ હજાર, સોનાનો પેંડલ સેટ રૂ.૪૫ હજાર, સોનાનું મંગળ સુત્ર રૂ.૩૦ હજાર, બે ચાંદીના સીક્કા, બે જોડી ચાંદીના સાંકળા, ચાંદીની ઝાંઝરી અને રોકડા રૂ.૨૦ હજાર મળી કુલ રૂ.૧.૪૪ લાખનો મુદ્દામાલ તેમાંથી ગાયબ હતો. જેથી કોઈ અજાણ્યા તસ્કરો ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી રૂ.૧.૪૪ લાખનો મુદ્દામાલ ઉઠાવી નાસી છૂટ્યા હતાં. બનાવ અંગે જેતપુર સીટી પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફુટેજના આધારે તસ્કરોની શોધખોળ આદરી હતી.

રાજકોટ યાર્ડના વેપારીનાં રૂ.૧.૮૮ લાખનાં મરચાં બારોબાર વેચી બે ભાઈઓની છેતરપિંડી

(આઝાદ સંદેશ),રાજકોટઃ જૂના માર્કેટ યાર્ડ પાછળ મંછાનગરમાં રહેતાં અને જૂના યાર્ડમાં સંતોષ વેજીટેબલ નામે શાકભાજીનો હોલસેલ વેપાર કરતા વેપારીના રૂા. ૧.૮૮ લાખની કિંમતના મરચા બોલેરો પીકઅપના ચાલક નવીન અમીલાલ સૈની અને વાહન માલીક તેના ભાઈ યોગેશ (રહે. બને રાજસ્થાન)એ યુ.પી. નહીં પહોંચાડી બારોબાર વેચી નાખી છેતરપિંડી કર્યાની બી-ડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

મળતી માહીતિ મુજબ વિજયભાઈ સોલંકી (ઉ.૩૪)એ વિજયભાઈએ પોલીસને જણાવ્યું કે તે અવાર-નવાર શાકભાજી અન્ય રાજ્યમાં ઓર્ડર પ્રમાણે મોકલે છે. જે રાજસ્થાનની શ્રી બાલાજી ટ્રાન્સપોર્ટ કંપનીના રામ શર્માનો સંપર્ક કરી ટ્રાન્સપોર્ટ મારફતે મોકલતા હતા. ગઈ તા. ૧૨/૧૦નાં યુપીનો સીતાપુરનો શબ્દ મંડીમાં દુકાન ધરાવનારે ફોન કરી ૩ ટન લીલા મરચાં મોકલાવવાનું કહેતા તેણે અલગ-અલગ વેપારીઓ પાસેથી ખરીદી કરી હતી.

આ ટ્રાન્સપોર્ટમાં મોકલવાનો હોવાથી તેણે રામ શર્માનો સંપર્ક કરતા તેણે ગાડી નહી હોવાનું કહી આરોપી યોગેશ સૈનીના નંબર વાહન નંબર વગેરે મોકલાવ્યા હતા. આથી તેણે કોલ કરતા ચાલક બોલેરો પીકઅપ લઈને આવ્યો હતો. ચાલકે પોતાનું નામ નવીન સૈની હોવાનું કહ્યું હતું. તેના વાહનમાં રૂા. ૧.૮૮ લાખની કિંમતના ૨૯૯૮ કિલો મરચા ભરી સીતાપુર શબ્દ મંડીમાં પહોંચવા જણાવ્યું હતું. વાહન નિકળતા તેણે સીતાપુર ફોન કરી વાહન નંબર સહિતની વિગતો આપી હતી. ત્યાર બાદ તા.૧૫નાં માલ મંગાવનારે મરચાની ગાડી પહોંચી નહીં - હોવાનું અને ડ્રાઈવરનો ફોન બંધ હોવાનું કહેતા તેણે રામ શર્માને ફોન કરી આ અંગે વાત કરતા તેણે તપાસ કરીને જણાવું તેમ કહ્યું હતું. થોડીવાર બાદ રામ શર્માએ તેને ફોન કરી જણાવ્યું કે, મે યોગેશ સાથે વાત કરતા તેણે 'તમારો માલ મે અને મારા ભાઈ નવીને બીજી જગ્યાએ વેચી દીધો છે, હવે પછી મરચા અને પૈસા બાબતે વાત કરવી નહી, નહીતર સારવટ નહી આવે' તેમ જણાવ્યું હતું. બાદમાં આ અંગે ફરિયાદ નોંધાવી હતી.

ગાળો બોલવાની ના પાડતા મહિલાને મારમાર્યાની ફરિયાદ

(આઝાદ સંદેશ), જામનગર : અહીં સીટી બી ડિવીઝન પોલીસ સ્ટેશનમાં મુમતાજબેન અબ્દુલભાઈ જેડા, ઉ.વ.૩૫, રે. બેડેશ્વર એકડેએક વિસ્તાર સરકારી દવાખાનાની બાજુમાં એ ફરીયાદ નોંધાવી છે કે, તા.૨૫-૧૨-૨૦૨૪ ના ફરીયાદી મુમતાજબેનના ઘર પાસે આરોપી કાદરભાઈ આમદભાઈ કકલ અવાર નવાર ભુંડીગાળો આપતો હોય જેથી ફરીયાદી મુમતાજબેને ગાળો બોલવાની ના પાડતા આરોપી કાદરભાઈ એકદમ ઉશ્કેરાઈ જઈ ઢીકાપાટુ નો માર મારી અને ડાબા હાથની ત્રીજી આંગળીમા તથા કમરના મણકાના ભાગે ફ્રેકચર જેવી ઈજા કરી તેમજ માથાના ભાગે ડાબી બાજુ મુઢ ઈજા કરી ધાક ધમકી આપી નાશી જઈ ગુનો કરેલ છે.

મવડી બાયપાસ પાસે કાર રિવર્સ લેતી વખતે હડફેટે લેતા યુવાનનાં મોત મામલે ચાલક સામે નોંધાયો ગુનો

(આઝાદ સંદેશ),રાજકોટઃ મવડી બાયપાસ રોડ પર રામધણ આશ્રમ પાસે સંસ્કાર સીટીમાં રહેતા ધર્મેન્દ્રભાઈ ઉર્ફે વિમલભાઈ રૈયાણી (ઉ.વ.૩૬) એપાર્ટમેન્ટના પાર્કિંગમાંથી ગઈ તા.૩.૯.૨૪નાં લોહી લુહાણ હાલતમાં મળી આવતા સિવિલમાં ખસેડાયા હતાં. જ્યાં તેનું મૃત્યું નિપજ્યું હતું.જે કેસમાં કારમાંથી ઉતરતી વખતે ધર્મેન્દ્રભાઈ પડી ગયા બાદ ચાલક તેના મોટાભાઈ પ્રશાંતભાઈ રૈયાણીએ કાર રીવર્સમાં લેતા ટાયર તેના માથામાં ફરી વલતા મૃત્યુ થયાનું ખુલતા તાલુકા પોલીસમાં ફરીયાદ નોંધાઈ છે.

મળતી માહિતી મુજબ તાલુકા પોલીસે આ મામલે મૃતક ધર્મેન્દ્રભાઈના પત્ની ધર્મીષ્ઠાબેન (ઉ.વ.૩૪) ની ફરીયાદ પરથી મૃતકના મોટાભાઈ પ્રશાંતભાઈ સામે ગુનો દાખલ કર્યો હતો. વધુ મળતી માહિતી મુજબ, ગત તા. ૩.૯.૨૪માં ધર્મેન્દ્રભાઈ રૈયાણી એપાર્ટમેન્ટના પાર્કિંગમાંથી લોહીલુહાણ હાલતમાં મળી આવતા સિવિલમાં ખસેડાયા હતાં. જ્યાં તેનું મૃત્યું નિપજ્યું હતું. આ સમયે ધર્મીષ્ઠાબેનને જાણ થઈ હતીકે, ધર્મેન્દ્રભાઈ અને મોટાભાઈ પ્રશાંતભાઈ કારખાનેથી કારમાં ઘરે આવ્યા હતાં. એપાર્ટમેન્ટનાં પાર્કિંગમાં ધર્મેન્દ્રભાઈ કારમાંથી નીચે ઉતરતા પડી ગયા હતાં. આ સમયે કારને વ્યવસ્થિત પાર્ક કરતા ચાલક પ્રશાંતભાઈનું ધ્યાન ન હોવા કાર રીવર્સમાં લેતી વખતે ટાયર ધર્મેન્દ્રભાઈના માથામાં ફરી વળતા ઈજા થતા મૃત્યુ થયાની જાણ થઈ હતી. બીજી તરફ પોલીસને પ્રશાંતભાઈ પર શંકા હોય તેનો ગાંધીનગર એફ.એસ.એલ. ખાતે એસ.ડી.એસ. અને એલ.વી.એ. ટેસ્ટ કરાવ્યો હતો. જેનો રીપોર્ટ પણ નેગેટીવ આવ્યો હતો. પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી.

પ્રથમ માસીક શ્રધ્ધાંજલિ

સ્વ.નિરૂભા અજુભા જાડેજા
સ્વ.તા.૨૭/૧૧/૨૦૨૪
(વડાલી)

સ્વ.અરવિંદસિંહ દોલુભા જાડેજા
સ્વ.તા.૨૮/૧૧/૨૦૨૪
(મોટી ચિરઈ)

જીવનભર સંઘર્ષ કરી પરિવારનું ભલુ કરી સુખ આવ્યું, ત્યાં ધામમા ચાલ્યા ગયા..

પ્રભુ આપના પવિત્ર આત્માને શાંન્તિ આપે...

લી.

રાજેન્દ્રસિંહ મંગળસિંહ ઝાલા
વિજયસિંહ મંગળસિંહ ઝાલા
રવિરાજસિંહ મહેન્દ્રસિંહ રાણા
રવિરાજસિંહ રાજેન્દ્રસિંહ ઝાલા
ઋતુરાજસિંહ રાજેન્દ્રસિંહ ઝાલા
જયકિશનસિંહ વિજયસિંહ ઝાલા
યશરાજસિંહ રવિરાજસિંહ ઝાલા
હર્ષરાજસિંહ રવિરાજસિંહ ઝાલા
રાજવર્ધનસિંહ જયકિશનસિંહ ઝાલા
પ્રવિણાસિંહ વરશાજી જાડેજા
વિરેન્દ્રસિંહ પ્રવિણાસિંહ જાડેજા
વિરેન્દ્રસિંહ ભરતસિંહ ગોહીલ
અમિતસિંહ રઘુવિરસિંહ વાઘેલા
જીતેન્દ્રસિંહ કિરીટસિંહ જાડેજા
બલભદ્રસિંહ મહેન્દ્રસિંહ જાડેજા
અર્જુનસિંહ અરવિંદસિંહ જાડેજા
રાજદિપસિંહ નીરૂભા જાડેજા
શીવભદ્રસિંહ બલભદ્રસિંહ ગોહીલ

ગામ : ભડવાણા જી. સુરેન્દ્રનગર

આઝાદ સંદેશ
તા. ૨૭-૧૨-૨૦૨૪, શુક્રવાર

ખાલિસ્તાની આતંકવાદીઓ પંજાબના પાડોશી રાજ્યોમાં પણ પગપેસારો કરવા લાગ્યા...!

પીલીભીતમાં ત્રણ ખાલિસ્તાની આતંકવાદીઓને ઠાર કરવામાં પંજાબ અને ઉત્તર પ્રદેશ પોલીસને મળેલી સફળતા એક મોટી સફળતા છે. આ વાત એ હકીકત પરથી સમજી શકાય છે કે માર્યા ગયેલા આતંકવાદીઓ પાસેથી વિદેશી પિસ્તોલ સાથે બે એકે-૪૭ રાઈફલ અને મોટી માત્રામાં કારતુસ મળી આવ્યા હતા. એવું માનવામાં આવે છે કે આ જ આતંકવાદીઓ પંજાબમાં પોલીસ સ્ટેશન અને ચોકીઓ પર બોમ્બ ફેંકીને આતંકનું વાતાવરણ ઉભું કરવામાં વ્યસ્ત હતા. તે ખાલિસ્તાની ઝિંદાબાદ ફોર્સ નામના આતંકવાદી સંગઠન સાથે સંબંધિત હતો. પીલીભીતમાં માર્યા ગયેલા આતંકવાદીઓને વિદેશમાં બેઠેલા ખાલિસ્તાની તત્વોએ હથિયાર પૂરા પાડ્યા હોવાની વાત સામે આવી રહી છે ત્યારે તપાસ થવી જોઈએ કે તેઓ આવું કેવી રીતે કરી શક્યા? એ પણ તપાસ થવી જોઈએ કે પંજાબમાં પોલીસ સ્ટેશનો અને ચોકીઓને નિશાન બનાવીને માર્યા ગયેલા આતંકવાદીઓએ પીલીભીતમાં શું કર્યું? શું પીલીભીત તેમના માટે છુપાઈ રહેવાનું સુરક્ષિત સ્થળ હતું કે તેઓ અહીં કોઈ ગુનો કરવાની યોજના બનાવી રહ્યા હતા? એ વાતને અવગણી શકાય નહીં કે જ્યારે પંજાબમાં ખાલિસ્તાની આતંકવાદ ચરમસીમા પર હતો ત્યારે પીલીભીત અને તેની આસપાસનો તરાઈ વિસ્તાર ખાલિસ્તાની આતંકવાદીઓનો ગઢ બની ગયો હતો. તે સમયે આ આતંકીઓએ ઘણી મોટી ઘટનાઓને અંજામ આપ્યો હતો. શીખ વસ્તીની નોંધપાત્ર સંખ્યાને કારણે, તરાઈના આ વિસ્તારને મિની પંજાબ કહેવામાં આવે છે. શું એ શક્ય છે કે ખાલિસ્તાન સમર્થકો ફરી આ વિસ્તારમાં સક્રિય થયા હોય અને તેમના કારણે માર્યા ગયેલા આતંકવાદીઓ પીલીભીતમાં આવ્યા હોય? મામલો ગમે તે હોય, પંજાબમાં ખાલિસ્તાની આતંકવાદીઓની હિંમત વધી રહી છે તે યોગ્ય નથી. ખાલિસ્તાની આતંકવાદીઓની વધતી હિંમત એ હકીકત પરથી સ્પષ્ટ થાય છે કે છેલ્લા કેટલાક સમયથી પંજાબમાં આઠ પોલીસ સ્ટેશનો અને ચોકીઓ પર એક પછી એક બોમ્બ હુમલા થઈ રહ્યા છે. ખાલિસ્તાની આતંકવાદી સંગઠનોએ આ હુમલાની જવાબદારી લીધી છે. આ સંગઠનોમાંથી એક છે ખાલિસ્તાન ઝિંદાબાદ ફોર્સ. પંજાબમાં પોલીસ સ્ટેશનો અને ચોકીઓને નિશાન બનાવવાની ઘટનાઓનું મૂલ્યાંકન કરતી નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ આશંકા વ્યક્ત કરી છે કે વિદેશથી કાર્યરત ખાલિસ્તાની આતંકવાદી સંગઠનો પંજાબમાં કોઈ મોટો ગુનો કરવા માગે છે. આ આશંકા કેટલી મજબૂત છે તે એ હકીકત પરથી જોઈ શકાય છે કે ચંદીગઢમાં પંજાબ પોલીસ હેડક્વાર્ટરની સુરક્ષા વધારી દેવામાં આવી છે. એ વાત સાચી છે કે કેટલીક ખાલી પોલીસ ચોકીઓ પર પણ બોમ્બ ફેંકવામાં આવ્યા હતા, પરંતુ આ ઘટનાઓ જ દર્શાવે છે કે ખાલિસ્તાની આતંકવાદીઓ બેફામ રીતે દોડી રહ્યા છે. હવે જ્યારે પીલીભીતની ઘટનાથી સ્પષ્ટ થઈ ગયું છે કે ખાલિસ્તાની આતંકવાદીઓ પાડોશી રાજ્યોમાં પોતાનો પગપેસારો કરી રહ્યા છે, ત્યારે પંજાબ પોલીસે આવા તમામ રાજ્યો અને ખાસ કરીને ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, હરિયાણા, હિમાચલ વગેરેની પોલીસ સાથે પોતાનો સહયોગ અને સંકલન વધારવો પડશે.

ઉમિયાધામ, સીદસર ખાતે આયોજિત વિરાટ કૃષિ સંમેલનમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતનું સંબોધન

ઉમિયા માતાજીના પ્રાગટ્યની ઉજવણી, જન્મોત્સવ સાથે સમાજોત્કર્ષનું પર્વ : રાજ્યપાલ આચાર્ય દેવવ્રત

પ્રાકૃતિક કૃષિ અભિયાનને રાજ્ય સરકારે વિશેષ ઝુંબેશ તરીકે સમગ્ર રાજ્યમાં અમલી બનાવ્યું : રાજ્યપાલ આચાર્ય દેવવ્રત

આવનારી પેઢીને સ્વચ્છ અને સ્વસ્થ ભવિષ્ય આપવું હશે તો આજથી જ પ્રાકૃતિક કૃષિ તરફ વળવું પડશે : રાઘવજીભાઈ પટેલ

ખેડૂતોની મહેનત, સરકારની નીતિઓ અને વૈજ્ઞાનિકોના સંશોધનોથી આપણો દેશ આજે અન્નનો ભંડાર બન્યો છે : રૂપાલા

(આઝાદ સંદેશ), ગાંધીનગર : જામજોધપુર તાલુકાના ઉમિયાધામ, સીદસર ખાતે સવા શતાબ્દી મહોત્સવની ઉજવણી અંતર્ગત યોજાયેલા વિરાટ કૃષિ સંમેલનમાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે જણાવ્યું હતું કે, આપણી સંસ્કૃતિમાં માતૃશક્તિનું અનેરું સ્થાન છે. વીરતા, વિદ્યા અને ધનના આદર્શ માતા દુર્ગા, સરસ્વતી અને લક્ષ્મીજી છે. 'માતૃદેવો ભવઃ' ની આપણી સંસ્કૃતિ સંદેશ આપે છે કે, માતાનું સાંનિધ્ય, આશીર્વાદ અને કૃપા સંતાનની તમામ ઈચ્છાઓ પૂર્ણ કરે છે અને તેને સુખથી સંતૃપ્ત કરવાની ક્ષમતા ધરાવે છે. સિદસર ખાતે માતાજીના પ્રાગટ્યના ૧૨૫ વર્ષ થયા છે ત્યારે આ માત્ર જન્મોત્સવ નહીં પરંતુ સમાજોત્કર્ષનું પર્વ છે. સમાજની આવનાર પેઢીઓમાં સંસ્કાર સિંચન અને વિદ્યાદાન હેતુ રાજકોટ, અમદાવાદમાં વિવિધ શૈક્ષણિક સંકુલો સ્થાપિત કરવામાં આવી રહ્યા છે, ત્યારે આ ઉત્સવ નિમિત્તે આયોજિત સંમેલનોમાં વિચાર-વિમર્શ દ્વારા કુરીવાજ નિર્મૂલન અને સમાજ ઉત્કર્ષ માટે આ સમાજની પ્રતિબદ્ધતા જોવા મળે છે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું હતું કે, અનેક ધાર્મિક, સામાજિક સંસ્થાઓના પરિશ્રમથી ગુજરાતમાં સદભાવના, વ્યસનમુકિત, મદદની ભાવનાનું વાતાવરણ જોવા મળે છે. આ શ્રેષ્ઠ કર્મોથી જ સમાજ આગળ આવશે. હાલના સમયમાં આ મૂલ્યો જાળવવા અને વિસ્તારવા માટે આધ્યાત્મિકતા તરફ વળવું જરૂરી બન્યું છે. માત્ર શાસ્ત્ર વાંચન નહીં પરંતુ આધ્યાત્મિકતાને જીવનમાં ઉતારવી વધારે આવશ્યક છે. ધનની દાન, ભોગ અને નાશ એમ ત્રણ પ્રકારની ગતિ પૈકી દાન ગતિ શ્રેષ્ઠ છે. તેમા પણ વિદ્યા દાન શ્રેષ્ઠ છે, તે ધનને પવિત્ર કરનારું છે. દાન આ જન્મમાં સારું કર્મ કર્યાના સંતોષનો અનુભવ કરાવે છે અને આવતા જન્મમાં આ પુણ્ય સુખ આપે છે. વિદ્યા સંકુલો માટે કરોડો રૂપિયાનું દાન કરનાર દાતાઓને મારા નમન છે. પ્રાકૃતિક કૃષિ અભિયાનને રાજ્ય સરકારે વિશેષ ઝુંબેશના ભાગરૂપે સમગ્ર રાજ્યમાં અમલી બનાવ્યું છે તેમ જણાવતાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું કે, નિરોગી કાયા એ ઈશ્વરના આશીર્વાદ છે. જો શરીર જ સ્વસ્થ નહીં હોય તો સંપત્તિ, વૈભવ બધું નિરર્થક છે. આજે જંતુનાશક દવાઓના પરિણામે ખેત ઉત્પાદનો કેન્સર, ડાયાબિટીસ, બ્લડ પ્રેશર જેવા અનેક રોગોનું કારણ બન્યા છે. જેઓને કોઈ જ વ્યસન નથી તેવા લોકો પણ આજે કેન્સર જેવા ગંભીર રોગોના ભોગ બની રહ્યા છે. આ તમામ રોગોના મૂળમાં ખોરાકના માધ્યમથી શરીરમાં જતા ઝેરી પદાર્થો છે. આજે જંતુનાશક દવાઓથી ધરતી ઝેરયુકત અને તેના ઉત્પાદનો બિનઆરોગ્યપ્રદ બન્યા છે. ધાન્યોમાંથી પોષક તત્વો વિલુપ્ત થયા છે, ત્યારે જો આવનારી પેઢીને સશકત અને નિરોગી રાખવી હશે તો પ્રાકૃતિક કૃષિ જ એકમાત્ર વિકલ્પ છે. પ્રાકૃતિક કૃષિના પાંચ સિદ્ધાંતો અપનાવવાથી પાક ઉત્પાદનમાં કોઈ જ ઘટાડો થતો નથી કે કોઈ પણ પ્રકારનું નુકશાન થતું નથી પરંતુ જમીન ફળદ્રુપ બને છે અને ઉત્પાદનોમાં નોંધપાત્ર વધારો થાય છે, તેમ જણાવી કાર્યક્રમમાં લોકો સમક્ષ વીડિયો સંદેશના માધ્યમથી રાજ્યપાલે પોતાનો કૃષિ અનુભવ રજૂ કર્યો હતો. ઓર્ગેનિક કાર્બન એ ખેડૂતના ખેતરનો પ્રાણ છે. જો જમીનનો ઓર્ગેનિક કાર્બન ૦.૫ ટકાથી નીચે જાય તો એ જમીન બંજર-વેરાન થઈ ચૂકી છે એમ કહી શકાય. ગુજરાતનો ઓર્ગેનિક કાર્બન ૦.૨ ટકા છે. એટલે કે આપણી જમીન બંજરની કેટેગરીમાં આવે છે એ સ્પષ્ટ છે. જો આ જ પ્રમાણે યુરિયા, ડી.એ.પી.નો ઉપયોગ કરતા રહીશું તો આગામી ૪૦ થી ૫૦ વર્ષમાં આપણી કૃષિની જમીન પથ્થર સમાન બની જશે એમાં શંકાને કોઈ સ્થાન નથી તેમ સીદસર ખાતે રાજ્યપાલશ્રીએ કહ્યું હતું. રાજ્યપાલે પાણીની બચત, પર્યાવરણની રક્ષા, જમીન અને દેશી ગાયની રક્ષા, રોગમુક્ત સ્વસ્થ જીવન અને ખેતી-ખેડૂતના સર્વાંગી કલ્યાણ માટે પ્રાકૃતિક કૃષિ અપનાવવા રાજ્યના ખેડૂતોમાં જાગૃતિ આવે તેવા પ્રયાસો પર ભાર મૂક્યો હતો. આ પ્રસંગે કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે પ્રાકૃતિક કૃષિ પર ભાર મુકતાં જણાવ્યું હતું કે આવનારી પેઢીને સ્વચ્છ અને સ્વસ્થ ભવિષ્ય આપવું હશે તો આજથી જ પ્રાકૃતિક કૃષિ તરફ વળવું અનિવાર્ય છે. પ્રાકૃતિક કૃષિ દ્વારા ઉત્પાદિત પાકો માનવ સ્વાસ્થ્યને મજબૂત રાખવાની સાથે દેશના વિકાસમાં પણ અમૂલ્ય ફાળો આપે છે. પર્યાવરણ જાળવણી, ઝેરમુક્ત ખોરાક, ગૌ સંવર્ધન અને કૃષિ સમૃદ્ધિ આ તમામ બાબતો પ્રાકૃતિક ખેતીથી શકય બને છે. કૃષિ, ખેડૂત અને સરકારની ભૂમિકા વિષયે સંબોધન કરતાં સાંસદ પરષોત્તમભાઈ રૂપાલાએ જણાવ્યું હતું કે દેશનો ખેડૂત આજે પ્રગતિશીલ બન્યો છે. નવીન ટેકનોલોજી અને આધુનિક કૃષિ સંશોધનોના માધ્યમથી આજના ખેડૂતે સમૃદ્ધિ તરફ પોતાના ડગ માંડ્યા છે. ખેડૂતોની મહેનત, સરકારની નીતિઓ અને કૃષિ વૈજ્ઞાનિકોના વિવિધ સંશોધનોના પરિણામે એક સમયે અન્નની અછત ભોગવતો આપણો દેશ આજે અન્નનો ભંડાર બન્યો છે. કાર્યક્રમમાં બાળકો દ્વારા સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ રજૂ કરવામાં આવી હતી તેમજ રાજ્યપાલના હસ્તે દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્યો દુર્લભજીભાઈ દેથરીયા, મહેન્દ્ર પાડલીયા, પ્રકાશ વરમોરા, રમેશ ટિલાળા, ઉમિયાધામ ટ્રસ્ટના ચેરમેન મૌલેશભાઈ ઉકાણી, પ્રમુખ જયરામભાઈ વાંસજાળીયા, આગેવાન પુનિતભાઈ ચોવટીયા, બી. એચ. ઘોડાસરા, જગદીશભાઈ કોટડીયા, ગોવિંદભાઈ વરમોરા, સી.કે.પટેલ, મગનભાઈ જાવીયા, જયેશભાઈ પટેલ સહિત બહોળી સંખ્યામાં સમાજના ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

અમદાવાદના દિવ્યાંગ તરૂણ ઓમ વ્યાસે ગુજરાતનું નામ રોશન કર્યું

રાષ્ટ્રપતિના હસ્તે ઓમ વ્યાસને નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર એનાયત : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અભિનંદન પાઠવ્યા

લખી-વાંચી ન શકતા ૧૭ વર્ષીય દિવ્યાંગ ઓમને સંસ્કૃતના ૨૦૦૦ જેટલા શ્લોકો કંઠસ્થ છે : લિમ્કા બુક ઓફ રેકોર્ડ સહિત ૧૮ જેટલા અલગ-અલગ રેકોર્ડ બુકસમાં ઓમની સિદ્ધિઓની નોંધ લેવાઈ છે

(આઝાદ સંદેશ), ગાંધીનગર : અમદાવાદના ૧૭ વર્ષીય દિવ્યાંગ તરણ ઓમ જિજ્ઞેશ વ્યાસે રાષ્ટ્રીય સ્તરે પોતાનું તથા પોતાના પરિવાર સહિત સમગ્ર ગુજરાતનું નામ રોશન કર્યું છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે ઓમ વ્યાસને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર એનાયત કરાયો છે. દિવ્યાંગ ઓમ વ્યાસને કળા તેમજ સંસ્કૃતિ ક્ષેત્રે તેની અદ્વિતીય સિદ્ધિઓ માટે આ નેશનલ એવોર્ડ એનાયત થયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વીર બાળ દિવસ નિમિત્તે નવી દિલ્હીમાં આયોજિત સમારંભમાં દેશના ૧૭ બાળકોને તેમની અસાધારણ સિદ્ધિઓ માટે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. તેમાં ગુજરાતના દિવ્યાંગ બાળ ઓમ જિજ્ઞેશ વ્યાસને પણ બાળ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ દિવ્યાંગ બાળ ઓમ વ્યાસની સિદ્ધિઓની સરાહના કરતાં ગુજરાતનું ગૌરવ વધારવા માટે તેને અભિનંદન પણ પાઠવ્યા છે. ઓમ વ્યાસ થોડા સમય પહેલાં જ પોતાના માતા-પિતા સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને ગાંધીનગરમાં પ્રત્યક્ષ મળવા આવ્યો હતો એ વેળાએ પણ મુખ્યમંત્રી તેની સિદ્ધિઓથી પ્રભાવિત થયા હતા અને ઓમ જેવા દિવ્યાંગ બાળકો અન્ય દિવ્યાંગ વ્યકિતઓ માટે પ્રેરણા રૂપ બનશે તેમ જણાવ્યું હતું. ઓમ વ્યાસની વિશેષતા વિશે વાત કરીએ તો, તે લખી કે વાંચી શકતો નથી, પરંતુ તેને સુંદરકાંડ તથા ભગવદ ગીતાના શ્લોકો સહિત સંસ્કૃતના ૨૦૦ જેટલા શ્લોકો કંઠસ્થ છે. આશ્ચર્યની વાત એ છે કે, ઓમ માત્ર ભકિતનાં ગીતો અને શ્લોકોમાં જ રુચિ ધરાવે છે, તેના માટે મનોરંજનનું સાધન એટલે માત્ર આધ્યાત્મિક ભકિત ગીતો. ઓમની ઉંમર જેમ જેમ વધતી જાય છે તેમ તેમ આધ્યાત્મિક ક્ષેત્રે તેની અભિરુચિ વધતી જાય છે. ઓમને આ ઉપરાંત હનુમાન ચાલીસા, શિવમહિમ્ન સ્ત્રોત, શિવમાનસ પકજા, રામ રક્ષાસ્ત્રોત, શિવ તાંડવ, ગાયત્રી મંત્રી, ગાયત્રી ચાલીસા, સાંઈ ભવાનીના શ્લોકો અને મારી હુંડી સ્વીકારો મહારાજ, શંભુ શરણે પડી વગેરે જેવાં ભજનો કંઠસ્થ છે. અને નવાઈની વાત એ છે કે, આ બધું ઓમ વ્યાસે માત્ર સાંભળી સાંભળીને કંઠસ્થ કર્યું છે. ઓમ વ્યાસે અત્યાર સુધી અનેક શો પણ કર્યા છે. અને અનેક એવોર્ડ્સ, મેડલ્સ, ટ્રોફી અને સર્ટિફિકેટથી તેનું સન્માન કરવામાં આવ્યું છે. ઓમની આવી ટેલેન્ટને કારણે તેનું નામ લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સ, એશિયા બુક ઓફ રેકોર્ડ્સ, ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સ જેવી અલગ અલગ ૧૮ રેકોર્ડ બુક્સમાં નામ પણ નોંધાયું છે. દિવ્યાંગ ઓમ વ્યાસને વર્ષ ૨૦૧૭માં તત્કાલીન રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના હસ્તે રાષ્ટ્રીય દિવ્યાંગજન પુરસ્કાર પણ એનાયત કરાયો હતો અને વડાપ્રધાને તેની પ્રશંસા પણ કરી હતી.

ટી.બી. મુક્ત જિલ્લો બનાવવા રાજકોટની આરોગ્ય ટીમ કટીબધ્ધ

૩૧ હજારથી વધુ નાગરિકોનું સ્ક્રિનિંગ કરી ૨૫ નવા દર્દી શોધાયા

(આઝાદ સંદેશ), રાજકોટ : વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ભારત દેશમાથી ટી.બી. રોગનુ વર્ષ -૨૦૨૫ સુધીમા નિર્મૂલન કરવા માટે આહવાન કર્યુ હતુ. જેના ભાગરૂપે ૧૦૦ દિવસની સઘન ટી.બી. નિર્મૂલન ઝૂંબેશ' ની કામગીરી ૭મી ડીસેમ્બરથી રાજકોટ જિલ્લામાં શરૂ કરાઈ છે, જે અન્વયે રાજકોટ જિલ્લાની આરોગ્ય વિભાગની ટીમ પ્રશંસનીય કામગીરી કરી રહી છે. આ સઘન ઝૂંબેશ દરમ્યાન આરોગ્ય વિભાગ દ્વારા ટી.બી.ના દર્દી શોધી રોગનું ઝડપી નિદાન, ત્વરીત સારવાર, લોક જાગૃતિ, નિક્ષય શિબિર, નિક્ષય શપથ, ટીબીના દર્દીઓને પોષણકીટ આપવી વગેરે કામગીરી કરવામાં આવી રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત ટી.બી. નિર્મૂલન કામગીરીમાં દેશમા અગ્રેસર રહ્યુ છે. આપણું ગુજરાત, ટી.બી. મુક્ત ગુજરાત અને આપણું ગામ, ટી.બી. મુક્ત ગામના સંકલ્પ સાથે આરોગ્ય ટીમ દ્વારા સઘન કામગીરી કરી ટી.બી.ના દર્દીને શોધી સારવાર આપવામા આવી રહી છે. આ સઘન ઝૂંબેશ દરમ્યાન નાગરિકોનુ ટી.બી. સ્ક્રીનિંગ કરવામાં આવી રહ્યુ છે. જેમાં છેલ્લા બે વર્ષના ટીબીના દર્દીઓના કોન્ટેક્ટ સભ્યો, જેમનો BMI ૧૮ થી ઓછા હોય તેવા વ્યક્તિઓ, ડાયાબીટીસ ધરાવનાર વ્યકિતઓ, સ્મોકર, છેલ્લા પાંચ વર્ષમાં ટીબી ની સારવાર લીધેલ દર્દીઓ, ૬૦ વર્ષથી ઉપરની વ્યકિતઓ તેમજ સ્લમ એરીયા, ઈન્ડસ્ટ્રીયલ એરિયા વગેરેનું સર્વે કરી સ્ક્રીનિંગ કરી નિદાન કરવામાં આવી રહ્યું છે જેમાં અત્યાર સુધીમાં કુલ ૩૧૫૭૧ વ્યકિતઓનું સ્ક્રીનિંગ કરી કુલ ૨૫ ટી.બી.ના દર્દીઓનું નિદાન કરી સારવાર આપવામા આવી રહી છે. સ્ક્રિનિંગમાં મોબાઈલ વાન દ્વારા X-Ray કરવામાં આવે છે. સ્પુટમ માઈક્રોસ્કોપી તેમજ CBNAAT અને Truenat જેવી ટીબીના નિદાનની આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરી સચોટ નિદાન કરવામાં આવી રહ્યું છે. જિલ્લા કલેક્ટર પ્રભવ જોષી, જિલ્લા વિકાસ અધિકારી ડો.નવનાથ ગવ્હાણે તેમજ જિલ્લા આરોગ્ય અધિકારી ડો.આર.આર. કુલમાલીના માર્ગદર્શન હેઠળ ૧૦૦ દિવસની સઘન ટી.બી. નિર્મૂલન ઝૂંબેશ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ ઝૂંબેશમાં જોડાવા તેમજ સહકાર આપવા જાહેર જનતાને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા અપીલ કરવામાં આવી છે.

જૂનાગઢ જિલ્લામાં હળવા વરસાદની આગાહી અનુલક્ષીને ખેડુતો અને વેપારી મિત્રોએ તકેદારીનાં પગલા લેવા

(આઝાદ સંદેશ), જૂનાગઢ : જૂનાગઢ જિલ્લામાં હવામાન ખાતાના પૂર્વાનુમાન અનુસાર તા. ૨૭/૧૨ થી તા. ૨૮/૧૨ દરમિયાન હળવા વરસાદની આગાહી થયેલ છે. વરસાદને અનુલક્ષીને ખેડૂતોએ પાકના રક્ષણ માટે ઉચિત પગલાં લેતા જ હોય છે, તેમ છતાં નીચે મુજબના તકેદારીનાં પગલા લેવા રાજ્યના ખેડૂતોને સંદેશ આપવામાં આવે છે. કમોસમી વરસાદથી થતા પાક નુકશાનીથી બચવા માટે ખેડુતોના ખેત ઉત્પાદિત પાક, ખેતરમાં કાપણી કરેલ પાક ખુલ્લા હોય તો તેને તાત્કાલીક સલામત સ્થળે ખસેડવાની કાર્યવાહી કરવી, અથવા પ્લાસ્ટિક/ તાડપત્રીથી યોગ્ય રીતે ઢાકી દેવું અને ઢગલાની ફરતે માટીનો પાળો બનાવી વરસાદનું પાણી ઢગલાની નીચે જતું અટકાવવું. દવા અને ખાતરનો ઉપયોગ આ સમયગાળા પુરતો ટાળવો. ખાતર અને બિયારણના વિક્રેતાઓએ જથ્થો પલળે નહી તે મુજબ ગોડાઉનમાં સુરક્ષિત રાખવા. એ.પી.એમ.સી.મા વેપારી અને ખેડુત મિત્રોએ કાળજી રાખી આગોતરા સાવચતીના પગલા લેવા અનુરોધ કરવામાં આવે છે. એ.પી.એમ.સી.મા અનાજ અને ખેતપેદાશો સુરક્ષિત રાખવા. એ.પી.એમ.સી.મા વેચાણ અર્થે આવતી પેદાશો આ દિવસો દરમિયાન ટાળવી અથવા સુરક્ષિત રાખવા. આ અંગે વધુ જાણકારી આપના વિસ્તારના ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી, તાલુકા વિકાસ અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક (તા.મુ.), જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક(તાલીમ) નો સંપર્ક કરવો. તેમ જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા અખબારી યાદીમાં જણાવાયુ છે.

જીનિયસ ગ્રુપ ઓફ સ્કૂલ્સના શિક્ષકો અને સ્ટાફના સભ્યો માટે ટીચર એન્હાન્સમેન્ટ પ્રોગ્રામ યોજાયો

વક્તા સ્થાને જાણીતા મોટીવેશનલ સ્પિકર શૈલેશભાઈ સગપરિયાને આમંત્રિત કરાયા

(આઝાદ સંદેશ), રાજકોટ: તાજેતરમાં જીનિયસ ગ્રુપ ઓફ ઈન્સ્ટીટ્યુશન્સ દ્વારા સંસ્થા સાથે જોડાયેલ તમામ શિક્ષકો અને સ્ટાફના સભ્યોને વ્યકિતગત અને વ્યાવસાયિક વિકાસ બંનેમાં સક્રિય વિચારસરણી અંગે માહિતગાર કરવા ટીચર એન્હાન્સમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ સેશન માટે વક્તા સ્થાને જાણીતા મોટીવેશનલ સ્પિકર શૈલેશભાઈ સગપરિયાને આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ એન્હાન્સમેન્ટ પ્રોગ્રામ અંગે વધુ માહિતી આપતા જીનિયસ ગ્રુપ ઓફ સ્કૂલ્સના ચેરમેન ડી. વી. મહેતાના જણાવ્યું હતુંકે, સંસ્થા ફકત વિદ્યાર્થીઓના જ નહી, પરંતુ સંસ્થાના શિક્ષકો અને તમામ સ્ટાફના સર્વાંગી વિકાસને લક્ષમાં રાખી સમગ્ર વર્ષ દરમિયાન સમાયાંતરે વિવિધ તાલીમ કાર્યક્રમોના આયોજનો કરે છે. આજનો જમાનો ટેકનોલોજીનો છે અને વિશ્વમાં ખુબ ઝડપથી પરિવર્તનો આવી રહ્યા છે, તેમાં જો કોઈ વ્યકિતએ ટકી રહેવું હોય કે આગળ વધવું હોય તો તેણે તેની જાતને સતત વર્તમાન પ્રવાહોથી અવગત રાખવી પડે છે. ખાસ કરીને શિક્ષકો જો નવા પ્રવાહોથી અવગત હશે તો તેનો સીધો લાભ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે થશે. આ વિચારપ્રેરક સત્રમાં શૈલેશભાઈ સગપરિયા એ ઉપસ્થિત શિક્ષકો અને સ્ટાફના સભ્યોને બીઈંગ વન સ્ટેપ અહેડ વીથ પ્રોફાઉન્ડ વિઝન એન્ડ પ્લાનીંગ વિષય ઉપર માર્ગદર્શન પુરુ પાડયું હતું. તેમણે શિક્ષકોને વ્યકિતગત અને વ્યાવસાયિક વિકાસ બંનેમાં સક્રિય વિચારસરણી અને વ્યૂહાત્મક આયોજનના મહત્વ વિશે માર્ગદર્શન આપ્યું હતું. તેમજ એક સ્વપનદ્રષ્ટા બની નવીનતમ માનસિકતા અપનાવીને સતત આવતા પડકારોથી એક ડગલું આગળ રહેવા અને દરેક પરિસ્થિતિમાંથી કઈક નવું શીખીને વૃદ્ધિ કરવા માટે પ્રોત્સાહિત કર્યા. સ્પષ્ટ અને શકિતશાળી દ્રષ્ટિ વિકસાવવા માટે મદદરુપ થનાર આ ટીચર્સ એન્હાન્સમેન્ટ પ્રોગ્રામમાં ભાગ લેનાર તમામ શિક્ષકો અને સ્ટાફના સભ્યોને જીનિયસ ગ્રુપના ચેરમેન ડી. વી. મહેતા અને સીઈઓ ડિમ્પલબેન મહેતા એ અભિનંદન આપ્યા હતા તેમજ વક્તા શૈલેશભાઈ સગપરિયાનો આભાર વ્યક્ત કર્યો હતો.

યોગ બોર્ડ સાથે સંકળાયેલા કો-ઓર્ડિનેટર, યોગકોચ, યોગટ્રેનર પાસેથી યોગ એવોર્ડ માટે અરજીઓ મંગાવાઈ

(આઝાદ સંદેશ), ગીર સોમનાથ : રાજ્ય સરકારના રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ અંતર્ગત રચિત ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ગાંધીનગર દ્વારા યોગને પ્રોત્સાહન આપવા તથા યોગ બોર્ડ સાથે સંકળાયેલ યોગ કોર્ડીનેટર, યોગ કોચ તથા યોગ ટ્રેનરને પ્રોત્સાહન મળે તે માટે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા યોગ એવોર્ડ આપવાનું નિર્ધારિત થયેલ છે. 'યોગ એવોર્ડ અંતર્ગત એવોર્ડ મેળવવા ઈચ્છુક ઉમેદવારે અરજી કરતી વખતે વ્યકિત ઓછામાં ઓછા ત્રણ વર્ષ યોગના ક્ષેત્રમાં યોગદાન આપેલુ હોવું જોઈએ અને યોગ બોર્ડનું યોગ કોચ- યોગ ટ્રેનર તરીકેનું સર્ટિફિકેટ ધરાવતા હોવા જોઈએ. વધુમાં એવોર્ડ મેળવવા ઉંમરમાં કોઈ બાધ નથી. એવોર્ડ માટે સત્ય અને અપડેટ કરેલ પ્રોફાઈલ (બાયોડેટા) પુરાવા સાથે રજૂ કરવાના રહેશે. અરજી કરતી વખતે નામ, ફોટો, સરનામું અને ફોન નંબર જેવી વિગતો અને છેલ્લા ત્રણ વર્ષમાં કરેલા કાર્યો ફોટો સાથે નક્કર પુરાવાઓ તેમજ વધુમાં વધુ પાંચ પાનાના પુરાવા સાથેનો એક પેજના બાયોડેટાવાળી અરજી મોકલવાની રહેશે. આ અરજી તા.૩૧-૧૨-૨૪ સુધીમાં જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, જિલ્લા સેવા સદન રૂમ નં: ૩૧૩-૩૧૪, બીજોમાળ, મુ.ઈણાજ, તા.વેરાવળ ખાતે કચેરી સમય દરમિયાન રૂબરૂ આપવાની રહેશે. વધુ માહિતી માટે સ્થાનિક જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

જિલ્લા વિકાસ અધિકારી સ્નેહલ ભાપકરના અધ્યક્ષસ્થાને ઈણાજ ખાતે જિલ્લા કક્ષાનો 'સ્વાગત કાર્યક્રમ' યોજાયો

(આઝાદ સંદેશ), ગીર સોમનાથ : જિલ્લાના પ્રજાજનોની સુખાકારી અને તેમના પ્રશ્નોના ઝડપી નિવારણ માટે ઈણાજ, કલેક્ટર કચેરીના કોન્ફરન્સ હોલમાં જિલ્લા વિકાસ અધિકારી સ્નેહલ ભાપકરની અધ્યક્ષતામાં જિલ્લા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો. આ સ્વાગત કાર્યક્રમમાં જેનો લાંબા સમયથી સંતોષકારક નિકાલ ન આવતો હોય તેવી અરજદારોની વ્યકિતગત ફરિયાદોને હકારાત્મક અભિગમ થકી જિલ્લા કક્ષાએથી નિકાલ કરવા સંલગ્ન વિભાગને સૂચના આપવામાં આવી હતી. સ્વાગત કાર્યક્રમમાં અર

રાજકોટમાં બાંધકામના ધંધાર્થી પાસેથી વ્યાજખોરે ૧૫ લાખને બદલે ૩૨ લાખ વસૂલી લીધા બાદ પણ ધમકાવતા ફરિયાદ

આબીદ ચાવડા(ઉ.વ.૪૨) પાસેથી વધુ ૮ લાખની માંગી જાહિદ કાદરી કડક ઉઘરાણી કરી જાનથી પતાવી દેવાની ધમકી આપતો'તો : થોરાળા પીઆઈ વાઘેલાના માર્ગદર્શન હેઠળ ગુનો નોંધી ઝડપી પાડવા ધમધમાટ

(આઝાદ સંદેશ), રાજકોટ : રાજકોટમાં પોલીસે વ્યાજખોરીને ડામી દેવા કમર કસી છે તેમ છતાં વ્યાજખોરી, ધમકીનો વધુ એક બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે.જેમાં દૂધની ડેરી પાસે રહેતાં બાંધકામના ધંધાર્થી યુવાને ત્રણ વર્ષ પહેલા રામનાથપરામાં રહેતાં તેના પરિચીત શખ્સ પાસેથી ધંધાના કામે ૧૦ ટકા વ્યાજેથી ૧૫ લાખ લઈ અત્યાર સુધીમાં ૩૨ લાખ ચુકવી દીધા છે છતાં આ શખ્સે વધુ ૮ લાખ માંગી ઘર પાસે આવી ધાકધમકી આપી તેમજ આગેવાનોએ વચ્ચે રહી સમજાવટ કરી છતાં તેણે ૮ લાખ તો આપવા જ પડશે નહિતર હું મારી નાંખીશ તેવી ધમકી ફરીવાર આપતાં ફરિયાદ નોંધાઈ

મળતી માહિતી મુજબ થોરાળા પોલીસે દૂધ સાગર રોડ પર લાખાજીરાજ શ્રમજીવી સોસાયટી અનમોલ પાન પાસે રેડીયન્સ એવન્યુમાં બીજા માળે રહેતાં અને બાંધકામનો ધંધો કરતાં આબીદભાઈ ગુલામહુશેનભાઈ ચાવડા (ઉ.વ.૪૨)ની ફરિયાદ પરથી રામનાથપરામાં રહેતાં જાહીદ ઈકબાલભાઈ કાદરી વિરૂધ્ધ મનીલેન્ડ એક્ટ, વ્યાજખોરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આબીદભાઈએ જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું. ૧૦/૧૧/૨૪ના રોજ રાતે દસેક વાગ્યે હું ઘરની બહાર ઓટા પર બેઠો હતો ત્યારે મારો પરિચીત જાહીદ કાદરી સફેદ રંગની કાર લઈને આવ્યો હતો. મેં ત્રણેક વર્ષ પહેલા મારે બાંધકામના ધંધા માટે રૂપિયાની જરૂર હોઈ જેથી જાહીદ પાસેથી રૂા. ૧૫ લાખ ૧૦ ટકા વ્યાજેથી લીધા હતાં. આ રકમનું વ્યાજ હું દર મહિને એકથી પાંચ તારીખ સુધીમાં જમા કરાવતો હતો. આ રકમ મેં નિયમીત રીતે રોકડેથી ચુકવી હતી. કોઈવાર હું કામ માટે બહાર હોય અને સમય ન હોય તો મારા મિત્રો યુસુફ શાહમદાર, રણજીત સરવૈયા, અલ્તાફ રાઉમા મારફત જાહીદને રૂપિયા મોકલાવી દેતો હતો.

મેં બે વર્ષ સુધી જાહીદ કાદરીને પંદર લાખ સામે કુલ ૩૨ લાખ વ્યાજ પેટે તથા મુળી પેટે ચુકવી દીધા હતાં. જો કે છેલ્લા ત્રણેક માસથી મારે ધંધો બરાબર ચાલતો ન હોઈ મેં તેને વ્યાજ ચુકવ્યું હતું. જાહીદે મારા ઘર પાસે આવી મને ગાળો દઈ વ્યાજની ઉઘરાણી કરતાં મેં તેને કહેલુ કે તમને ૩૬ લાખ તો આપી દીધા છે હવે કેટલુક વ્યાજ મારે આપવાનું છે? તેમ કહેતાં તે ઉશ્કેરાઈ ગયો હતો અને વધુ ગાળો દઈ કહેલું કે-હજુ તારે ૮ લાખ આપવા પડશે નહિતર તને જીવતો નહિ મુકુ, મારી નાખીશ. આ રીતે મને ધમકી દઈ ઝઘડો કરવા માંડતા મારા મિત્ર રણજીત સરવૈયાએ વચ્ચે પડી જાહીદને સમજાવેલ કે આ રીતે ગાળો બોલી ઝઘડો ન કરાય આસપાસમાં મહિલાઓ, બાળકો પણ હોય છે. આ સાંભળી જાહીદે રણજીત ઉપર પણ ઉશ્કેરાઈ જઈ તેને પણ ગાળો ભાંડતા માણસો ભેગા થઈ જતાં જાહીદ ભાગી ગયો હતો. એ પછી મેં સમાજના આગેવાનો દ્વારા જાહીદ સાથે વાતચીત કરી હતી. પણ જાહીદે ૮ લાખ નહિ આપે તો હું એને મારી જ નાંખીશ તેવી ધમી આપી હતી. ધમકીને કારણે ડરી જતાં મેં ફરિયાદ નોંધાવી હતી. તેમ વધુમાં આબીદભાઈએ કહેતાં પીઆઈ જી. એન. વાઘેલાની રાહબરીમાં પીએસઆઈ એ.પી.રતને ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

દિવાળીના તહેવારો બાદ નવા વર્ષના પ્રારંભે પ્રથમ કારોબારીની બેઠક મળશે, ટેન્ડર સહિતના વિકાસ કામોને અપાશે મંજૂરી

રાજકોટ જિલ્લા પંચાયતની ૯મી જાન્યુઆરીના રોજ કારોબારીની બેઠક અને ૧૩મીએ સામાન્ય સભા મળશે

નવી આંગણવાડીથી માંડી રોડ-રસ્તા તેમજ સિંચાઇ સહિતના વિકાસ કામોને સામાન્ય સભામાં બહાલી અપાશે

(આઝાદ સંદેશ), રાજકોટ : રાજકોટ જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓની બેઠક લાંબા સમયથી મળી ન હતી. દરમિયાન સમિતિના ચેરમેનોની કચેરીઓ કોર્ટ બિલ્ડિંગ ખાતે શિફ્ટ થઈ ગયા બાદ ફર્નિચર પણ બની ગયું છે અને પાટિશન સાથેની વિવિધ સમિતિઓના વિભાગોમાં અમુક પદાધિકારીઓ, અરજદારો અમુક દિવસે આવતા હોવાથી પેન્ડિંગ કામગીરીને વેગ મળ્યો છે. આમ છતા જાન્યુઆરીના પ્રથમ સપ્તાહથી બાકી રહેલી સમિતિઓની બેઠક મળશે. જેમાં હાલ નક્કી થયા અનુસાર તા. ૯મી જાન્યુઆરીના રોજ કારોબારીની બેઠક મળશે. જ્યારે આગામી તા. ૧૩ જાન્યુઆરીના રોજ મળનારી રાજકોટ જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં કરોડોના વિકાસ કામો હાથ ધરાશે. અત્રે એ ઉલ્લેખનિય છે કે, દિવાળીના તહેવારો બાદ પ્રથમ કારોબારીની બેઠક કોર્ટ બિલ્ડિંગ ખાતે જિલ્લા પંચાયતની કચેરીમાં તા. ૯ના રોજ મળશે તેમાં પણ વિવિધ ટેન્ડરોની મંજૂરી અપાશે. આ ઉપરાંત સામાન્ય સભા પણ દિવાળી બાદ પ્રથમ મળશે જે આગામી તા. ૧૩ જાન્યુઆરીના રોજ મળવાની છે જેમાં રોડ-રસ્તા, આંગણવાડી સહિતના વિકાસ કામોને મંજૂરી આપવામાં આવશે. એક કલાકનો પ્રશ્નોત્તરીનો સમય હોઈ હજુ પ્રશ્નો આવ્યા નથી.

બાબરિયા મેઈન રોડ ઉપર યુવાન પર પાંચ મહિલા સહિત ૬ શખસોનો હુમલો

ભક્તિનગર પોલીસે તમામ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી

(આઝાદ સંદેશ),રાજકોટ: રાજકોટ શહેરમાં સામાન્ય બાબતે થતા મારામારીના બનાવોમાં દિન પ્રતિદીન વધારો થઈ રહ્યો છે ત્યારે ફરી એક વખત બાબરીયા કોલોની પાસે સામાન્ય બાબતે યુવાન પર હુમલો કરાયાની ફરિયાદ ભક્તિનગર પોલીસ મથકમાં નોંધાઈ છે. મળતી માહિતી મુજબ બાબરીયા મેઈન રોડ પર રહેતા અને કારખાનામાં મજૂરી કામ કરતા સલીમ ચુડાસમા (ઉ.૪૬)એ રેશ્મા ચુડાસમા, અમીન ગોધાવીયા, રશીદા, સાયરા, નસીમ, સમીના સલીતનાઓ સામે ભક્તિનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. જેમાં તેઓએ જણાવ્યું કે, ગત તા.૧૮/૧૨ના તેઓ બાબરીયા મેઈન રોડ પર આવેલ મોરારીનગર શેરી નં.૬માં હોય ત્યારે તેઓને રેશ્મા ચુડાસમા સાથે થુંકવા બાબતે બોલાચાલી થઈ હતી. જેને લઈ રેશ્માએ તેઓને મનફાવે તેમ ગાળો આપી તેના ભાઈ-બહેનોને બોલાવ્યા હતા. બાદમાં તેઓ જ્યારે ઘરે હોય ત્યારે અમીન ગોધાવીયા, રશીદા, સાયરા, નસીમ, સમીના સલીતનાઓએ ઘસી આવી તેઓને ગાળો ભાંડી હતી. જેથી ગાળો બોલવાની ના પાડતા અમીને ઉશ્કેરાઈ જઈ તેઓને ફડાકા ઝીંકી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જ્યારે રશીદા અને સાયરાને પણ તેઓ સાથે ઝપાઝપી કરી હતી અને તેઓની સાથે રહેલ નસીમ અને સમીનાએ પણ ઢીકાપાટુનો માર મારતા ફરિયાદ નોંધાવવામાં આવી છે.

વિદ્યાર્થીઓ સાથેની ઈનોવેટિવ સ્કૂલની બેકાબૂ બસનો કણકોટના પાટીયે અકસ્માત : એક્ટિવાને હડફેટે લઈ થાંભલામાં ધડાકાભેર અથડાઈ

વહેલી સવારે બનેલી ઘટનામાં કોઈ જાનહાનિ ન થતાં સંચાલકો અને વાલીઓએ રાહતનો શ્વાસ લીધો : પરોઢિયે ધડાકાભેર અકસ્માત સર્જાતા બસમાં બેઠેલા છાત્રો, શિક્ષકોમાં દેકારો મચી ગયો : અકસ્માત બાદ તૂટેલો થાંભલો ડ્રાઈવર તરફનો કાચ ફોડી અંદર ઘુસી ગયો'તો જો કે તેનો બચાવ થયો : ત્રણેક છાત્રોને સામાન્ય ઈજાઓ પહોંચી

(આઝાદ સંદેશ), રાજકોટ : શહેરના કાલાવડ રોડ પર કણકોટ ગામના પાટીયા પાસે વહેલી સવારે વિદ્યાર્થીઓને લઈને જતી ઈનોવેટિવ શાળાની સ્કૂલ બસ ઉપરથી ચાલકે કાબુ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો. બેકાબૂ બનેલી સ્કૂલ બસ એક સ્કુટરને ઉલાળી વિજ થાંભલા સાથે ધડાકાભેર અથડાતાં છાત્રો, શિક્ષકોમાં દેકારો મચી ગયો હતો અને બધા ભયભીત થઈ ગયા હતાં. અકસ્માત બાદ વિજ થાંભલામાં બસ અથડાઈ પડતાં થાંભલો બટ્ટીની ડ્રાઈવર કેબીનમાં આવી ગયો હતો. બસના આગળના ભાગનો બૂકૂડો બોલી ગયો હતો. એક્ટીવા પાર્ક કરેલુ હતું તેની નજીકમાં જ બેઠેલા મહિલા સમયસર દૂર હટી જતાં બચી ગયા હતાં. બસમાં બેઠેલા છાત્રોમાંથી કેટલાકને ઈજા થયાનું જાણવા મળ્યું હતું. મળતી માહિતી મુજબ વહેલી સવારે કણકોટ ગામના પાટિયા પાસે વિદ્યાર્થીઓને લઈને જઈ રહેલી ઈનોવેટિવ ઈન્ટરનેશનલ સ્કૂલની બસના ચાલકે કણકોટ ગામના પાટીયા પાસે કાબૂ ગુમાવી દેતાં આ બેકાબૂ બસ રોડની સાઈડમાં ઉતરી ગઈ હતી અને પાર્ક કરેલા એક્ટિવાને ઠોકરે લઈ વિજ થાંભલા સાથે ધડાકાભેર અથડાતા થાંભલો ભાંગી પડ્યો હતો અને બસના આગળના ભાગમા કાચ તોડીને ઘુસી ગયો હતો. અકસ્માત સર્જાતા લોકો દોડી આવ્યા હતાં. લોકોએ બસમાંથી ગભરાયેલા વિદ્યાર્થીઓ અને શિક્ષકને બહાર કાઢી સારવાર માટે ૧૦૮ બોલાવી હતી. જો કે બસમાં રહેલા પેઢી કોઈને ખાસ ઈજા થઈ નહોતી. બે ત્રણ બાળકોને સામાન્ય ઈજા પહોંચી હોઈ સારવાર અપાઈ હોવાનું જણાવાયું હતું.

રાજકોટના વ્હોરા પરિવારને ચોટીલા નજીક અકસ્માત નડ્યો ૪૦ વર્ષના મુકુદલ ધોધારીનું મૃત્યુ, પત્ની-સંતાનો સારવારમાં

બેડીપરામાં રહેતો રીક્ષા ચાલક યુવાનનો પરિવાર ધંધુકા ભાણેજના લગ્નમાં ગયો'તો : પરત આવતી વેળાએ આપાગીગાના ઓટલા પાસે અજાણ્યા વાહને રિક્ષાને હડફેટે લીધી'તી



(આઝાદ સંદેશ), રાજકોટ : રાજકોટમાં બેડીપરા વિસ્તારમાં રહેતો દાઉદી વ્હોરા પરિવાર ધંધુકા ભાણેજના લગ્ન પતાવી પરત ફરી રહ્યો હતો. ત્યારે ચોટીલા નજીક આપાગીગાના ઓટલા પાસે અજાણ્યા વાહન ચાલકે રીક્ષાને ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં દંપતી અને બે સંતાનોને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ગંભીર રીતે ઘવાયેલા રીક્ષા ચાલકનું સારવારમાં મોત નિપજતા પરિવારમાં માતમ છવાયો છે. મળતી વિગત મુજબ રાજકોટમાં બેડીપરા વિસ્તારમાં રહેતા દાઉદી વ્હોરા મુકુદલ શબીરભાઈ ધોધારી (ઉ.વ.૪૦), તેની પત્ની ફરીદાબેન મુકુદલભાઈ ધોધારી (ઉ.વ.૩૮), પુત્ર મહમદ મુકુદલભાઈ ધોધારી (ઉ.વ.૧૨) અને પુત્રી બનુલબેન મુકુદલભાઈ ધોધારી (ઉ.વ.૧૭) રિક્ષામાં બેસી ચોટીલા તરફથી રાજકોટ આવતા હતા ત્યારે આપાગીગાના ઓટલા પાસે અજાણ્યા વાહન ચાલકે રિક્ષાને ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા એક જ પરિવારના ચારેય સભ્યોને ઈજા પહોંચતા તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં ગંભીર રીતે ઘવાયેલા રીક્ષા ચાલકનું સારવારમાં મોત નિપજતા પરિવારમાં માતમ છવાયો છે.પ્રાથમિક પૂછપરછમાં પરિવાર ધંધુકા ભાણેજના લગ્ન પ્રસંગમાં ગયો હતો અને ભાણેજને લગ્ન પતાવી પરિવાર રાજકોટ આવવા પોતાની રીક્ષા લઈને પરત ફર્યો હતો ત્યારે આપાગીગાના ઓટલા પાસે અજાણ્યા કાર ચાલકે રિક્ષા અને ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો. ભાણેજના લગ્નમાંથી પરત ફરેલા મામાનું માર્ગ અકસ્માતમાં મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે ચોટીલા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

વંથલી પાસે રિક્ષાનું ટાયર ફાટી જતા ઉનાના વૃદ્ધનું મોત

(આઝાદ સંદેશ), રાજકોટ : વંથલીના ખોખરા ફાટક પાસે રીક્ષાનું ટાયર ફાટતા રીક્ષા ગોથુ મારી જતા અંદર બેઠેલા ઉનાના નવાબંદરના વૃદ્ધને ગંભીર ઈજા તા મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી હતી. મળતી માહિતી મુજબ ઉના નવાબંદરમાં રહેતા અલીભાઈ અબ્દુલભાઈ શેખ (ઉ.૮૦) ગત ૨૪મીએ ઉનાથી રીક્ષામાં બેસી જુનાગઢ જતા હતા ત્યારે વંથલી નજીક ખોખરા ફાટક પાસે રીક્ષાના ટાયરમાં પંચર પડતા ટાયર ફાટતા રીક્ષા પલ્ટી મારી જતા અલીભાઈ સહીત ૬-૭ મુસાફરોને ઈજાઓ થઈ હતી. જેમાં અલીભાઈને માથામાં ગંભીર ઈજા પહોંચી હોય જૂનાગઢ સારવાર અપાવી રાજકોટ સિવિલમાં ખસેડાયા હતા. અહીં ગત સાંજે દમ તોડી દેતા પરિવારમાં શોક છવાઈ ગયો હતો. મૃતક વૃદ્ધને સંતાનમાં એક પુત્રી છે. આ બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે વંથલી પોલીસને જાણ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

દરેક એસટી બસના કંડકટરોને સ્માર્ટ ઈલેકટ્રોનિક ટિકિટિંગ મશીન ફાળવાયા, પ્રથમ તબક્કાના ભાગ સ્વરૂપે રાજકોટ, અમદાવાદ, જામનગર અને જૂનાગઢ ડિવિઝનની પસંદગી

રાજકોટ સહિત રાજ્યની એસટી બસોમાં પરચૂરણ કે છૂટા નાણાંની તકલિફ દૂર : મુસાફરો ઓનલાઈન ભાડુ ચુકવી શકશે

મુસાફરો પોતાના ફોનથી યુપીઆઈ અથવા ક્રેડિટ કાર્ડ અને ડેબિટ કાર્ડ મારફતે બસનું ભાડુ ચુકવી ટિકિટ લઈ શકશે : રાજ્યની ૧૮૫૦ એસટી બસમાં ઓનલાઈન ટિકિટની વ્યવસ્થા

કંડકટરો હવે એન્ડ્રોઇડ ટિકિટ મશીનથી મુસાફરો પાસેથી ભાડા મેળવે છે, ક્યુઆરના માધ્યમથી ડિઝીટલ ટ્રાન્ઝેકશન

(આઝાદ સંદેશ), રાજકોટ : રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં એસટી બસના મુસાફરોને ભાડા માટે કંડકટર દ્વારા કાયમ છૂટા પૈસાની તકલિફ પડી રહી છે. ક્યારેક ટિકિટ પાછળ બાકી પૈસા કે રકમ લખી અપાતી હતી અને બસ સ્ટેન્ડ આવે તે પૂર્વે કંડકટર પાસેથી માંગી લેવામાં આવતી હતી પરંતુ ૨૧મી સદી હાઈટેક બની રહી છે અને બસની અંદર છુટા નાણાની મુશ્કેલી ગણો કે ઝંઝટમાંથી હવે મુસાફરોને છૂટકારો મળશે. વાત આટલેથી જ અટકતી નથી પરંતુ રાજકોટમાં એસટીની બસમાં એન્ડ્રોઈડ ટિકિટ મશીન હવે કંડકટરોને આપવામાં આવી રહ્યું છે જેથી મુસાફર ઓનલાઈન ભાડાની રકમ ચુકવી શકે. ડિઝીટલ ગુજરાતના મંત્રને વેગ આપવા તમામ જિલ્લાના બસ સ્ટેન્ડ ડેપોના કંડકટરને આવા એન્ડ્રોઈડ ટિકિટ મશીન આપવામાં આવી રહ્યું છે. રાજકોટ સહિત રાજ્યભરની અંદાજીત ૮૫ હજાર કરતાં વધુ એસટી બસો ઓપરેટ કરતું નિગમ હવે આગામી દિવસોમાં કેસલેશ બની જશે. તાજેતરમાં વાહન વ્યવહાર મંત્રી દ્વારા સ્માર્ટ ઈલેકટ્રોનિક ટિકિટિંગ મશીનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું ઉપરોકત એન્ડ્રોઈડ ટિકિટ મશીન પ્રથમ તબક્કાના ભાગ સ્વરૂપે રાજકોટ, અમદાવાદ, જૂનાગઢ અને જામનગર વિભાગની આશરે ૧૮૫૦થી વધુ એસટી બસમાં આવા એન્ડ્રોઈડ મશીનનો ઉપયોગ કરાશે. ૩૨ હજારથી વધારે એન્ડ્રોઈડ ટિકિટ મશીન (સ્માર્ટ ઈલેકટ્રોનિક ટિકિટિંગ મશીન) ફાળવવામાં આવ્યા છે. ક્યુઆર પેમેન્ટના માધ્યમથી ડિઝીટલ ટ્રાન્ઝેકશન કરવામાં આવી રહ્યું છે. રાજ્યની એસટીમાં દૈનિક ૧૧ હજાર કરતા પણ વધારે મુસાફરો એન્ડ્રોઈડ ટિકિટ મશીનનો ઉપયોગ કરી ઓનલાઈન ભાડુ ચુકવે છે આ વ્યવસ્થાના પગલે મુસાફરો પોતાના જ મોબાઈલથી અથવા ક્રેડિટ કાર્ડથી ટિકિટ મેળવે છે.

વાંકાનેરના ગાયત્રીનગરમાં સામાન્ય બાબતે પાડોશીઓ બાખડી પડયા

૧૦ વર્ષના બાળક દીગુએ સામુ જોતા મામલો ગરમાયો'તો ઈજાગ્રસ્તોને સારવારમાં રાજકોટ સિવિલમાં ખસેડાયા

(આઝાદ સંદેશ),રાજકોટ: વાંકાનેરના ગાયત્રીનગરમાં રહેતા યુવાન અને તેના બહેન તથા બનેવી તથા માતા પર પડોશમાં જ રહેા શખસોએ મળી લાકડી-પાઈપથી હુમલો કરી ચારેયને લોહીલુહાણ કરી નાખતા વાંકાનેર સારવાર અપાવી વધુ સારવાર માટે રાજકોટ સિવિલમાં ખસેડાયા હતા. આ બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે વાંકાનેર પોલીસને જાણ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. મળતી માહિતી મુજબ વાંકાનેરના ગાયત્રીનગરમાં રહેતા પીન્ટુ જીણાભાઈ મંદરીયા (ઉ.૩૨)એ જણાવ્યું હતું કે મારો ૧૦ વર્ષનો દીકરો દીગુ ઘર પાસે અમારા માતાજીના મઢે દર્શન કરતો હતો. ત્યારે નજીકમાં સંજય ઉભો હોય તેની સામે જોતા સંજયે કહ્યું તું કેમ મારી સામે જોવે છે? કહી મારા દીકરાને લાફા મારી લેતા અમે તેને આ રીતે છોકરાને ન મરાય તેમ કહી સમજાવતા સંજયે તેના ભાઈઓ સાથે મળી લાકડી-પાઈપથી હુમલો કર્યો હતો. જેમાં પીન્ટુભાઈ, બહેન રેખા (ઉ.૪૦) તથા બનેવી મુકેશભાઈ દાલકીયા (ઉ.૪૫) તથા માતા જીવુબેન જીણાભાઈ મંદરીયા (ઉ.૪૮)ને ઈજા થઈ હતી. આ બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે વાંકાનેર પોલીસને જાણ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

સોનીબજારમાં આવેલ રાધાસખી એપાર્ટમેન્ટમાં દારૂની મહફિલ માણતા પાંચ ખ્યાસીઓ ઝડપાયા

શહેર પોલીસે પાડેલા અંગ્રેજી દારૂના ૩ દરોડામાં ૨ મહિલા સહિત ૬ શખસો સામે ગુનો દાખલ

(આઝાદ સંદેશ),રાજકોટ: રાજકોટ શહેરમાં થર્ટી ફર્સ્ટની ઉજવણી પુર્વે જ ખ્યાસીઓના પ્રમાણમાં વધારો જોવા મળી રહ્યો છે. જેને ધ્યાને લઈ શહેર પોલીસ પણ હરકતમાં આવી ખ્યાસીઓને કાયદાના પાઠ ભણાવવાનું શરૂ કર્યું છે ત્યારે એ ડિવી.પોલીસે દારૂની મહેફીલ માણતા પાંચ શખસોને જ્યારે જુદા જુદા પોલીસ મથકોએ અંગ્રેજી દારૂના ૩ દરોડા પાડી ૨ મહિલા સહીત ૬ શખસો સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. મળતી માહિતી મુજબ રાજકોટ શહેર પોલીસ કમિશ્નર સહીતના ઉચ્ચ અધિકારીઓએ થર્ટી ફર્સ્ટની ઉજવણી શાંતિપુર્વક થાય તેમજ દારૂની બદીને ડામી દેવા સુચના આપી હોય જેને ધ્યાને લઈ એ ડિવી.પોલીસ મથકના પીઆઈ આર.જી.બારોટના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કવોડની ટીમ પેટ્રોલીંગમાં હોય ત્યારે મળેલી બાતમીના આધારે સોની બજારના દરબારગઢમાં આવેલ રાધાસખી એપાર્ટમેન્ટમાં દરોડો પાડી અંગ્રેજી દારૂની મહેફીલ માણતા હર્ષદ છાંટબાર (ઉ.૪૯), કૌશીક પટેલ (ઉ.૪૨), હસમુખ દેસાઈ (ઉ.૩૯), પ્રવિણ પટેલ (ઉ.૫૪), નરેન્દ્ર પટેલ (ઉ.૩૫) સહીતનાઓને દારૂના જથ્થો સાથે ઝડપી લઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

બીજા દરોડામાં બી ડિવી.પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હોય ત્યારે મળેલ બાતમીના આધારે આડા પેડક રોડે આવેલ સ્વીમીંગ પુલ પાસે દરોડો પાડી અંગ્રેજી દારૂની ૪ બોટલ સાથે જેન્તી વેકરીયા (ઉ.૪૧)ને ઝડપી લઈ ક્રાયટેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ત્રીજા દરોડામાં ગાંધીગ્રામ પોલીસ મથકના સર્વેલન્સ સ્કવોડના પીએસઆઈ એસ.એલ.ગોહીલના માર્ગદર્શન હેઠળ ટીમ પેટ્રોલીંગમાં હોય ત્યારે ૧૫૦ ફુટ રીંગ રોડ પર આવેલ ગોકુલ મથુરા એપાર્ટમેન્ટની સામે દરોડો પાડી અંગ્રેજી દારૂના ૨૧ ચપલા સાથે મનીષ પાઉંની અટકાયત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ચોથા દરોડામાં આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ અંગ્રેજી દારૂના કેસો શોધી કાઢવા પેટ્રોલીંગમાં હોય ત્યારે સરધારથી નવાગામ તરફ જતા રોડ પરથી બીયરનો જથ્થો લઈ મોપેડ પસાર થવાનું હોય તેવી બાતમી મળતા સ્ટાફે પસાર થયેલ મોપેડને અટકાવી તલાશી લેતા તેમાંથી બીયરના ૨૪ ટીન મળી આવતા પોલીસે મોપેડ અને મોબાઈલ તથા બીયર મળી કુલ રૂા.૭૮ હજારના મુદામાલ સાથે ખુરબુબા મકવાણા (ઉ.૧૯)ની અટકાયત કરી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. જ્યારે બીયરનો જથ્થો મોકલનાર નીલેશ મકવાણા અને બીયરનો જથ્થો મંગાવનાર રહીમ અને ગુલાબબા સામે ગુનો નોંધી તેઓને શોધી કાઢવા તજવીજ હાથ ધરી હતી.

ગોંડલના પાટીદડ ગામે રૂરલ એલસીબીનો દરોડો : ૩૧મી ડિસેમ્બર પૂર્વે રૂ.૨૬ લાખનો અંગ્રેજી દારૂ ઝડપી પાડ્યો

પીઆઈ વી.વી.ઓડેદરાના માર્ગદર્શન હેઠળ ટીમનો દરોડો : દારૂના વેપલા માટે પંકાયેલો અજય ઉર્ફે પંકજ મકવાણા મળી ન આવતા શોધી કાઢવા ધમધમાટ

(આઝાદ સંદેશ),રાજકોટ : રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક હિમકરસિંહે દારૂ તથા જુગારની બદીઓને નાબૂદ કરવા સૂચના આપી હોય જેને ધ્યાને લઈ રૂરલ એલસીબીની ટીમે ગોંડલના પાટીદડ ગામે દરોડો પાડી રૂ.૨૬ લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી લઈ નામીચા બુટલેગરની શોધખોળ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષકની સુચનાને અનુસરીને રાજકોટ રૂરલ એલસીબી પીઆઈ વી.વી.ઓડેદરાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એચ.સી.ગોહિલ અને કે.એમ.ચાવડાની જુદી-જુદી ટીમો કાર્યરત હોય ત્યારે ટીમના પો.હેડ કોન્સ. અનિલ ગુજરાતી, ભગીરથસિંહ જાડેજા, વાઘા આલ તથા પો.કોન્સ. મહિપાલસિંહ ચુડાસમાને ગોંડલ તાલુકાના પાટીદડ ગામમાં હાઈબોન્ડ સિમેન્ટ તરફ જવાના રસ્તે ૧૦૦ વારીયા પ્લોટ વીસ્તારમાં આવેલ પડતર મકાનમાં પાટીદડ વાળા નામીચા બુટલેગર અજય ઉર્ફે પંકજ જેન્તીભાઈ મકવાણાએ આવનારી ૩૧ને લીધે વેચાણ અર્થે મોટા પ્રમાણમાં અંગ્રેજી દારૂનો જથ્થો ઉતારી સંતાડી રાખેલ છે તેવી ચોક્કસ બાતમી મળતા ટીમે દોડી જઈ દરોડો પાડતા ત્યાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની પેટીઓ-૩૫૦ નાની મોટી બોટલો નંગ-૬,૭૯૨ કુલ કિ.રૂ.૨૬,૦૩,૨૦૮/-નો જથ્થો મળી આવતા કબ્જે કરી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.જોકે, નામચીન બુટલેગર અજય મકવાણા મળી ન આવતા તેની શોધખોળ હાથ ધરાઈ છે.અત્રે ઉલ્લેખનીય છે કે પોલીસ મથકમાં અગાઉ પ્રોહીબીશનના ૧૭ ગુન્હાઓ નોંધાયા છે. ઉપરોકત કામગીરીમાં રૂરલ એલસીબીના પીઆઈ વી.વી.ઓડેદરા તથા પીએસઆઈ એચ.સી.ગોહીલ તથા કે.એમ.ચાવડા તેમજ એલસીબીના એ.એસ.આઈ.બાલકૃષ્ણ ત્રીવેદી, અમીતસિંહ જાડેજા, પો.હેડ કોન્સ.અનિલ ગુજરાતી, ભગીરથસિંહ જાડેજા, વાઘા આલ, રસીક જમોડ, ઘનશ્યામસીંહ જાડેજા, પો.કોન્સ.મહિપાલસિંહ ચુડાસમા, ભાવેશ મકવાણા, દિલીપસીંહ જાડેજા તથા અનીરૂધસીંહ જાડેજા સહિતનાઓ જોડાયા હતા.

આટકોટ પોલીસ મથકના પ્રોહિબિશનના ગુનામાં ચાર માસથી નાસી રહેલો આલકુ ઝડપાયો

(આઝાદ સંદેશ), રાજકોટ : રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક હિમકરસિંહે ગુનાખોરીને ડામી દેવા તેમજ વિવિધ ગુનાહિત પ્રવૃત્તિઓ આચરી નાસતા ફરતા હોય તેવા શખસોને ઝડપી પાડવા સૂચના આપી હોય જેને ધ્યાને લઈ રૂરલ એલસીબી પીઆઈ વી.વી. ઓડેદરાની જુદી-જુદી ટીમો કાર્યરત હોય ત્યારે ટીમના જીતેન્દ્ર ગોહિલ, મથુર વાસાણી અને ભોજા ત્રમટાને આટકોટ પોલીસના પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા ચાર માસથી નાસતો ફરતો બોટાદનો આલકુ ગોવાળિયા હાલ આટકોટ-જસદણ ટી-પોઈન્ટ ચોકડી પાસે આવ્યો હોય તેવી ચોક્કસ બાતમી મળતાં તેના આધારે ટીમે દોડી જઈ તેને દબોચી લઈ જરુરી કાર્યવાહી હાથ ધરી હતી.

વાંકાનેરમાં પોતાને બદનામ કરતા હોવાનો ખાર રાખી ભાઈ અને ભત્રીજાએ હુમલો કરતા સગડીમાં પડેલા વૃદ્ધ દાઝી ગયા

જીવાભાઈ મકવાણા (ઉ.વ.૬૦)ને દાઝેલી હાલતમાં રાજકોટ સિવિલમાં ખસેડાયા : ધોરાજીના મોટીમારડમાં મુકેશ પરમાર (ઉ.વ.૩૯) ભજીયા બનાવતી વખતે પગ ઉપર તેલ પડતાં રાજકોટ ખસેડાયો

(આઝાદ સંદેશ),રાજકોટ: વાંકાનેરના શક્તિ પાર્કમાં રહેતા વૃદ્ધને તેના ભાઈ-ભત્રીજાએ માર મારતા સગડીમાં પડી જવાને લીધે તેઓ દાઝી ગયા હતા. જેને લઈ તેઓને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિલમાં ખસેડવામાં આવ્યા હતા. મળતી માહિતી મુજબ વાંકાનેરના શક્તિ પાર્કમાં રહેતા જીવાભાઈ લાખાભાઈ મકવાણા (ઉ

રાજકોટમાં ટીબીની બિમારીથી પીડાતાં યુવાનનું મોત નીપજ્યું

સંતકબીર રોડ ઉપર રહેતા રવિન્દ્ર જાખેલિયા (ઉ.વ.૪૦)એ સારવારમાં દમ તોડ્યો : ફિનાઇલ, એસિડ અને ઝેરી દવા પીવાના છ બનાવો

(આઝાદ સંદેશ), રાજકોટ : રાજકોટ શહેરમાં સંતકબીર રોડ ઉપર આવેલ બાલકૃષ્ણ સોસાયટીમાં રહેતા રવિન્દ્ર ગોરધનભાઈ જાખેલિયા (ઉ.વ.૪૦)ને ટીબીની બિમારી સબબ તબિયત લથડતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેઓનું મોત નીપજ્યું હતું. આ અંગે થોરાળા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી જ્યારે કે, ભગવતીપરા મેઈન રોડ ઉપર સુખસાગર સોસાયટીમાં રહેતી જાનવી વિશાલભાઈ નકુમ (ઉ.વ.૨૧) ગત રાત્રે તેના ઘરે બેભાન થઈ જતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

આ ઉપરાંત પુનિતનગર મેઈન રોડ ઉપર રહેતા રામસિંહ તેજુભા જાડેજા (ઉ.વ.૫૩)એ કોઈ કારણોસર ઝેરી દવા પી લેતાં તેને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બીજા બનાવમાં નવા થોરાળા શેરી નં-૪માં રહેતી ભૂમિકા કાંતિભાઈ બેડવા (ઉ.વ.૨૦)એ કોઈ કારણોસર ઝેરી દવા પી લેતાં તેને સારવાર માટે સિવિલમાં ખસેડવામાં આવી હતી. ત્રીજા બનાવમાં માધાપર ગામે રહેતા દક્ષાબેન અનિલભાઈ પરમાર (ઉ.વ.૨૬)એ કોઈ કારણોસર ફિનાઈલ પી લેતાં તેને સારવાર માટે સિવિલમાં ખસેડવામાં આવી હતી. ચોથા બનાવમાં વેલનાથપરાના જડેશ્વરમાં રહેતા ઈશિતાબેન પરષોતમભાઈ કડિયા (ઉ.વ.૧૭)એ કોઈ કારણોસર એસિડ પી લેતાં તેને સારવાર માટે સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. પાંચમા બનાવમાં લોધીકાના ખીરસરા ગામે રહેતા ગંગાબેન વાલજીભાઈ ચાવડા (ઉ.વ.૭૦) નામના વૃદ્ધાએ માનસિક બિમારી સબબ બ્લિચિંગ પાવડર ખાઈ લેતા તેને રાજકોટ ખાનગી હોસ્પિટલ બાદ સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. છઠ્ઠા બનાવમાં સુરેન્દ્રનગરના થાનમાં તરણેતર ગામે રહેતા જગદીશ ભોપાભાઈ સીતાપરા (ઉ.વ.૨૭) નામના યુવાને દારૂના નશામાં ઝેરી દવા પી લેતાં સારવાર માટે રાજકોટ ખસેડાયા હતા.

સુરતમાં હૈયું હચમચાવતી ઘટના : યુવકે માતા-પિતા તેમજ પત્ની અને પુત્રના ગળાં કાપી આપઘાતનો પ્રયાસ કર્યો

સરથાણામાં બનેલા બનાવથી ખળભળાટ : અમરેલીના સાવરકુંડલાના વતની જીવાણી પરિવારમાં કૌટુંબિક માથાકૂટ ચાલતી હોવાની ચર્ચા : સ્મિત જીવાણીએ કરેલા હુમલામાં તેની પત્ની હિરલબેન અને પુત્ર ચાહતના મોત નીપજ્યાં : માતા વિલાસબેન તેમજ પિતા લાભુભાઈની હાલત ગંભીર

(આઝાદ સંદેશ), રાજકોટ : સુરતના સરથાણા તક્ષશિલા નજીક સૂર્યા એપાર્ટમેન્ટમાં આજે સવારે સ્મિત લાભુભાઈ જીવાણી નામના યુવાને ખૂની ખેલ ખેલ્યો હતો. સ્મિતે તેના માતા-પિતા, પત્ની અને પુત્રને ચપ્પુના ઘા ઝીંક્યા બાદ પોતાના ગળા અને હાથ પર પણ ચપ્પાના ઘા માર્યા હતા. આ ઘટનામાં યુવાનની પત્ની અને પુત્રનું મોત નીપજ્યું હતું. જ્યારે યુવાન સ્મિત લાભુભાઈ જીવાણીના માતા-પિતાની હાલત ગંભીર છે.

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ મૂળ અમરેલીના સાવરકુંડલાના વતની અને સુરતમાં સરથાણા તક્ષશિલા નજીક સૂર્યા એપાર્ટમેન્ટમાં રહેતા સ્મિત લાભુભાઈ જીવાણીએ આજે સવારે અલગ રૂમમાં સુતેલી પત્ની હિરલબેન અને પુત્ર ચાહત તેમજ માતા વિલાસબેન અને પિતા લાભુભાઈ ઉપર ઘરના રસોડામાં વપરાતા ચપ્પુ વડે હુમલો કરી બાદમાં 'હું એકલો થઈ ગયો મારુ કોઈ નથી' તેમ કહી પોતાના ગળા ઉપર અને હાથ ઉપર પણ ચપ્પુ ફેરવ્યું હતું. બનાવની જાણ થતા એકત્ર થયેલા લોકોએ તમામને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જેમાં ડોક્ટરોએ સ્મિતની પત્ની અને પુત્રને મૃત જાહેર કર્યા હતા. જ્યારે સ્મિત અને તેના માતા-પિતાની હાલત ગંભીર બતાવાઈ છે. સરથાણા પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે સ્મિમેર હોસ્પિટલ ખસેડ્યા છે. ઉલ્લેખનીય છે કે પારિવારિક મનદુઃખના કારણે ઘરમાં ઝઘડો ચાલતો હતો. જેને લઈને આ કરુણ ઘટના બની હોવાનું ચર્ચાઈ રહ્યું છે. પરિવાર મૂળ અમરેલીના સાવરકુંડલાનો રહેવાસી હોવાનું સામે આવ્યું છે. એસીપી વિપુલ પટેલે જાણકારી આપતા જણાવ્યું હતું કે, આજે (૨૭ ડિસેમ્બર) સવારે સરથાણા પોલીસ સ્ટેશન નજીક રાજહંસ સ્વપન સૃષ્ટિ બંગ્લોઝ સોસાયટીમાં સૂર્યા ફ્લેટની અંદર ૮માં માળે એક વ્યક્તિએ પોતાને તથા પોતાના પરિવારને ઈજા પહોંચાડી હોવાનો કોલ મળતા તાત્કાલિક સરથાણા પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચ્યો હતો. જ્યાં તપાસ કરતા માલૂમ પડ્યુ હતું કે, ઘર નં.૮૦૪માં રહેતા સ્મિત જીવાણીએ તેના પિતા લાભુભાઈ તથા માતા વિલાસબેન, પત્ની હિરલબેન, પુત્ર ચાહત અને પોતાને પણ ઈજા પહોંચાડી હતી. જેમાં તેનાં પત્ની અને પુત્રનું મોત નીપજ્યું છે. જ્યારે તેનાં માતા-પિતા અને પોતે હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

આ અંગે તપાસ કરતા વિગત મળી છે કે, હુમલો કરનારના કાકાનું થોડા દિવસ પહેલાં આકસ્મિક રીતે મૃત્યુ થયું હતું. જેના પગલે રીતરિવાજ મુજબ સ્મિત તેઓના ઘરે બેસવા-ઊઠવા જતો હતો. ત્યારે તેમના કાકાનાં કુટુંબીજનોને અંદરોઅંદર કંઈક મનદુઃખના કારણે કાંઈક ઘટ્યું હતું. જ્યારે તેઓએ સ્મિત અને તેના પરિવારને અમારા ઘરે આવવું નહીં અને તમારા અમારા કોઈ સંબંધ નથી તેમ જણાવ્યું હતું. તેનું લાગી આવતા સ્મિતે આ બનાવને કરુણ અંજામ આપ્યો હોવાનું બહાર આવ્યું છે. સ્મિતની હાલત વધુ ગંભીર હોવાથી તેને અલગ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો છે.

વી..વી .પી. સંચાલિત 'ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેક્ચર'(ઈપ્સા) અને 'કીચ સ્કુલ ઓફ ડિઝાઇન' (કે.એસ.ડી.) આયોજિત

વાર્ષિક વિદ્યાર્થી મહોત્સવ 'મેલાન્જ-૨૪'નું સફળ આયોજન

મેલાન્જ-૨૪માં પ્રેઝ ન્ટેશન રજૂ કરતા દેશ -વિદેશના વિખ્યાત આર્કિટેક્ટસના કૌશલ્યોનો લાભ મેળવતો વિશાળ જનસમૂહ

(આઝાદ સંદેશ),રાજકોટ : આર્કિટેક્ચરના વિદ્યાર્થીઓના વિષયજ્ઞાનના વિવિધલક્ષી નિદર્શનના અદભૂત પ્લેટફોર્મ સમા વી.વી.પી.સંચાલિત ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેક્ચર (ઈપ્સા) અને કીચ સ્કુલ ઓફ ડિઝાઈન (કે.એસ.ડી.) આયોજિત ત્રિદિવસીય વાર્ષિક વિદ્યાર્થી મહોત્સવ 'મેલાન્જ-૨૪' નું દબદબાભર્યું સફળ આયોજન કરવામાં આવેલ હતું. ત્રિદિવસીય સમારોહ દરમ્યાન યોજાયેલ પ્રેઝન્ટેશન્સ, પ્રદર્શનો, ચર્ચાસત્રો, મનોરંજન અને સાહિત્યિક કાર્યક્રમોનો સ્તાપત્યકલા તથા આનુસંગિક વિષયો સંલગ્ન વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો, પ્રેક્ટીસિંગ આર્કિટેક્ટસ, એન્જિનીયર્સ, અધિકારીઓ, ઉદ્યોગપતિઓ, તેમજ વિશાળ સંખ્યામાં જનસામાન્યએ લાભ ઉઠાવેલ હતો. સમારોહના મુખ્ય મહેમાન એવા લોકભારતી યુનીવર્સીટી ફોર રૂરલ ઈનોવેસનના વાઈસ પ્રોવોસ્ટ ડો.વિશાલ ભાદાણીના હસ્તે મંચસ્થ મહાનુભાવોની ઉપસ્થિતિમાં દીપ-પ્રાગટ્ય થકી સમારોહને ખુલ્લો મુકવામાં આવેલ હતો. ઉદઘાટન સમારોહમાં સ્ટુડંટ કાઉન્સિલના સભ્યો દ્વારા મહેમાનોનું સ્વાગત તેમજ મેલાન્જ મહોત્સવની થીમ 'કનેક્ટીંગ ડોટ્સ'ની વિભાવનાનું વિવરણ કરવામાં આવેલ હતું. સંસ્થાના નિયામક આર્કિ.કિશોરભાઈ ત્રિવેદીએ પ્રસંગોચિત ઉદબોધનમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા જણાવેલ કે 'આ તમારો કાર્યક્રમ છે અમો તો મહેમાન છીએ' તેમજ ઉપસ્થિત સર્વેનો આભાર માની 'ઈપ્સા' ના સીલ્વેર જ્યુબીલી વર્ષ તથા તે દરમ્યાન યોજાનાર અનેકવિધ કાર્યક્રમો અંગે જાણકારી તેમજ આગામી સમયમાં 'ઈપ્સા'ના અન્ય સંસ્થાઓ સાથેના જોડાણની રૂપરેખા આપેલ હતી, તેમજ દેશની ટોચની ૨૦ આર્કિટેક્ચર કોલેજમાં 'ઈપ્સા'એ મેળવેલ સ્થાનની ગૌરવભરી જાહેરાત કરેલ હતી. વી.વી.પી.ટ્રસ્ટના ઈન્ચાર્જ ચેરમેન ડો.નરેન્દ્રભાઈ દવેએ પોતાના ઉદબોધનમાં લોકઉપયોગી સંકલ્પ થકી ૧૭૦ થી વધુ પૂલનું નિર્માણ કરનાર પદ્મશ્રી વિજેતા વ્યક્તિનું પ્રેરણાદાયી ઉદાહરણ વિદ્યાર્થીઓને આપી સંકલ્પ સભર બનવા પ્રોત્સાહિત કરતા સમજાવેલ કે મનુષ્ય દ્વારા સંકલ્પ કરેતો અશક્ય લગતી બાબતને પણ શક્ય બનાવી શકે છે.સમારોહના મુખ્ય મહેમાન તથા પ્રખર વક્તા ડો.વિશાલ ભાદાણીએ ન્યુરોલોજી, આર્ટીફીસીઅલ ઈન્ટેલિજન્સ, સોસીયલ મીડિયા, સમાજ, એતિહાસિક તથ્યો, તેમજ વિદ્યાર્થીઓના ભાવી એજેંડા, વિગેરે અંગે મનનીય અને વિદ્વતાસભર વક્તવ્ય આપેલ હતું, જેમાં 'મેલાન્જ'ની થીમ 'કનેક્ટીંગ ડોટ્સ' શબ્દના ઉદ્ગમ નું સ્થાપત્યકલા સાથેનું રસપ્રદ જોડાણ ઉજાગર કરી, વિદ્યાર્થીઓને પોતાના વ્યવસાયમાં જે ડોટ્સને સમજીને જોડવાના છે તેમજ જે ડોટ્સને કાઢી નાખવાના છે તેવા વિવિધ પરિબળો રૂપી ડોટ્સની તલસ્પર્શી માહિતી આપી ભવિષ્યમાં ખ્યોરીટી, ક્વેરિટી, તેમજ થ્યોરીટીના ગુણો કેળવી ઉજ્જ્વળ ભવિષ્યના લક્ષ્યાંકો પ્રાપ્ત કરવા હેતુના ચિંતન મનોમંથનનું ભાથું પૂરું પડેલ હતું. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવો દ્વારા સંસ્થાની યર બૂક 'ક્રોનિકલ'નું અનાવરણ કરવામાં આવેલ હતું. ઉદઘાટન સમારોહ બાદ વિદ્યાર્થી કૃતિઓ તેમજ પ્રોફે.પર્સી આદીલ પીઠાવાલાના પ્રોજેક્ટ્સના પ્રદર્શનોને ખુલ્લા મુકવામાં આવેલ હતા. સમારોહના પ્રથમ દિવસે બપોર બાદ વિદ્યાર્થીઓ કૃત 'થોટ્સ ઓન ધ ડોટ્સ' કાર્યક્રમ, અમદાવાદના આર્કિ.રિચેન પટેલ તેમજ શ્રીલંકાના આર્કિ.પર્લીડા કસનગરાના પ્રેઝન્ટેશન અને મ્યુઝીક બેન્ડના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ હતું.મહોત્સવના બીજા દિવસે વર્કશોપ, 'થોટ્સ ઓન ધ ડોટ્સ', બેંગલુરુના આર્કિ.સેન્થીલકુમાર દોસ, પુનાના ઈન્ટીરીઅર ડીઝાઈનર પ્રતાપ જાદવ, તેમજ વડોદરાના આર્કિ.પ્રોફે.પર્સી આદીલ પીઠાવાલાના પ્રેઝન્ટેશન અને પ્રખ્યાત લોક ગાયક ઓસ્માણ મીરના સંગીત કાર્યક્રમના આયોજન કરાયેલ હતા.મહોત્સવના ત્રીજા દિવસે અમદાવાદના આર્કિ.આનંદ સોનેચા, સુરતના આર્કિ.નોમાન મલિક, બેલગાવના આર્કિ.પ્રવીણ બાવેઝર, તેમજ બેંગલુરુના આર્કિ.મીતા જૈનના પ્રેઝન્ટેશન, 'કલા કલેક્ટીવ' ની સહભાગિતા સાથેનો જગદીશ ચીતારાનો વર્કશોપ, 'ઓન ધ સ્પોટ'નામક મનોરંજક વિદ્યાર્થી રમતો, તેમજ સાંસ્કૃતિક સંધ્યાના કાર્યક્રમોને લોકોએ મનભરીને માણ્યા હતા. 'મેલાન્જ-૨૪'ના ત્રણેય દિવસો દરમ્યાન યોજાયેલ અનેકવિધ કાર્યક્રમોનો ઉપસ્થિત વિશાળ જનસમૂહએ અવિરતપણે લાભ લીધેલ હતો. 'મેલાન્જ-૨૪'ના સમગ્ર આયોજનને સફળ બનાવવા ટ્રસ્ટના ટ્રસ્ટીગણ કૌશિકભાઈ શુક્લ, હર્ષલભાઈ મણીયાર, ડો.સંજીવભાઈ ઓઝા, ડો.નરેન્દ્રભાઈ દવે, ડો.નવીનભાઈ શેઠના વડપણ હેઠળ તથા સંસ્થાના નિયામક આર્કિ.કિશોરભાઈ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેક્ચર ના આચાર્ય અને ડીન આર્કિ.દેવાંગભાઈ પારેખ તથા કિચ સ્કૂલ ઓફ ડિઝાઈનના આચાર્ય શૈલીબહેન ત્રિવેદી, સ્ટુડંટ કાઉન્સિલના સદસ્યો તેમજ સ્ટાફ મેમ્બર્સએ ભારે જહેમત ઉઠાવેલ હતી. મહોત્સવના સફળ આયોજન બદલ ટ્રસ્ટીગણ એ સર્વે કર્મચારી તથા વિદ્યાર્થીગણને બીરાંવેલ હતા.

જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા ૪૨મો એસજીવીપી રીબડા ખાતે રકતદાન કેમ્પ યોજાયો

(આઝાદ સંદેશ),રાજકોટઃ જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૪૨મો એસ.જી.વી.પી., રીબડા ખાતે પંચાબ્દિ પર્વ નિમિત્તે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પમાં કુલ ૪૪ બોટલ રકત એકત્ર થયું હતું. ઉપરાંત જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બહોળા પ્રમાણમાં અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાનના સંકલ્પ પત્રો ભરાયા. કેમ્પમાં સતીષભાઈ જોષી, અતુલભાઈ શાહ, નાથાભાઈ ચોટિલિયા તથા બી.વી.શર્માએ સહયોગ આપ્યો હોવાનું ચેરમેન ઉમેશ મહેતાની યાદીમાં જણાવ્યું છે.

પૂર્વ વડાપ્રધાન, પ્રખર અર્થશાસ્ત્રી ડો.મનમોહનસિંહને શ્રધ્ધા સુમન પાઠવતા મહાનગરપાલિકાના પદાધિકારીઓ

(આઝાદ સંદેશ) રાજકોટ : દેશના પૂર્વ વડાપ્રધાન, પ્રખર અર્થશાસ્ત્રી અને વૈશ્વિકીકરણ-ઉદારીકરણ નીતિના પ્રણેતા ડો.મનમોહનસિંહનું અવસાન થતાં મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ ચેરમેન જયમીન ઠાકર, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયાએ શ્રધ્ધાસુમન પાઠવીને જણાવ્યું છે કે, ડો.મનમોહનસિંહ વર્ષ ૨૦૦૪માં દેશના ૧૩માં વડાપ્રધાન બન્યા અને મે ૨૦૧૪ સુધી આ હોદ્દા પર બે ટર્મ સુધી રહ્યા હતા. તેઓ દેશના પ્રથમ શીખ અને ચોથા સૌથી લાંબા સમય સુધી વડાપ્રધાન રહ્યા હતા. ડો.મનમોહનસિંહ વર્ષ ૧૯૭૧માં વાણિજ્ય મંત્રાલયમાં આર્થિક સલાહકાર તરીકે, વર્ષ ૧૯૮૫ થી ૧૯૮૭ યોજના આયોગના પ્રમુખ તરીકે, વર્ષ ૧૯૮૨ થી ૧૯૮૫ સુધી ભારતીય રિઝર્વ બેંકના ગવર્નર તરીકે, વર્ષ ૧૯૯૧માં દેશના નાણામંત્રી તરીકે સેવા આપી હતી.નાણામંત્રી તરીકેના કાર્યકાળમાં તેઓએ આર્થિક સુધારા કરી દેશને આર્થિક મંદીમાંથી બહાર લાવવા મહત્વનું યોગદાન આપ્યું હતું. વર્ષ ૧૯૯૧માં વૈશ્વિકીકરણ-ઉદારીકરણ, વર્ષ ૨૦૦૫માં માહિતી અધિકારનો કાયદો, વર્ષ ૨૦૦૫માં રોજગાર ગેરેંટી યોજના, વર્ષ ૨૦૦૬માં ઓળખ માટે આધારકાર્ડ અને વર્ષ ૨૦૦૬માં અમેરિકા સાથે ન્યુકિલયર ડીલ જેવા ઐતિહાસિક નિર્ણયો તેઓએ લીધા હતા.

પૂર્વ વડાપ્રધાન અને પ્રખર અર્થશાસ્ત્રી ડો. મનમોહનસિંહને શ્રધ્ધાંજલિ આપતા શહેર કોંગ્રેસના આગેવાનો

(આઝાદ સંદેશ),રાજકોટ : રાજકોટ શહેર કોંગ્રેસના પૂર્વ પ્રમુખ પ્રદીપભાઈ ત્રિવેદી, ડો.પ્રકાશ જોશી, ડો.રાજેશ ત્રિવેદી, ડો.વિરલ ભટ્ટે ભારતના પૂર્વ વડાપ્રધાન અને વિશ્વના પ્રખર અર્થશાસ્ત્રી ડો. મનમોહનસિંહના અવસાન અંગે દુખની લાગણી વ્યકત કરી છે. તેઓએ શ્રધ્ધાંજલિ આપતા કહ્યું છે. કે ડો. મનમોહનસિંહ એક અસાધારણ નેતા હતા. જેમણે ભારતના ઈતિહાસ પર અમીટ છાપ છોડી છે. ભારતના ૧૩મા વડા પ્રધાન તરીકે, તેમણે ૨૦૦૪થી ૨૦૧૪ સુધી અત્યંત સમર્પણ અને અખંડિતતા સાથે રાષ્ટ્રની સેવા કરી. શરૂઆતથી લઈને વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત અર્થશાસ્ત્રીઓ અને રાજકારણીઓ બનવા સુધીની તેમની નોંધપાત્ર સફર ખરેખર પ્રેરણાદાયી છે. તેમના નેતૃત્વ હેઠળ, ભારતે અભૂતપૂર્વ આર્થિક વિકાસ સાક્ષી આપ્યો, જેમાં દેશની જીડીપી વાર્ષિક સરેરાશ ૮-૯ટ્ક્ના દરે વૃદ્ધિ પામી હતી. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ અને માહિતીનો અધિકાર કાયદો,એ લાખો ભારતીયોના જીવન પર ઊંડી અસર કરી છે. શિક્ષણ અને આરોગ્યસંભાળ પ્રત્યે તેમની પ્રતિબદ્ધતા નેશનલ રૂરલ હેલ્થ મિશન અને બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણ, અર્બન વિસ્તાર માટે JNNURM જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન, દેશના નાગરિકો માટે NFSA નેશનલ ફૂડ સિક્યુરિટી એકટ સહિતના પ્રજા કલ્યાણના હિતકાર્યો કર્યા છેડો. મનમોહન સિંહનો વારસો ભારતીયોની પેઢીઓને પ્રેરણા આપતો રહેશે.

જૈન પરિવારના જેઠાલાલ હીરાચંદનું અવસાન થતા ચક્ષુદાન કરાયું

(આઝાદ સંદેશ),રાજકોટ : જૈન પરિવારના જેઠાલાલ હીરાચંદ કામદારનું અવસાન થતા તેમની ત્રણ પુત્રી સીમાબેન હર્ષદ વાઘર, સંજીવ શાહ, પુજાબેન જયેશ રવાણીએ દૃષ્ટિહિન બાંધવને દૃષ્ટિ મળે તે ઉમદા ભાવથી સુમેશ કામદારના સહકારથી ચક્ષુદાન જૈન સોશિયલ ગ્રુપની આશ્રય કમિટી તથા વિવેકાનંદ યુથ દ્વારા કરવામાં આવ્યું હતું. બંન્ને સંસ્થાનું આ ૧૪૧મું ચક્ષુદાન છે.

અવસાન નોંધ

રાજકોટઃ સ્વ. દુર્લભજીભાઈ કુરજીભાઈ રૂઘાણીના જ્યેષ્ઠ પુત્ર જયંતીભાઈ (ઉ.વ.૬૮) તે ચંદ્રિકાબેનના પતિ,રવિભાઈ તથા સનીભાઈના પિતાશ્રી, સ્વ.મહેશભાઈ, સંજયભાઈ,લલિતભાઈ,ઈલાબેન સતીશકુમાર ચોલેરા, તૃષાબેન નીલેશકુમર જીવરાજાનીના મોટાભાઈ, તેમજ તિશાબેન અને મનીષાબેનના સસરા, હિયાનના દાદાનું તા.૨૭ના રોજ અવસાન થયું છે. બેસણું તા.૨૮ને શનિવારે બપોરે ૪:૩૦ થી ૫ :૩૦ દરમિયાન ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિર, યુનિવર્સિટી રોડ, પંચાયતનગર ચોક, પ્રગ્નેશ મેડિકલ સ્ટોરવાળી શેરી આઈનગર-૩ ખાતે રાખેલ છે.મો.નં.૯૭૨૩૫ ૫૮૮૦૯ અને ૮૮૬૬૬૨૫૫૫૬ છે.

અનુસંધાન

(છેલ્લા પાનાનું ચાલું) શાળાએથી છૂટીને

જાણ થતાં આજ્ઝેમ પોલીસનો કાફલો દોડી ગયો હતો. બનાવને પગલે લોકોના ટોળા ભેગા થઈ ગયા હતાં. ડમ્પરનો ચાલક ભાગે એ પહેલા પકડી લઈ આજ્ઝેમ પોલીસને સોંપી દેવાયો હતો. પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે, મૃત્યુ પામનાર અનુપ્રિયાસુપ્રિયા બે બહેન, એક ભાઈમાં મોટી હતી અને ધોરણ-૧૨માં મઝહર સ્કૂલમાં ભણતી હતી. તેના પિતા પુર્વેન્દ્રકુમાર યમનપ્રસાદ સીંગ મુળ બિહારના વતની છે. અહિ વીસેક વર્ષથી રહે છે અને કારખાનામાં કામ કરે છે. તેણીના માતાનું નામ નુતનબેન છે. આશાસ્પદ અને લાડકવાયી દિકરીના મોતથી પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. આજ્ઝેમ પોલીસે ડમ્પર ચાલક સામે કાર્યવાહી કરી હતી.

રજાઓના પગલે

કરતા વધુ જોવા મળ્યું હતું. સાથોસાથ કલેકટર, પીજીવીસીએલ, બહુમાળી, જિલ્લા પંચાયત કચેરી, સિટી સર્વે, આરટીઓ, શિક્ષણ સહિતની કચેરીઓમાં પણ રજાનો માહોલ જોવા મળ્યો હતો. સોમવારથી ફરી કચેરીઓ ધમધમતી થશે.

ત્રણ સ્થળેથી

સેન્ટર, રાધેશ્યામ લચ્છી, ચામુંડા દાળ પકવાન, દ્વારકાધીશ સેન્ડવીચ, ચામુંડા મસાલા મેગી, ચામુંડા મકાઈ, જીયા ફાસ્ટફૂડ, બોમ્બે બાઈટ્સ, AND કટક બટકનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ફૂડ શાખાએ ગમારા પાન, શકિત ટી સ્ટોલ, અમુલ પાર્લર, બાલાજી છોલે ભટુરે, શકિત ફાસ્ટફૂડ, બાલાજી દાળપકવાન, ચામુંડા લચ્છી, ઝનીશ ખીચું, શિવ છોલે ભટુરે, દિલખુશ છોલે ભટુરે, શિવમ ઢોસા, બાલાજી સાઉથ ઈન્ડિયન, રચિત ફેન્સી ઢોસા, પ્રયોશા ફાસ્ટફૂડ, MD સેન્ડવિચ, OM ચાઈનીઝ, હરિકૃષ્ણ દાળપકવાનની ચકાસણી કરવામાં આવી હતી.

રાજકોટ આરટીઓ તરફથી

હતી. અત્રે એ ઉલ્લેખનિય છે કે, રાજકોટ શહેર-જિલ્લામાં આવા ૬૦૦ કરતાં પણ વધારે વાહન ચાલકોના ડ્રાયવિંગ લાયસન્સ જુદા-જુદા મોટર વ્હીકલ એક્ટના ગુનામાં ભંગ થઈ શકે છે. રાજકોટની આરટીઓ કચેરી તરફથી ૬૦૦ જેટલા વાહનચાલકોના નંબર ટ્રેસ કરાયા છે અને અમુકને શો-કોઝ નોટિસ પણ આપવામાં આવી છે જેમાં ૨૫ વાહન ચાલકોના નોટિસના સરનામા ખોટા હોવાથી પરત નોટિસ આરટીઓ કચેરી આવી છે. આરટીઓ અધિકારી કેતન એમ. ખપેડના માર્ગદર્શન હેઠળ મોટર વ્હીકલ એકટના જુદા-જુદા ગુનામાં વાહનચાલકો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. મોટાભાગે દારૂ પીને વાહન હંકારવું, બેફામ સ્પીડે વાહન ચલાવવું, વન-વેમાં તેમજ ચાલુ વાહને મોબાઈલનો ઉપયોગ, ઓવરલોડ, રોંગ સાઈડમાં વાહન ચલાવવા જેવા ગુનાઓ વધ્યા છે.

વેરા વસુલાત ઝૂંબેશ

વોર્ડ નં.૧૮માં ઢેબર રોડ પર ૧-યુનિટ સીલ કરતા રૂ.૫૦,૦૦૦, કોઠારીયા રોડ પર આવેલ ૧-યુનિટ સીલ કરતા રૂ.૧.૦૬ લાખ, શ્રદ્ધા સોસાયટીમાં ૧-યુનીટ સીલ કરતા રૂ.૧.૦૩ લાખ, ઢેબર રોડ પર ૧ યુનીટ સીલ કરતા રૂ.૫૮,૦૦૦, ઢેબર રોડ પર ૧ યુનીટ સીલ કરતા રૂ.૫૦,૦૦૦, કોઠારીયા રોડ પર ૧ યુનિટ સીલ કરતા રૂ.૫૮,૧૬૦ની રીકવરી થઈ હતી. વેરા વસુલાત શાખાને તા. ૧ એપ્રિલથી આજ સુધીની રૂ.૩૨૯.૭૧ કરોડની ટેક્સની આવક થઈ છે. આ કામગીરી નાયબ કમિશ્નર સી.કે.નંદાણી, આસી.કમિશ્નર સમીર ધડુક મેનેજરો વત્સલ પટેલ ,સિદ્ધાર્થ પંડ્યા ,ભાવેશ પુરોહિત, મયુર ખીમસુરીયા,ફાલ્ગુની કલ્યાણી, નીલેશ કાનાણી, ગૌરવ ઠક્કર તથા તમામ વોર્ડ ઓફીસરો, તમામ વોર્ડ ટેક્સ ઈન્સપેક્ટરો દ્વારા કરવામાં આવી છે.

મનપાના સિટી ઈજનેરોની

સોંપી દેવામાં આવી ત્યારથી જ શહેરનો વિકાસ રથની ગતિ ધીમી પડી ગઈ છે. સામાન્ય રીતે સિટી ઈજનેરોની જવાબદારી શહેરમાં ઉભી થયેલી કે રોડ રસ્તા ગટર પાણી બાંધકામ સહિતની આંતરમાળખાકિય સુવિધાની યોગ્ય જાળવણી થાય અને શહેરનો વિકાસરથ દોડતો રહે તે માટે વિકાસયોજનાઓનો અમલ કરવાની જવાબદારી હોય છે. પણ, ટાઉનપ્લાનિંગ શાખાની વધારાની કામગીરીને કારણે સિટી ઈજનેરો ન તો વિકાસ યોજના સંબંધિત કામ કરી શકે છે કે ન તો ટાઉનપ્લાનિંગ શાખાની કામગીરી કરી શકે છે. ટાઉન પ્લાનિંગ શાખા હેઠળના બાંધકામોની ચકાસણી, ગેરકાયદે બાંધકામોની ચકાસણી કે પ્લાન સંબંધિત કામગીરીનો અનુભવ સામાન્યરીતે સિટી ઈજનેરો પાસે હોતો નથી.

(પહેલા પાનાનું ચાલું) ભારતના

અમે ખૂબ જ દુખની સાથે ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન ડો. મનમોહન સિંહના ૯૨ વર્ષની વયે નિધન વિશે જાણ કરી રહ્યા છીએ. ઉંમર સંબંધિત બીમારીઓને કારણે તેમની સારવાર ચાલી રહી હતી. ૨૬ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ તેઓ ઘરે અચાનક બેહોશ થઈ ગયા. ઘરે જ તેમને ભાનમાં લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન રાત્રે ૮:૦૬ વાગ્યે તેમને દિલ્હી એમ્સની મેડિકલ ઈમરજન્સીમાં લાવવામાં આવ્યા હતા. તમામ પ્રયાસો છતાં તેમને બચાવી શકાયા નહીં અને રાત્રે ૯:૫૧ કલાકે તેમનું નિધન થયું હતું. મનમોહન સિંહ ૨૦૦૪થી ૨૦૧૪ સુધી બે વખત દેશના વડાપ્રધાન હતા. મનમોહન સિંહને ભારતમાં આર્થિક ઉદારીકરણ અને આર્થિક સુધારાના જનક પણ કહેવામાં આવે છે. વડાપ્રધાન પદ સંભાળતા પહેલા તેઓ નાણામંત્રી અને રિઝર્વ બેંકના ગવર્નર પણ રહી ચુક્યા છે. પૂર્વ પીએમ રાજીવ ગાંધીની સરકારમાં મનમોહન સિંહ ૧૯૮૫થી ૧૯૮૭ સુધી ભારતીય આયોજન પંચના પ્રમુખ પદે પણ રહ્યા હતા. તેમણે સંયુક્ત રાષ્ટ્ર સાથે પણ કામ કર્યું. આ સિવાય તેઓ ૧૯૮૨થી ૧૯૮૫ સુધી ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઈ)ના ગવર્નર પણ હતા. આ સમયગાળા દરમિયાન તેમણે બેંકિંગ ક્ષેત્રમાં ઘણા સુધારા કર્યા. જેના માટે તેમને આજે પણ યાદ કરવામાં આવે છે. ડો. મનમોહન સિંહ ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન અને જાણીતા અર્થશાસ્ત્રી હતા. તેમણે ૧૯૯૧માં દેશના આર

વૈદિક મંત્રોચાર ભવ્ય આતશબાજી અને ગીતોની રમઝટ વચ્ચે વહાલુડીના વિવાહનો રવિવારે જાજરમાન લગ્નોત્સવ

૨૩ નિરાધાર દીકરીઓ પ્રભૂતામાં પગલા ભરશે : દાતાઓની મદદથી દિકરીઓને સમૃધ્ધ કરીચાવર, પ્રત્યેક દિકરીઓને રૂ. ૫૧,૦૦૦ની ફીકસ ડીપોઝીટ અપાશે ઠાકોરજીના ચરણોમાં ૫૬ ભોગ ધરાશે : ૬:૦૦ના ટકોરે રાષ્ટ્રવંદના – દેશભકિતનો માહોલ સર્જાશે : ૫૦૦૦ થી વધુ લોકોને નિમંત્રણ પાઠવાયા

(આઝાદ સંદેશ),રાજકોટ: દીકરાનું ઘર વૃધ્ધાશ્રમ ઢોલરા તેમજ સંજયભાઈ ધમસાણીયા પરિવાર દ્વારા સતત સાતમાં વર્ષે માતા-પિતા વિહોણી કે પિતાની છત્રછાયા ગુમાવેલ ૨૩ દીકરીઓનો ઐતિહાસિક-જાજરમાન-શાહી લગ્નોત્સવ વહાલુડીના વિવાહ આગામી તારીખ ૨૯ ડીસેમ્બરના રોજ રાજકોટના આંગણે યોજાનાર છે. આ અંગેની માહિતી આપતા સંસ્થાના મુકેશ દોશી, સુનિલ વોરા, નલિન તન્ના, કિરીટભાઈ આદ્રોજાએ જણાવ્યું છે કે દીકરાનું ઘર વૃધ્ધાશ્રમની છેલ્લી ૨૬ વર્ષની સેવા યાત્રા છે. દીકરાનું ઘર' વૃધ્ધાશ્રમનો વિશાળ પરિવાર છે. દીકરાનું ઘર તેની સેવા પ્રવૃતિથી દેશ વિદેશમાં ખ્યાતિપ્રાપ્ત બન્યું છે. દીકરાનું ઘર ના ૨૦૦થી વધુ સમર્પિત કાર્યકર્તાઓ નિરાધાર માવતરોની સેવા કરી તેના દીકરા બનવાની સાથોસાથ સમાજની માતા-પિતાની અથવા પિતા વિહોણી દીકરીઓના પિતા બનવાનું ભાગ્ય છેલ્લા છ વર્ષથી મેળવી રહયું છે. આજે એક દીકરીનો પ્રસંગ કરવો એ માતા-પિતા માટે ચિંતાનો વિષય બની જતો હોય છે ત્યારે ૨૩-૨૩ દીકરીઓને સમૃધ્ધ આણું આપી આંખમાં હર્ષના આંસુ સાથે દીકરીઓને વિદાય આપી તેના સંસારમાં સુખી થાય તેવો અદભુત પ્રસંગ વહાલુડીના વિવાહ

વિવિધ ક્ષેત્રોના મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહેશે 'આઝાદ સંદેશ'ની મુલાકાતે આવેલા આયોજકોએ આપી માહિતી

યોજવા જઈ રહયું છે. આ લગ્નોત્સવમાં પ્રત્યેક દીકરીઓને એક ઘરમાં હોય તેવી તમામ કરીયાવરની વસ્તુઓ ભેટ આપવામાં આવે છે. સાથો સાથ સમાજના શ્રેષ્ઠીઓ દ્વારા આવી દીકરીઓને કન્યાદાન કરી તેમની જવાબદારી ઉપાડવામાં આવે છે અને માતા-પિતાની હુંફ પણ પૂરી પાડવામાં આવે છે.

વહાલુડીના વિવાહના લગ્નોત્સવ પહેલા દીકરીઓના પિયર પક્ષના લોકો જોઈ શકે તે માટે ગત તા. ૧૫/૧૨ના રોજ આણું દર્શન અને ડાંડીયા રાસનો કાર્યક્રમ યોજવામાં આવેલ. આ ઉપરાંત દરેક દીકરીઓ પોતાના સંસારમાં સુખી થાય તેવા શુભાશયથી ગત તા. ૨૨/૧૨ ના રોજ 'સંબંધોની સાચવણી' સેમીનાર રાખવામાં આવેલ. આગામી તારીખ ૨૯ ડીસેમ્બરને રવિવારના રોજ ગીત સંગીત, વૈદીક મંત્રોચાર વચ્ચે ભવ્ય લગ્નોત્સવ યોજાશે. આ શાહી લગ્નોત્સવ ૮૦ હજાર ફુટમાં પથરાયેલ નવા રીંગ રોડ પર આવેલ વિશ્વા પાર્ટી પ્લોટ ખાતે યોજાશે. આ વખતનું યજમાન પદ શહેરના જાણીતા ઉદ્યોગપતિ સંજયભાઈ ધમસાણીયા પરિવાર દ્વારા સ્વીકારવામાં આવ્યું છે. લગ્ન સ્થળે સેલ્ફી પોઈન્ટ, એલ.ઈ.ડી, દરેક દીકરીઓના અલગ-અલગ મંડપ, સંગીતની સુરાવલી, શાસ્ત્રોક્ત અને વૈદીક મંત્રોચાર સાથે લગ્નવિધિ, ભવ્ય અને આકર્ષક સ્ટેજ, કરીયાવર ડિસ્પ્લે તેમજ ઠાકોરજીના ચરણોમાં ધરવામાં આવેલ ૫૬ ભોગ લગ્નોત્સવનું આકર્ષણનું કેન્દ્ર રહેશે. વહાલુડીના વિવાહની વિશેષતા જોઈએ તો પ્રત્યેક લગ્નોત્સવમાં સૌરાષ્ટ્ર-ગુજરાતના જાણીતા કલાકાર રમેશભાઈ હીરપરા અને સરસ્વતીબેન હીરપરા લગ્નગીતોની રમઝટ બોલાવશે. લગ્નના એક દીવસ અગાઉ દીકરીઓ માટે હોટલની વ્યવસ્થા કરવામાં આવેલ છે. તા. ૨૮ ડીસેમ્બરના રોજ સાંજે દીકરીઓનું ફુલેકું રહેશે જેના યજમાન સંજયભાઈ ધમસાણીયા પરિવાર રહેશે. સમગ્ર લગ્નોત્સવમાં ટી-પોસ્ટની સેવા દર્શનભાઈ પૂરી પાડશે.

વહાલુડીના વિવાહમાં પ્રત્યેક દીકરીઓને સમૃધ્ધ કરીયાવર ઉપરાંત રૂ. ૫૧,૦૦૦ની ફીકસ ડીપોઝીટની રસીદ પણ અપાશે. સંસ્થા દ્વારા સમગ્ર આયોજનમાં કોઈ અનીચ્છનીય ઘટના ન બને તેની તકેદારીના ભાગ રૂપે ઈમરજન્સી મેડીકલ સુવિધા, બે એમ્બ્યુલન્સ, ફાયર સહિતી સુવિધા ઉપલબ્ધ રાખવામાં આવી છે. આ ઉપરાંત સમગ્ર વહાલુડીના વિવાહ પ્રસંગને એક કરોડના વિમાથી સુરક્ષીત કરવામાં આવેલ છે.

આ વહાલુડીના વિવાહનું ૫૦૦૦ થી વધુ લોકોને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. સમાજના તમામ શ્રેણીના લોકો દીકરીઓને આશીર્વાદ પાઠવશે. અતિ ભવ્ય, દિવ્ય અને જાજરમાન લગ્નોત્સવ વહાલુડીના વિવાહ આજે સૌરાષ્ટ્રભરમાં પ્રચલીત થયા છે. વહાલુડીના વિવાહમાં દીકરીઓને કોઈપણ પ્રકારનો ખર્ચ ન થાય તેની ચિંતા કરવામાં આવે છે જેમાં મહેંદી રસમ, બ્યુટી પાર્લર, ટ્રાન્સપોટેશન, ઉતારા સહિતની વ્યવસ્થા સંસ્થા દ્વારા કરવામાં આવે છે.

સમગ્ર આયોજનમાં ૨૦૦થી વધુ કાર્યકર્તાઓ રાત દીવસ મહેનત કરી રહયા છે તેની સાથોસાથ શહેરના વિવિધ ક્ષેત્રોના મહાનુભાવો સમગ્ર આયોજનમાં સતત માર્ગદર્શન પૂરૂં પાડી રહયા છે. જેમાં દીકરાનું ઘરના ટ્રસ્ટી મૌલેશભાઈ ઉકાણી, શિવલાલભાઈ આદ્રોજા, ધીરૂભાઈ રોકડ, નંદલાલભાઈ માંડવીયા, વલ્લભભાઈ સતાણી, પ્રતાપભાઈ પટેલ, ડો. નિદતભાઈ બારોટ, વસંતભાઈ ગાદેશા, અનુપમભાઈ દોશી, હસુભાઈ રાચ્છ, વિમલભાઈ ખુંટ, વિરાભાઈ હુંબલ, ઉપરાંત ડો. ગૌરાંગભાઈ ઠક્કર, રાકેશભાઈ ભાલાળા, પ્રવિણભાઈ હાપલીયા, અશ્વિનભાઈ પટેલ, અશ્વિનભાઈ આદ્રોજા, જયેશભાઈ સોરઠીયા, કિરીટભાઈ પટેલ, સુનિલ મહેતા, દીપકભાઈ જલુ, પ્રજ્ઞેશભાઈ પટેલ, ઉપેનભાઈ મોદી, હરેશભાઈ પરસાણા, ધર્મેશભાઈ જીવાણી, હરદેવસિંહ જાડેજા, હરેનભાઈ મહેતા, ઘનશ્યામભાઈ રાચ્છ, શૈલેશભાઈ જાની, ડો. મયંક ઠક્કર સહિતનાનો સમાવેશ થાય છે.

વહાલુડીના વિવાહના પ્રસંગે 'દીકરાનું ઘર' દ્વારા સમાજજીવનના વિવિધ ક્ષેત્રોના મહાનુભાવો તેમજ સાધુ-સંતો, રાજકીય આગેવાનો, વિવિધ એસોસીએશન તેમજ સંસ્થાના હોદેદારો, સહકારી ક્ષેત્રના આગેવાનો, શિક્ષણ તેમજ મેડીકલ ક્ષેત્રે સંકળાયેલા લોકો પણ ઉપસ્થિત રહે તેવો પ્રયત્ન હાથ ધરાયો છે.

સમગ્ર વહાલુડીના વિવાહના આયોજનમાં યશવંતભાઈ જોષી, ડો. ફાલ્ગુનીબેન કલ્યાણી, ગીતાબેન વોરા, દોલતભાઈ ગાદેશા, હરીશભાઈ હરીયાણી, પરિમલભાઈ જોષી, જયેન્દ્રભાઈ મહેતા, જીતુભાઈ ગાંધી, મહેશભાઈ જીવરાજાની, નૈશધભાઈ વોરા, દક્ષિણ જોષી, જીજ્ઞેશભાઈ પુરોહીત, પંકજભાઈ રૂપારેલીયા, વિમલ પાણખાણીયા, રાજુભાઈ વસંત, ધીરજભાઈ ટીલાળા, રૂપાબેન વોરા, મોસમીબેન કલ્યાણી, દીનાબેન મોદી, આશાબેન હરિયાણી, ગીતાબેન એ. પટેલ, હસુભાઈ શાહ, જીજ્ઞેશભાઈ આદ્રોજા, પ્રનંદભાઈ કલ્યાણી, પ્રશાંતભાઈ ગાંગડીયા, રાજદીપભાઈ શાહ, અતુલભાઈ વોરા, વિપુલભાઈ ભટ્ટ, રમેશભાઈ શીશાંગીયા, મિહીર ગોંડલીયા, ઉપીનભાઈ ભીમાણી, શૈલેષભાઈ દવે, કોમુ માજી સહિતના ભારે જહેમત ઉઠાવી રહ્યા છે તેમ 'આઝાદ સંદેશ'ની મુલાકાતે આવેલા અનુપમ દોશી, નલિન તન્ના, હસમુખભાઈ રાચ્છે જણાવ્યું હતું.

મેડિકલ ફિલ્ડનો ખુબજ અનોખો કિસ્સો, દર્દીના નાકમાં દાંત ઉગ્યો ! દૂરબીન વડે સફળ ઓપરેશન ડો. હિમાંશુ ઠક્કરની અનોખી સિદ્ધિ



નાકમાં દાંતના દુર્લભ કેસની ડો. હિમાંશુ ઠક્કરે સફળતાપૂર્વક સર્જરી કરી

(આઝાદ સંદેશ), રાજકોટ : રાજકોટની ૩૮ વર્ષીય મહિલા મિનાક્ષીબેન (નામ બદલાવેલ) છે. છેલ્લા ૧૦ વર્ષથી જમણા નાકમાં અવરોધ, દુર્ગંધ મારતું પ્રવાહી, ગંભીર માથાનાં દુઃખાવા અને વારંવાર થતી શરદીની સમસ્યાથી પીડાતા હતા. સ્થાનિક દવાઓથી રાહત ન મળતાં તેઓએ રાજકોટના અનુભવી ઈએનટી સર્જન ડો. હિમાંશુ ઠક્કરનો સંપર્ક કર્યો, જેઓ ૨૨ વર્ષથી પ્રેક્ટિસ કરી રહ્યા છે. ડો. ઠક્કરે નાકની એન્ડોસ્કોપી અને સિટી સ્કેન કર્યું, જેમાં જમણા નાકમાં દાંત જેવી રચના મળી, જે ગ્રેન્યુલેશન ટિશ્યુ અને પ્રવાહીથી ઘેરાયેલી હતી. આને 'એક્ટોપિક ટૂથ' તરીકે ઓળખવામાં આવે છે, જે દાંત ખોટી જગ્યાએ ઉગે ત્યારે થાય છે. આ એક અતિ દુર્લભ સ્થિતિ છે, જેની ઘટનાઓ માત્ર ૦.૧% થી ૧% કેસમાં થાય છે અને સાહિત્ય અનુસાર વિશ્વભરમાં ૫૦ થી પણ ઓછા કેસ નોંધાયેલા છે. ડો. ઠક્કરે દર્દીને એન્ડોસ્કોપિક સર્જરીની સલાહ આપી. ઓપરેશન દરમિયાન મોટી પથ્થર જેવી રચના,જેને rhinolith કહેવાય છે તે બહાર કાઢવામાં આવી, જેમાં દાંત સમાયેલું હતું. આ દાંત જમણા નાકના અંદરના ભાગ (ઈન્ફિરિયર ટર્બિનેટ) માંથી ઉગ્યો હતો. સર્જરી પૂરી રીતે સફળ રહી અને દર્દીને કોઈ પણ જાતની તકલીફો વિના હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યા. હવે મીનાક્ષી બેન સંપૂર્ણ રીતે તંદુરસ્ત છે. તેમનું માથાનું દુખવું દૂર થઈ ગયું છે અને તેઓ સરળતાથી શ્વાસ લઈ શકે છે. દર્દીએ ડો. હિમાંશુ ઠક્કરનો હૃદયપૂર્વક આભાર માન્યો, જેમણે તેમની લાંબા સમયથી ચાલી આવેલી સમસ્યાનું નિરાકરણ લાવ્યું. હોસ્પિટલ એડ્રેસ ડો ઠક્કર હોસ્પિટલ ૨૦૨ લાઈફ લાઈન બિલ્ડિંગ વિદ્યાનગર રોડ રાજકોટ મો ૯૧૦૬૧ ૧૯૦૩૮. ૦૨૮૧ ૨૪૮૩૪૩૪.

તપસ્વી ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા કાલથી સ્ટુડન્ટ લેડ કોન્ફરન્સ (SLC) યોજાશે



(આઝાદ સંદેશ),રાજકોટ: વિદ્યાર્થીઓની આગેવાની હેઠળની કોન્ફરન્સ **(SLC)** એ એક શિક્ષણએ શીખવાનું સાધન છે જ્યાં વિદ્યાર્થીઓ તેમની શૈક્ષણિક પ્રગતિ અને સિદ્ધિઓને શિક્ષકો અને માતાપિતા સાથે શેર કરવા માટે આગેવાની લે છે. શિક્ષણ અને શીખવાનું સાધન જે વિદ્યાર્થીઓને તેમના શિક્ષણની માલિકી લેવામાં મદદ કરે છે. વિદ્યાર્થીઓ તેમની પસંદગીનો વિષય પસંદ કરે છે અને તેને સર્જનાત્મક રીતે રજૂ કરે છે.

SLC વિદ્યાર્થીઓને તેમના વિષયના જ્ઞાન, સંદેશાવ્યવહાર અને પ્રસ્તુતિ કૌશલ્યને સુધારવામાં મદદ કરે છે. બધા વિષયોને પ્રસ્તુત કરવા માટે વિદ્યાર્થીઓએ જુદા જુદા માધ્યમોથી માહિતી એકત્ર કરી વર્તમાન પ્રવાહોને ધ્યાનમાં રાખીને ખૂબ જ સુંદર મજાના સાહિત્ય, પ્રતિકૃતિઓની રચના કરી છે. ધોરણ ૧ થી ૯ ના વિદ્યાર્થીનો દ્વારા અલગ અલગ સાહિત્યો પ્રતિકૃતિઓ અને પોતાના વિચારોને મૌલિક રીતે રજૂ કરીને આ પ્રદર્શનને એક અલગ જ પ્રકારનું સ્વરૂપ આપ્યું છે. વિદ્યાર્થીઓનાં સર્વાંગી વિકાસ માટે શાળાઓમાં આવા અલગ અલગ પ્રકારના પ્રોગ્રામો અને પ્રદર્શનનો યોજવા જ જોઈએ. જેમાંથી વિદ્યાર્થી આત્મવિશ્વાસ, મક્કમ મનોબળ અને ભાષા પર પ્રભુત્વ પ્રાપ્ત કરે છે. તેમ આઝાદ સંદેશની મુલાકાતે આવેલ આયોજક તેમજ શાળાના વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું.

કાલે તા.૨૮ ડીસેમ્બરે ચોટીલા ડુંગર તળેટી ખાતે રાજયકક્ષાની પાંચમી ચોટીલા આરોહણ-અવરોહણ સ્પર્ધા યોજાશે

ચોટીલા ડુંગર પર સ્પર્ધકો સિવાયના અન્ય વ્યક્તિઓ/ યાત્રાળુઓને સવારે ૦૬:૦૦ થી ૧૦:૦૦ કલાક દરમિયાન ચડવા, ઉતરવા કે અવર-જવર કરવા પર પ્રતિબંધ

(આઝાદ સંદેશ), સુરેન્દ્રનગર : ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગરના ઉપક્રમે સુરેન્દ્રનગર જિલ્લા વહિવટી તંત્ર દ્વારા કાલે તા.૨૮ના રોજ પાંચમી રાજ્યકક્ષા ચોટીલા આરોહણ-અવરોહણ સ્પર્ધા-૨૦૨૪-૨૫ ચોટીલા ડુંગર તળેટી ખાતે યોજાનાર છે. સવારે ૦૭:૦૦ કલાકે મહાનુભાવો દ્વારા ફ્લેગઓફ કરી સ્પર્ધકોને પ્રસ્થાન કરાવવામાં આવશે. ચોટીલા પર્વત ઉપર જતાં યાત્રાળુઓને કારણે આ સ્પર્ધામાં ભાગ લેતા યુવક/યુવતીઓની ટુકડીને સ્પર્ધામાં અંતરાય કે ખલેલ ઊભી થવાની પૂરેપૂરી શક્યતા રહેલી હોય, આવા સંજોગોમાં ચોટીલા પર્વત ઉપર જતાં યાત્રાળુઓના સંભવિત વિક્ષેપને દૂર કરવા તેમજ સ્પર્ધામાં ભાગ લેતા યુવક-યુવતીઓની ટુકડીઓને સંભવિત ખલેલ નિવારવાના હેતુ માટે, સીડી ઉપર સ્પર્ધા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અકસ્માત, જાનહાનીની સંભાવના નિવારી શકાય તે હેતુથી આ સ્પર્ધા દરમ્યાન ચોટીલા તળેટીથી ડુંગરે મંદીર તરફ જતાં ચોટીલા પર્વતની સીડીના પગથિયાં ઉપર આવવા-જવા માટેનું પ્રતિબંધક જાહેરનામું અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ આર.કે.ઓઝા દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. આ જાહેરનામા અનુસાર, કાલે તા.૨૮ના રોજ સવારના ૦૬:૦૦ થી ૧૦:૦૦ કલાક (કુલ-૦૪ કલાક સુધી) ચોટીલા તળેટીથી મંદીર તરફ જતા ચોટીલા પર્વતના પગથીયા ઉપર સ્પર્ધકો સિવાયના અન્ય વ્યક્તિઓ/યાત્રાળુઓને ચોટીલા પર્વતના પગથીયાનો તળેટીથી મંદિર સુધી ચડવા-ઉતરવા કે ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. આ જાહેરનામું સ્પર્ધા વ્યવસ્થામાં ફરજ બજાવનાર સ્પર્ધાના અધિકૃત અધિકારીઓ/ સ્વયંસેવકોને લાગુ પડશે નહી. જો કોઈ ઈસમ ઉપરોકત જાહેરનામાનો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશે તો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજય સ્વાગતમાં નાગરિકોની રજૂઆતો સાંભળીને નિવારણ કર્યું

રાજય સ્વાગતમાં મળેલી વિવિધ ૭૩ રજૂઆતોમાંથી ૬૦ રજૂઆતો વિભાગોના વરિષ્ઠ અધિકારીઓએ સાંભળીને નિવારણની દિશામાં યોગ્ય કાર્યવાહી હાથ ધરી

(આઝાદ સંદેશ), ગીર સોમનાથ : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્ય સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમમાં નાગરિકોની રજૂઆતો પ્રત્યક્ષ સાંભળીને તેનું સ્થળ પર નિવારણ લાવ્યા હતા. રાજ્ય સ્વાગતમાં વિવિધ વિભાગોની ૭૩ જેટલી રજૂઆતો આવી હતી તેમાંથી ૬૦ રજૂઆતો વિભાગોના વરિષ્ઠ અધિકારીઓએ સાંભળીને નિવારણની દિશામાં યોગ્ય કાર્યવાહી હાથ ધરી હતી. જે ૧૩ રજૂઆતો મુખ્યમંત્રી સમક્ષ આવી હતી તેમાં પણ સંબંધિત વિભાગના વરિષ્ઠ સચિવો, ખાતાના વડાઓ, જિલ્લા અને તાલુકાના વહિવટી તંત્રના અધિકારીઓ સાથે વિડિયો કોન્ફરન્સ દ્વારા ચર્ચા પરામર્શ કરીને નિવારણ કરીને આ રજૂઆતોનું નિવારણ લાવવામાં આવ્યું હતુ. દર મહિનાના ચોથા ગુરૂવારે યોજવામાં આવતા સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અંતર્ગત આ ગુરૂવાર તા.૨૬ ડિસેમ્બરે મુખ્યમંત્રી સમક્ષ જે રજૂઆતો આવી હતી તેમાં મહેસુલ, પંચાયત, પોલીસ, શહેરી વિકાસ, શિક્ષણ, સહકાર જેવા વિભાગોનો સમાવેશ થયો હતો. પ્રજાજનોની સમસ્યા કે રજૂઆતોને તાત્કાલિક ધ્યાને લઈ તેના નિવારણ માટે પ્રો-એક્ટિવ એપ્રોચ અપનાવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સૂચન કર્યુ હતું.મુખ્યમંત્રીએ રાજકોટ-અમદાવાદ સિક્સ લેન યોજનાની સમીક્ષા પણ કરી હતી અને મહેસુલ, માર્ગમકાન તથા ગૃહ વિભાગને બાકીની કામગીરી ત્વરાએ પૂર્ણ કરવાના નિર્દેશ આપ્યાં હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે રાજ્ય સ્વાગતમાં મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવઓ પંકજ જોષી અને એમ.કે. દાસ, મુખ્યમંત્રીના સચિવ અવંતિકા સિંઘ, ઓ.એસ.ડી. ડી. કે. પારેખ અને સંબંધિત વિભાગોના વરિષ્ઠ સચિવઓ જોડાયા હતા.

રાજકોટ શહેર ભાજપ અગ્રણી રાજેનભાઈ કે. સિંઘવના પૌત્ર કરણનો જન્મદિવસ

(આઝાદ સંદેશ),રાજકોટ: રાજકોટ શહેર ભાજપ કિસાન મોરચા મંત્રી રાજેનભાઈ સિંઘવના પૌત્ર કરણ પારસભાઈ સિંઘવનો આજે ૨૭મી ડિસેમ્બરના રોજ જન્મદિવસ તેના મોટા દાદા નિવૃત્ત રેલ્વે કર્મચારી મચ્છાભાઈ કે.સિંઘવ, દાદા અજયભાઈ, બાપુ પ્રશાંતભાઈ, ભરતભાઈ, વિજયભાઈ ચાવડીયા, કાકા પાર્થભાઈ, રાહુલભાઈ, વિકાસ, ભરત, ભાઈ પ્રિયાંશુ અને બેન આયુષી તેમજ નાના જગદીશભાઈ સાનીયા, મુકેશભાઈ, દિનેશભાઈ, હર્ષદભાઈ, મામા અનીલભાઈ, અશ્વિનભાઈ, વિજયભાઈ, અમીતભાઈ, નાની, મામી, માસી, મોટા દાદી રમાબેન, દાદી કંકુબેન, ચંદનબેન, રેખાબેન, મોટા મમ્મી સોનલબેન, મમ્મી શોભનાબેન, ફઈબા સ્વાતિબેન દેવાંગકુમાર લામકા, કાકી પુજાબેન, રોજલબેન, નયનાબેન, મીરલબેન વગેરે ઘરના સર્વેએ કરણના જન્મદિવસે આર્શીવાદની અમીવર્ષા વરસાવેલ છે. તેના જન્મદિવસ નિમિત્તે સરકારી બાળકોની હોસ્પિટલમાં ફુટ-બીસ્કીટનું વિતરણ કરેલ છે.

જિલ્લા ભાજપના મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા(વડાળી)નો આજે જન્મદિવસ

(આઝાદ સંદેશ), રાજકોટ : રાજકોટ જિલ્લા ભાજપાના પાયાના કસાયેલા, તરવરીયા, યુવા દિલોના હૃદયસમ્રાટ રાજકોટ જિલ્લા ભાજપના મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજાએ આજે ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ કરેલ છે.નરેન્દ્રસિંહ જાડેજાએ રાજકોટ જિલ્લામાં શૈક્ષણીક કારકિર્દીથી શરૂઆત કરી હાલ રાજકોટ જિલ્લા ભાજપમાં જિલ્લા મહામંત્રી તરીકે સંગઠનને પોતાની સુઝબુઝ અને કાર્યકુશળતાથી ખુબ જ સક્ષમ બનાવેલ. નરેન્દ્રસિંહ જાડેજાએ રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પક્ષલક્ષી પ્રવાસો કરી રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના વિકાસકાર્યોની તેમજ છેવાડાના માનવી સુધી સરકારની વિવિધ યોજનાઓનો લાભ મળે અને કોઈ માનવી યોજનાઓના લાભથી વંચિત ન રહે તેમજ યુવાનોના વિકાસ માટે મળતી સહાયો અંગે જાગૃત કરી તેઓને સ્વનિર્ભર બનાવવા સતત પ્રયત્નશીલ અનેક સામાજીક સેવાકીય તેમજ ધાર્મિક સંસ્થાઓ સાથે જોડાઈને અવિરત દિન-રાત જોયા વિના સેવાકીય પ્રવૃત્તિ કરી રહ્યા છે. એવા લોકલાડીલા નરેન્દ્રસિંહ જાડેજાના જન્મદિવસ નિમત્તે ગુજરાત પ્રદેશ ભાજપ તેમજ ગુજરાતના જીલ્લાના ભાજપના હોદેદારો, ધારાસભ્યો, સંસદસભ્યો તેમજ રાજકીય-સામાજિક-ધાર્મિક અને વિવિધ સંસ્થાના આગેવાનો અને તેમના સમાજના આગેવાનો દ્વારા તેમના મો.૯૮૨૫૬૧૭૭૦૨ ઉપર શુભેચ્છાઓની વર્ષા કરી રહ્યા છે.

ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર મુંબઈ ખાતે યોજાયેલ દેશની ખ્યાતનામ કોન્ફરન્સમાં બેસ્ટ પેપર એવોર્ડ મેળવતા નિસર્ગ રાવલ

૨૦૨૪ ફિઝિક્સના નોબલ પ્રાઈઝ વિજેતા ન્યુરોમોરફીક એઆઈ નેટવર્કિંગમાં ઉપયોગી ડિવાઇસ બનાવી નિસર્ગ રાવલે વિશ્વનું ધ્યાન દોર્યું : અભિનંદન પાઠવતા કુલપતિ પ્રોફેસર કમલસિંહ ડોડીયા

(આઝાદ સંદેશ),રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું ભૌતિકશાસ્ત્ર ભવન સંશોધન ક્ષેત્રે સતત પ્રયત્નશીલ છે ત્યારે ભૌતિક શાસ્ત્ર ભવનમાં પીએચડીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી નિસર્ગ રાવલે ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર દ્વારા આયોજિત DAE સોલિડ સ્ટેટ સિમ્પોઝિયમ ૨૦૨૪માં બેસ્ટ પોસ્ટર એવોર્ડ મેળવી એક અનેરી સિદ્ધિ હાંસલ કરી છે. નિસર્ગ રાવલ ભૌતિકશાસ્ત્ર ભવનનાં અધ્યક્ષ પ્રો. નિકેશ શાહના માર્ગદર્શન હેઠળ Ph.D. કરે છે.

DAE સોલિડ સ્ટેટ સિમ્પોઝિયમએ કન્ડેન્સ મેટર ફિઝિક્સનાં ક્ષેત્રે પ્રતિવર્ષ યોજાતી એક રાષ્ટ્રીય કક્ષાની ખ્યાતનામ કોન્ફરન્સ છે. જેનું ૬૮મું એડિશન તારીખ ૧૮ થી ૨૨ ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન બીએઆરસી મુંબઈ ખાતે યોજાયું હતું. જેમાં ભારતભરમાંથી ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કર્યુ હતું. જુદી જુદી ૧૨ સબ કેટેગરીઝમાં પોસ્ટર પ્રેઝન્ટેશન સ્પર્ધા થઈ જેમાં સ્પર્ધકોએ પોતાનું સંશોધન કાર્ય રજૂ કર્યું હતું. આ પૈકી ટ્રાન્સપોર્ટ પ્રોપર્ટીઝ એન્ડ સેમિકન્ડક્ટર ફિઝિક્સ કેટેગરીમાં નિસર્ગ રાવલે ઉત્કૃષ્ટ પ્રદર્શન દ્વારા બેસ્ટ પોસ્ટર એવોર્ડ મેળવ્યો હતો. નિસર્ગનું સંશોધન કાર્ય મુખ્યત્વે મેમરી સ્ટોરેજ ટેમ્પરેચર બોલોમીટર્સ વગેરે ક્ષેત્ર ઉપયોગ ધરાવે છે. હાલ જ્યારે ઈન્ડિયા સેમીકંડકટર મિશન ચાલી રહ્યું છે ત્યારે સેમિકન્ડક્ટર ફિઝિક્સને સંલગ્ન આ કેટેગરીમાં નિસર્ગે પોતાનું સંશોધન કાર્ય રજૂ કરી એવોર્ડ મેળવ્યો છે જે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માટે ગૌરવ પ્રદ બાબત છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે નિસર્ગ ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી ગુજકોસ્ટ ગાંધીનગરના ત્રણ વર્ષના સંશોધન પ્રકલ્પમાં સિનિયર રિસર્ચ ફેલો તરીકે સફળતાપૂર્વક કામગીરી કરેલ છે અને નિસર્ગના પિતા ડી કેવી સાયન્સ કોલેજ જામનગર ના ભૌતિકશાસ્ત્ર ભવનના અધ્યક્ષ છે ત્યારે નિસર્ગ મારફત વોલેટાઈલ અને નોન વોલેટાઈલ મેમરી કમ્પોનન્ટ કે જે મનુષ્યના બ્રેનમાં ન્યૂરોન્સ અને સેનીપ્સ તરીકે ઉપયોગી થઈ શકે અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સી ની ડિવાઈસ ન્યુરોમોર્ફિક ટેકનોલોજી કે જેમાં આ વર્ષે જ ફિઝિક્સનું નોબલ પ્રાઈઝ આપવામાં આવેલ છે તેના કમ્પોનન્ટ બનાવી વિશ્વભરના ફિઝિક્સના વૈજ્ઞાનિકોનું ધ્યાન દોરેલ છે ત્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સંશોધક ને દેશભરના વૈજ્ઞાનિકો મારફત અભિનંદન મળી રહ્યા. છે ટૂંક સમયમાં આ ટેકનોલોજી નો આર્ટિફિશિયલ મોડેલ બનાવવામાં આવનાર છે.

નિસર્ગની આ સિદ્ધિ બદલ તેમના ગાઈડ પ્રો. નિકેશ શાહ, પ્રાધ્યાપકો ડો. પિયુષ સોલંકી અને ડો. રેવિટ ધ્રુવે શુભેચ્છા પાઠવી હતી. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને દેશભરમાં ગૌરવ અપાવનાર યુવા સંશોધકને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલ ગુરુ પ્રોફેસર કમલસિંહ ડોડીયા કુલ સચિવ ડોક્ટર રમેશભાઈ પરમાર અને તેમના પિતા પ્રોફેસર અમિતભાઈ રાવલે અભિનંદન પાઠવેલ છે.

૩૫ આસામીઓ પાસેથી ૧.૯૯ કી.ગ્રા. પ્લાસ્ટિક જપ્ત

ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૯૫૫૦નો વહીવટી ચાર્જ વસુલ

(આઝાદ સંદેશ), રાજકોટ : મહાનગરપાલિકાના સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા ત્રણેય ઝોનમાંથી ૩

સરગમ કલબ તેમજ એચ.પી. રાજ્યગુરૂના સયુંકત ઉપકમે ડો.પ્રવિણભાઈ એલ. રાજ્યગુરૂની પુણ્ય સ્મૃતિમાં

દિવ્યાંગો માટે ત્રિ-દિવસીય જયપુર ફૂટ કેમ્પ યોજાશે

કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ તા.૧/૧/૨૫ના રોજ સીધા સ્થળ પર પહોચવું : દર્દીઓએ પોતાનું ઓળખ પત્ર તેમજ ડોકટરના સર્ટીફીકેટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે : (આઝાદ સંદેશ), રાજકોટ : સાંસ્કૃતિક, સામાજિક અને તબીબીક્ષેત્રમાં અગ્રેસર રહેનાર સરગમ કલબ શહેરમાં જયપુર ફૂટ કેમ્પના રૂપમાં વધુ એક સેવાકેન્દ્ર ચલાવી રહેલ છે. સરહમ કલબ અને એચ.પી. હેતલભાઈ રાજ્યગુરૂ ના સંયુકત ઉપકમે તા. ૧/૦૧/૨૫ના રોજ જયપુર ફૂટ કેમ્પ યોજાશે. આ કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના ફોટોવાળુ સરકાર માન્ય ઓળખપત્ર આધાર કાર્ડ અને ડોકટરનું વિકલાંગ સર્ટીફીકેટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે. સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા અને એચ.પી. હેતલભાઈ રાજ્યગુરૂ જણાવ્યા અનુસાર આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે. આ કેમ્પ તા.૧/૧/૨૫ થી ૩/૧/૨૫ સુધી જાન્યુઆરી માસ નાં રોજ યોજાશે. જેની ખાસ નોંધ લેવી. આ કેમ્પનો લાભ લેવા ઈચ્છતા લોકોને તા.૧/૧/૨૫ ગુરૂવારના રોજ સવારે ૮:૩૦ કલાકે ખાસ સરગમ ભવન, જામટાવર રોડ, નવી કલેકટર કચેરીની બાજુમાં, રાજકોટ. ફોન નં.૦૨૮૧-૨૪૫૭૧૬૮ ખાતે દર્દીઓએ ઝુબરૂ હાજર રહેવા જણાવાયું છે. આ કેમ્પની સફળતા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ એચ.પી. રાજ્યગુરૂના હેતલભાઈ રાજ્યગુરૂ તથા કમાણી ફાઉન્ડેશન ના માર્ગદર્શન હેઠળ સરગમ સેવા કેન્દ્રના ચેરમેન અરવિંદભાઈ પટેલ અને આ કેમ્પ ડો. પ્રવિણભાઈ એલ. રાજ્યગુરૂ ની પુણ્ય સ્મૃતિ માં યોજાશે. આ કેમ્પને સફળ બનાવવા જે.કે. સરાટે તેમજ સરગમ કલબના કમીટી મેમ્બર આ કેમ્પ માં રાજસ્થાન ના ડોકટરો જગનલાલ ચૌધરી, હેમંત શર્મા, તુફનસિંહ તોમર વગેરે સેવા આપેલ આવનારા તમામ દર્દીઓને વિના મુલ્યે ચા-પાણી આપવામાં આવે છે.

રાજયકક્ષાના 'રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ'ની ઉજવણી અન્વયે પ્રદર્શન યોજાયું

(આઝાદ સંદેશ), સુરેન્દ્રનગર : 'રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ' નિમિતે પંડિત દીનદયાળ ઉપાધ્યાય હોલ ખાતે આયોજિત રાજયક્ષાની ઉજવણી કાર્યક્રમમાં કાનૂની માપ વિજ્ઞાન અને નિયામક ગ્રાહક સુરક્ષા કચેરી દ્વારા જન જાગૃતિ અર્થે પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. ગુજરાત રાજ્યના અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવાણા તથા ઉપસ્થિત સર્વે મહાનુભાવોએ આ પ્રદર્શન રસપૂર્વક નિહાળ્યું હતું. આ પ્રદર્શનમાં વિવિધ પ્રકારનાં તોલ માપ, વજન કાંટા, આદર્શ માપ જુદાજુદા તોલમાપ વજન દ્વારા થતી છેતરપિંડીથી કઈ રીતે કાળજી રાખવી?, કઈ રીતે ફરિયાદ કરી શકાય, ગ્રાહકોના હકો, અધિકારો, ગ્રાહક હેલ્પલાઈન નંબર સહિતની ગ્રાહકોને જાણવા માટે જરૂરી તમામ માહિતી પ્રદર્શન દ્વારા લોકો નિહાળી જાગૃત થઈ શકે તે માટે પ્રયાસ કરવામાં આવ્યો હતો. રાજ્યના નાગરિકોના સ્વાસ્થ્યની દરકાર લઈ જિલ્લામાં કાર્યરત મોબાઈલ ફૂડ ટેસ્ટિંગ વાન પણ અત્રે પ્રદર્શિત કરવામાં આવી હતી. નાગરીકોને અશુદ્ધ અને ભેળસેળ વાળો ખાદ્ય પદાર્થ ન લેવો પડે તે માટે આ મોબાઈલ વાન દ્વારા નાગરીકો સામેથી ટેસ્ટિંગ માટે ખાદ્ય પદાર્થ લઈને આવે તો તેનું વિનામુલ્યે ટેસ્ટિંગ કરી આપવામાં આવે છે. જો નમુનો ભેળસેળયુક્ત પુરવાર થાય તો કાયદાકીય રીતે કડક પગલા પણ લેવામાં આવે છે. આ ફુડ ટેસ્ટિંગ વાનમાં અદ્યતન ટેકનોલોજી ધરાવતા કોમ્પ્યુટરાઈઝડ સાધનો દ્વારા ખાદ્યચીજોની ચકાસણી કરવામાં આવે છે.

સુરેન્દ્રનગરમાં રેશનકાર્ડ e- KYC કેમ્પ યોજાયો

(આઝાદ સંદેશ), સુરેન્દ્રનગર : કેન્દ્ર સરકાર દ્વારા રેશનકાર્ડ ધારક કુટુંબનાં સભ્યોની

વ્યકિતગત ઓળખની ખરાઈ થકી તે હેતુસર રેશનકાર્ડમાં ઈ - કે.વાય.સી. કરાવવાની કામગીરી હાલ દેશભરમાં ચાલી રહી છે. જે અન્વયે સુરેન્દ્રનગર જિલ્લામાં 'રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ'ની રાજયકક્ષાની ઉજવણીની સાથે સાથે રેશનકાર્ડ e-KYC કરાવવા માટે કેમ્પ પણ યોજાયો હતો. જેનો નાગરિકોએ લાભ મેળવ્યો હતો. રેશનકાર્ડ e-KYC માટે રેશનકાર્ડ નંબર, મોબાઈલ નંબર અને આધાર નંબરની વિગતો માત્ર આપવાની રહે છે. e-KYC માટે કોઈપણ દસ્તાવેજની કોપી કે બેંક એકાઉન્ટની વિગતો આપવાની રહેતી નથી. અત્રે નોંધનીય છે કે, રેશનકાર્ડ ધારકો ઘરે બેઠાં જાતે પણ e-KYC કરી શકે છે. સરકારની My Ration મોબાઈલ એપ્લિકેશનની મદદથી ઘર આંગણે e-KYC કરાવવાની પ્રક્રિયા સરળ છે. રેશનકાર્ડ ધારકો પોતાના સ્માર્ટફોનમાં એપ ડાઉનલોડ કરીને આ પ્રક્રિયા સરળતાથી કરી શકશે. e-KYC કરવા માટે રેશનકાર્ડમાં નોંધાયેલા જે સભ્યના આધાર રેશનકાર્ડમાં સીડ થયેલા હશે, એવા જ સભ્યો એપ દ્વારા e-KYC કરી શકશે. રેશનકાર્ડમાં જે સભ્યના આધાર નંબર સીડ થયેલા ન હોય તેઓ પોતાના રહેણાંકના વિસ્તાર મુજબ સંબંધિત ઝોનલ કચેરી કે તાલુકા, મામલતદાર કચેરીનો ઝુબરૂ સંપર્ક સાધી રેશનકાર્ડ તથા આધારકાર્ડ સીડ કરાવી શકે છે.

પગભર દ્વારા માધાપરની આંગણવાડીમાં મહિલાઓ માટે કાર્યક્રમ યોજાશે

(આઝાદ સંદેશ),રાજકોટઃ પગભરનો મહિલાઓને સશક્તિકરણ અને માસિક સ્વચ્છતાને પ્રોત્સાહન આપવા માટે જાગૃતતા કાર્યક્રમ માધાપર ગામના આંગણવાડીમાં ૨૦ મહિલાઓની હાજરીમાં યોજાયો. આ કાર્યક્રમમાં મહિલાઓને મહિનાની તંદુરસ્તી, સ્વચ્છતા અને સમયસર સ્વચ્છતા જાળવવાની મહત્વતાને વઈને માહિતી આપી હતી. ખાસ કરી માસિક ચક્ર, પગભર સેનેટરી નેપકીનનો યોગ્ય ઉપયોગ અને માસિકની આરામદાયક સંભાળ વિશે ચર્ચા કરવામાં આવી. સત્રમાં તમામ મહિલાઓને સવાલો પુછવા અને તેમના અનુભવોને શેર કરવા માટે તક શ્રદ્ધાબેન પંડયા દ્વારા આપવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સોનલબેનનો સાથ અને સહકાર મળ્યો હતો. જાગૃતિના કાર્યક્રમ કરવા અને પગભર સાથે જોડાવવા માટે ટીમ પગભર ૯૯૦૯૪ ૮૭૮૮૭નો સંપર્ક કરવો.

પીપલાંત્રી ગામ : દીકરીઓના સન્માન અને પર્યાવરણ જાળવણીનું અનોખું ઉદાહરણ

દરેક દીકરીના જન્મ નિમિત્તે ૧૧૧ વૃક્ષ વાવવામાં આવે છેઃ (આઝાદ સંદેશ),રાજકોટઃ રાજસ્થાનના પીપલાંત્રી ગામે દીકરીઓના સન્માન અને પર્યાવરણ જાળવણી માટે અનોખી પ્રથાઓ અને પ્રયત્નોથી વિશ્વભરમાં માન્યતા મેળવી છે. ગામની આ પ્રથા ૨૦૦૬થી શરૂ થઈ હતી, ત્યારે ગામના પૂર્વ સરપંચ શ્યામ સુંદર પાલીવાલે આ અભિયાનની શરૂઆત કરી હતી. તેમની દીકરી કિરણના અકાળ મૃત્યુ પછી, તેમણે દીકરીઓના સન્માન અને પર્યાવરણની સુરક્ષા માટે નવી પ્રથા ઉભી કરી હતી. પીપલાંત્રી ગામમાં દરેક દીકરીના જન્મ પર ૧૧૧

વૃક્ષ વાવવામાં આવે છે. આ માત્ર દીકરીના જન્મનો જ ઉત્સવ નથી, પણ પર્યાવરણ માટે અમૂલ્ય યોગદાન છે. ૧૧૧ વૃક્ષોના વાવેતર સાથે, ગામની દીકરીઓના જન્મને પર્યાવરણ જાળવણી સાથે જોડવામાં આવે છે. ગામની દીકરીઓ મળીને આ વૃક્ષોને દર વર્ષે રાખડી બાંધે છે અને એ વૃક્ષોને તેઓ પોતાના ભાઈ જ માને છે. આ સાથે, ગામમાં 'કિરણ નિધિ યોજના' હેઠળ સો ગામ લોકો દીકરી માટે ૨૧,૦૦૦ રૂપિયા ભેગા કરે છે અને તેની FD (સ્થાયી થાપણ) દીકરીના નામે કરવામાં આવે છે. અર્હીની એક અનોખી પરંપરા એ છે કે કોઈ વ્યકિતના મરણ પછી પણ તેના સ્મરણમાં ૧૧ વૃક્ષ વાવવામાં આવે છે. પીપલાંત્રી ગામે દીકરીના સન્માન અને પર્યાવરણ જાળવણીના આ અનોખા અભિયાનથી સૂકેલી, ઉક્કડ જમીનને ફરીથી હરિયાળી બનાવી છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૫૭૩ મંડળીઓને પેક્સના માધ્યમથી જોડવામાં આવી : નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવાણા

ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે નવી રચાયેલી સહકારી મંડળીઓને નોંધણી પ્રમાણપત્રો અને માઈક્રો એ.ટી.એમ.નું વિતરણ કરાયું : (આઝાદ સંદેશ), સુરેન્દ્રનગર : કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે ૧૦,૦૦૦

થી વધુ નવી સ્થાપિત બહુહેતુક પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓ, ડેરી અને મત્સ્યઉદ્યોગ સહકારી રાષ્ટ્રને સમર્પિત કરી હતી. આ શ્રેણીમાં ચુરસાગર ડેરી, સુરેન્દ્રનગર ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવાણા, લીંબડી ધારાસભ્ય કિરીટસિંહ રાણા સહિતના મહાનુભાવો વર્ચ્યુલ માધ્યમથી સહભાગી થયા હતા. આ કાર્યક્રમમાં સંબોધન કરતાં નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવાણાએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ સહકારી ક્ષેત્રના વિકાસને વેગ આપવા અને સહકારથી સમૃદ્ધિ તરફના વિઝનને સાકાર કરવાના ઉદ્દેશ્ય સાથે નવા સહકાર મંત્રાલયની સ્થાપના કરી છે. જિલ્લામાં સહકારી ક્ષેત્રની પ્રગતિ વિશેની વાત કરતાં વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૫૭૩ મંડળીઓને પેક્સના માધ્યમથી જોડવામાં આવી છે. ૭૧ મંડળીઓએ પેક્સના માધ્યમથી કોમન સર્વિસ સેન્ટર (CSC)ની રચના કરી છે, જેમાં ૧૭ જેટલી ઓનલાઈન સેવાઓ શરૂ કરવામાં આવી છે. આ તકે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે નવી રચાયેલી સહકારી મંડળીઓને નોંધણી પ્રમાણપત્રો અને માઈક્રો એટીએમનું વિતરણ કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહના અધ્યક્ષસ્થાને યોજાયેલ કાર્યક્રમનું જીવંત પ્રસારણ ઉપસ્થિત સર્વેએ રસપુર્વક નિહાળ્યું હતું. આ તકે ચુરસાગર ડેરી ચેરમેન નરેશભાઈ મારૂ, ડિસ્ટ્રીકટ બેંક ચેરમેન હરદેવસિંહ પરમાર, ખેતી અને જમીન વિકાસ બેંક ચેરમેન મંગળસિંહ પરમાર, અઇખઈ ચેરમેન રામજીભાઈ ગોહીલ, પૂર્વ ચેરમેન બાબાભાઈ ભરવાડ, ડેરી ડિરેક્ટર સર્વે ગભરુભાઈ કલોત્રા, નીરુભા પરમાર, જિલ્લા રજિસ્ટ્રાર કોમલ ચૌધરી, વઢવાણ મામલતદાર કટારા, ચુરસાગર ડેરી એમ.ડી. ગુરદિત પ્યારાસિંગ સહિત પશુપાલકો ઉપસ્થિત રહ્યા હતાં.

સુરેન્દ્રનગરમાં મંત્રી કુંવરજીભાઈ બાવળીયાની અધ્યક્ષતામાં ઉજવાયો રાજયકક્ષાનો રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ

રૂ.૫૦ લાખના ખર્ચે તૈયાર થયેલ ગુજરાત રાજ્ય ગ્રાહક સુરક્ષા હેલ્પલાઈન ૧૮૦૦ ૨૩૩ ૦૨૨૨/ ૧૪૪૩૭ માટે Consumer Awareness and Protection Unitનું વર્ચ્યુઅલ લોકાર્પણ કરાયું : મહાનુભાવોના હસ્તે ગ્રાહક જાગૃતિ કેલેન્ડર અને બુકલેટનું વિમોચન કરાયું : (આઝાદ સંદેશ), સુરેન્દ્રનગર : જળ સંપત્તિ અને પાણી પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના અધ્યક્ષસ્થાને પંડિત દીનદયાળ ઉપાધ્યાય ટાઉન હોલ ખાતે 'રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિન-૨૦૨૪'ની રાજ્ય

કક્ષાની ઉજવણી યોજાઈ હતી. આ કાર્યક્રમમાં મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસની ઉજવણી પાછળનું મહત્વ સમજાવતા વધુમાં જણાવ્યું હતું કે, માણસ જાગે ત્યારથી જ ગ્રાહક બની જાય છે. વસ્તુની ખરીદી કરતી વખતે પેકિંગ ઉપર વજન, ભાવ, પેકિંગ તારીખ, ગુણવત્તા જોઈને ખરીદી કરી તેવા નાગરિકો ભાગ્યે જ જોવા મળે છે. જાગૃતતાના અભાવે ગ્રાહક પોતાની ભૂમિકા સારી રીતે નિભાવી શકતો નથી પરિણામે છેતરાય છે. ગ્રાહકોને જાગૃત કરવા માટે ગ્રાહક જાગૃતિ મંડળો દ્વારા અવારનવાર જન જાગૃતિના કાર્યક્રમો પણ યોજવામાં આવે છે. તેમ છતાં જો કોઈ નાગરિક છેતરપિંડીનો ભોગ બને તો રાજ્ય સરકાર દ્વારા કાર્યરત ગ્રાહક હેલ્પલાઈનનો ઉપયોગ કરી શકે છે. આ યુનિટમાં બે મહિનાના ટ્રાયલ દરમિયાન ૬૫૬૩ જેટલી ફરિયાદો નોંધાય હતી. ગ્રાહક હેલ્પલાઈન નંબર ઉપર વર્ષ ૨૦૨૩-૨૪માં ૮૨૦૦ જેટલી ફરિયાદોનું ગ્રાહકોના હિતમાં નિરાકરણ લેવાયું છે. આ પ્રસંગે સંબોધન કરતાં નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવાણાએ જણાવ્યું હતું કે, ગ્રાહકોના હિતોનું સાચું રક્ષણ થાય અને ગ્રાહકોને તેમનાં અધિકાર અંગે જાગૃત કરવામાં આવે તે માટે ગ્રાહક સુરક્ષા ધારા અન્વયે જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન અને રાજ્ય કમિશનની રચના કરવામાં આવી છે. તેમણે ઉમેર્યું હતું કે, સુરેન્દ્રનગર જિલ્લામાં સિંચાઈની સુવિધામાં વધારો કરવા માટે રૂ.૧૨૫૦ કરોડના ખર્ચે સૌની યોજના અને પાણી પુરવઠા વિભાગના વિવિધ કામોનું ખાતમુર્હૂત આગામી સમયમાં મુખ્યમંત્રીના હસ્તે કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ વર્ષે Virtual Hearing Digital Access to Consumer Justiceની થીમ સાથે ગ્રાહક સુરક્ષા દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.આ તકે ઉપસ્થિત મહાનુભાવોના વરદ હસ્તે ગ્રાહક જાગૃતિ કેલેન્ડર અને બુકલેટનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત રૂ.૫૦ લાખના ખર્ચે ગુજરાત રાજ્ય ગ્રાહક સુરક્ષા હેલ્પલાઈન ૧૮૦૦ ૨૩૩ ૦૨૨૨/ ૧૪૪૩૭ માટે Consumer Awareness and Protection Unitનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખ જીજ્ઞાબેન પંડ્યા, જિલ્લા કલેક્ટર રાજેશ તન્ના, નિયંત્રક કાનૂની માપ વિજ્ઞાન નિયામક આર.આર.ગોહિલ, જિલ્લા પુરવઠા અધિકારી એ.જી.ગઝન્દર, ગ્રાહક સુરક્ષા નાયબ નિયામક રુચિ પટેલ, ગ્રાહક તકરાર નિવારણ આયોગ પ્રમુખ એ.પી.કંસારા, પૂર્વ સાંસદ શંકરભાઈ વેગડ, અગ્રણી સર્વે નિલેશ શેટ, વૈભવ ચોકસી સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ/ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

શહેર ભાજપ દ્વારા અટલ બિહારી વાજપાઈના જન્મદિવસ અંતર્ગત પુષ્પાંજલીનો કાયક્રમ યોજાયો

(આઝાદ સંદેશ), રાજકોટ : દેશના પૂર્વ વડાપ્રધાન અને ભારતરત્ન શ્રધ્ધેય અટલ બિહારી વાજપાઈ માત્ર રાજકીય વિચારધારા સાથે નહી પરંતુ રાષ્ટ્ર વાદની વિચારધારા અને સર્વજન હિતાય, સર્વજન સુખાય સાથે રાષ્ટ્ર માટે પોતાનું સમગ્ર જીવન અર્પણ કર્યુ છે, સાથોસાથ અટલજી એક કવિ હૃદય ધરાવતા હોવાથી પોતાની અનેકવિધ કવિતામાં ભારત માતાની દેશભક્તિને વણોલી હતી ત્યારે આજે અને આવતા વર્ષોમાં પણ તેની કવિતા જીવંત રહેશે. આવા લોક હૃદય સમ્રાટ અટલજીને પુષ્પાંજલી આપવા અને શત શત નમન કરવા શહેર ભાજપ દ્વારા તેમના જન્મદિવસ ૨૫ ડીસેમ્બરના રોજ રેસકોર્ષ ખાતે આવેલ બાલભવનમાં પુષ્પાંજલી અર્પણનો કાર્યક્રમ અને અટલ બિહારી વાજપાઈના જીવન ચરિત્રની પ્રદર્શનીની રાખવામાં આવેલ હતી. આ પ્રદર્શનીનું રાજ્યસભા સાંસદ રામભાઈ મોકરીયા અને શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીએ દીપ પ્રાગટય કરી પુષ્પાંજલી અને પ્રદર્શનીના કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ હતી. આ તકે રાજ્યસભા સાંસદ રામભાઈ મોકરીયા, પૂર્વ સાંસદ મોહનભાઈ કુંડારીયા, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી,મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા, શહેર ઉપપ્રમુખ રાજદીપસિંહ જાડેજા, પૂજાબેન પટેલ, પરિમલભાઈ પરડવા, શહેર ભાજપ મંત્રી અને સુશાસન પર્વના સંયોજક વિજયભાઈ પાડલીયા, સહસંયોજક શહેર ભાજપ મંત્રી હરેશભાઈ કાનાણી, વિજયભાઈ ટોળીયા, શિક્ષણ સમિતિ ચેરમેન વિક્રમભાઈ પુજારા, પૂર્વ મહામંત્રી નરેન્દ્રસિંહ ઠાકુર, કિશોરભાઈ રાઠોડ, શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખ કિરણબેન માકડીયા અને શહેરના કોર્પોરેટરો, વોર્ડ પ્રભારી, પ્રમુખ, મહામંત્રી, વિવિધ શહેર મોરચા અને સેલના તમામ શ્રેણીના કાર્યકર્તાઓએ અટલજીના ફોટાને પુષ્પાંજલી અર્પણ કરી હતી અને ભારત રત્ન પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપાઈજીના જીવન ચરિત્રને તાદશ્ય કરતી પ્રદર્શની નિહાળી હતી અને હૃદય પૂર્વક ભાવ વંદના કરી હતી.

સુરેન્દ્રનગર ખાતે મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જિલ્લાના પાણી પુરવઠા, સિંચાઈ અને અન્ન નાગરિક પુરવઠા વિભાગના અધિકારીઓ સાથે રીવ્યુ બેઠક યોજી

બેઠકમાં મંત્રીએ જિલ્લામાં ચાલતા વિવિધ વિકાસ કામોની સમીક્ષા કરી સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનો/ માર્ગદર્શન આપ્યા : e-kyc અંગે વિવિધ પ્રચાર માધ્યમોમાં ફેલાતી ખોટી ભ્રામક માહિતીઓ અને અફવાઓથી દૂર રહેવા પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાની અપીલઃ (આઝાદ સંદેશ), સુરેન્દ્રનગર : આજરોજ જળ સંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા વિભાગનાં કેબિનેટ મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ સુરેન્દ્રનગર સર્કિટ હાઉસ ખાતે જિલ્લાના પાણી પુરવઠા, સિંચાઈ અને અન્ન નાગરિક પુરવઠા વિભાગના અધિકારીઓ સાથે રીવ્યુ બેઠક યોજી હતી. આ બેઠકમાં મંત્રીએ જિલ્લામાં ચાલતા વિવિધ વિકાસ કામોની સમીક્ષા કરી સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનો/ માર્ગદર્શન આપ્યા હતા. આ બેઠકમાં મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ સિંચાઈ અને પીવાનાં પાણીનાં પ્રશ્નો અંગે ચર્ચા કરી હતી. પાણી

પુરવઠા અને સૌની યોજના અન્વયે જિલ્લામાં ચાલી રહેલાં પ્રગતિ હેઠળના કામો વહેલીતકે પૂર્ણ કરવા તાકીદ કરી હતી. વધુમાં તેમણે જિલ્લાના લોકોને ઉનાળામાં પાણી અંગે કોઈપણ પ્રકારની મુશ્કેલીનો સામનો ન કરવો પડે તે માટે આગોતરું આયોજન હાથ ધરવા જણાવ્યું હતું. જિલ્લા પુરવઠા અધિકારી પાસેથી અનાજ વિતરણ વ્યવસ્થા અને ય-ચુભ અંગેની જાણકારી મેળવી હતી. સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓમાં મળતા લાભો તથા ડી.બી.ટી. સહાયમાં પારદર્શિતા લાવવા માટે ય-ચુભ ખૂબ જ જરૂરી હોવાથી દરેક લોકોનું વહેલામાં વહેલી તકે e-kyc પૂર્ણ કરવા જણાવ્યું હતું. આ ઉપરાંત ય-ચુભ અંગે વિવિધ પ્રચાર માધ્યમોમાં ફેલાતી ખોટી ભ્રામક માહિતીઓ અને અફવાઓથી દૂર રહેવા પણ અપીલ કરી હતી. આ બેઠકમાં નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવાણા, નિયંત્રક કાનૂની માપ વિજ્ઞાન નિયામક આર.આર.ગોહિલ, જિલ્લા પુરવઠા અધિકારી એ.જી.ગઝન્દર, પાણી પુરવઠા અને સિંચાઈ વિભાગ સહિત સંબંધિત તમામ વિભાગનાં અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

ઓમનીટેક નાઈટ હાફ મેરેથોન ૨.૦ અંતર્ગત યોજાનાર RNHM 2.0 બીબ એકસ્પોનું અનાવરણ કરાયું

એકસ્પોમાં રાષ્ટ્રીય કક્ષાએ સિધ્ધી પ્રાપ્ત કરેલ ૦૯ ખેલાડીઓ સહિત ૭૪ ખેલાડીઓને સન્માનિત કરવામાં આવ્યા (આઝાદ સંદેશ), રાજકોટ : રાજકોટ યોજાનાર નાઈટ હાફ મેરેથોન ૨.૦ અંતર્ગત તા. ૨૬ થી ૨૮ ડિસેમ્બર દરમિયાન જન્કલ્યાણ

હોલ ખાતે RNHM 2.0 બીબ એકસ્પોનું અનાવરણ ઓમનિટેક એન્જીનિયરીંગ પ્રા. લી.ના ઉદયભાઈ પારેખ અને જી. એમ. એન્જીનિયરીંગ પ્રા. લી. ના ભાવિનભાઈ જાવીયાના હસ્તે મહાનુભાવોની ઉપસ્થિતીમાં કરવામાં આવ્યું હતું. આ બીબ એકસ્પો અંગે વધુ માહિતી આપતા રાજકોટ રનર્સ એસોસીએશનના સેક્રેટરી ડો. દિમ્મી મહેતા અને રોટરી કલબ ઓફ રાજકોટ ગ્રેટરના સેક્રેટરી આશિષ જોષી અખબારી યાદીમાં જણાવે છે કે રાજકોટ પોલીસ અને રાજકોટ મહાનગરપાલીકાના સહયોગથી રાજકોટમાં નાઈટ હાફ મેરેથોનનું આયોજન બીજી વખત થઈ રહ્યું છે. ત્યારે આ મેરેથોનના ઉપવક્ષમાં બીબ એકસ્પોનું આયોજન કરવામાં આવ્યું છે. આ બીબ એકસ્પોમાં મેરેથોનના ફાયદાઓ, નિયમો અને દોડવીરો એ કેવી રીતે ફિટનેસ મેઈન્ટેન કરવી વગેરે જેવી બાબતોની માહિતી પણ પ્રદર્શીત કરાશે. આ ઉપરાંત એકસ્પોના એકટીવીટી એરિયામાં બારબેન્ડર જીમ દ્વારા ફિટનેસને લગતી વિવિધ એકટીવીટી કરાવવામાં આવશે. નાઈટ મેરેથોનમાં ભાગ લેનાર તમામ દોડવીરો માટે બીબ કીટનું વિતરણ પણ એકસ્પોમાં શરુ કરવામાં આવ્યું છે. રમત-ગમતના દરેક ક્ષેત્રમાં રસ ધરાવતા ખેલાડીઓને પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશથી આ ત્રિ-દિવસીય પ્રદર્શન દરમિયાન રાજકોટનું પ્રતિનિધિત્વ કરી સ્વિમિંગ, બાસ્કેટબોલ, એથ્લેટિક્સ, બેડમિન્ટન, તીરંદાજી અને પાવર લિફ્ટિંગ જેવી વિવિધ ખેલ-કુદ સ્પર્ધામાં જવલંત સફળતા મેળવી રાષ્ટ્રીય ફલક ઉપર રાજકોટને નામના અપાવનાર રમતવીરોને બીબ એકસ્પોના પ્રથમ દિવસે સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં રાષ્ટ્રીય કક્ષાએ સિધ્ધી મેળવનારા ૦૯ ખેલાડીઓ સહિત અન્ય ૭૪ ખેલાડીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ એકસ્પોનો સમય સવારે ૧૦ થી રાત્રે ૧૦ કલાક નો રહેશે. પ્રદર્શનમાં જાહેર જનતા માટે નિઃશુલ્ક પ્રવેશ રહેશે, રનર્સ એસોસીએશનના ડો.અજીતસિંહ વાઢેર, ડો. દેવેન્દ્ર રાખોલીયા, ડો. દિમિ મહેતા, રવિ ગણાત્રા, શૈલેષભાઈ ગોટી, સનતભાઈ માખેચા, પુનિતભાઈ કોટક, રોટરી જયદિપભાઈ વાઢેર, આશિષભાઈ જોષી, દિપેનભાઈ પટેલ અને મેહુલભાઈ નથવાણી સહીતના જહેમત ઉઠાવે છે. તા.કઃ નાઈટ હાફ મેરેથોનમાં ભાગ લેનાર ૫૦૦૦ જેટલા દોડવીરોમાં મેરેથોન માટે અદમ્ય ઉત્સાહ અને થનગનાટ જોવા મળી રહ્યો છે. ભાગ લેનાર તમામ ખેલાડીઓને મેડલ એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવશે.

ભાવનગર ખાતે સિપાઈ સમાજના વિદ્યાર્થીઓનો છઠ્ઠો સન્માન સમારોહ યોજાયો

૪૧૧ છાત્રોનું સન્માન કરાયું : રક્તદાન કેમ્પ યોજાયો

(આઝાદ સંદેશ), જસદણ : વર્ષ ૨૦૧૫ થી મુસ્લિમ સિપાઈ સમાજમાં શૈક્ષણિક ઉત્થાન માટે કામ કરતી એક માત્ર સંસ્થા એટલે સિપાઈ સમાજ ટ્રસ્ટ ગુજરાત દ્વારા ભાવનગર ખાતે છઠ્ઠો સન્માન સમારોહ યોજ્યો હતો જેમાં ગુજરાતના અલગ અલગ ગામો. માંથી આવેલા ૪ દિવ્યાંગ ખેલાડીઓ, ૨ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં જિલ્લા લેવલે વિજેતા થયેલ યુવાઓ, ૫ અલગ અલગ રમતોમાં જિલ્લા લેવલે સન્માનિત થયેલ ખેલાડીઓ, ૩ દિવ્યાંગ વિદ્યાર્થીઓ તેમજ ધોરણ ૮ થી ઉચ્ચ અભ્યાસ કરતા ૩૯૪ વિદ્યાર્થીઓ અને ગુજરાત તથા ભારત સરકારના અલગ અલગ ખાતાઓમાં સરકારી નોકરી મેળવેલ ૩ યુવાઓને સન્માનિત કરાયા હતા. આ સન્માન સમારોહ પ્રસંગે કાર્યક્રમ પહેલા સવારે સિપાઈ સમાજ ટ્રસ્ટ ગુજરાત અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી સંચાલિત રેડ ક્રોસ બ્લડ બેંક ભાવનગરના સંયુકત ઉપક્રમે એક રકતદાન શિબિરનું આયોજન

એસએજી મોલ્કેમ વિમેન્સ ટેનિસમાં અમદાવાદની ઝીલ દેસાઈએ સેમિફાઈનલમાં કર્યો પ્રવેશ

(આઝાદ સંદેશ), નવી દિલ્હી : એસએજી મોલ્કેમ વિમેન્સ ટેનિસ ટૂર્નામેન્ટની ક્વાર્ટર ફાઈનલ મેચમાં અમદાવાદની ટેનિસ ખેલાડી ઝીલ દેસાઈએ આગેકૂચ કરી છે. ટૂર્નામેન્ટમાં સેકન્ડ સીડ સ્થાનિક ખેલાડી ઝીલ દેસાઈએ જે મેટોસ સિકવેરા ફર્નાન્ડિઝને ૭-૫,૨-૬, ૬-૨થી પરાજય આપીને સેમી ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. ઝીલની મેચ ૨ કલાક અને ૧૪ મિનિટ સુધી ચાલી હતી. ટોપ સીડેડ રશિયાની યાશિનાએ નિકુરેને સીધા સેટમાં પરાજય આપીને આગેકૂચ કરી હતી. ૩૦ વર્ષીય અનુભવી ખેલાડી યાશિનાએ પહેલા સેટમાં મથામણ કરવી પડી હતી. પહેલા સેટમાં ૪૩ મિનિટ જ્યારે બીજા સેટમાં તેણે ૩૬ મિનિટમાં જીત મેળવી હતી. ઝીલ દેસાઈની મેચ રસપ્રદ રહી હતી. પહેલા સેટમાં ઝીલ દેસાઈને હરીફે આકરો પડકાર આપ્યો હતો જ્યારે બીજા સેટમાં તેની હરીફે શાનદાર રમતનું પ્રદર્શન કરતા જીત મેળવી હતી પરંતુ ત્રીજા સેટમાં ઝીલએ પોતાના વ્યાપક અનુભવનું પ્રદર્શન કરતા સરળતાથી જીતી લીધો હતો અને સેમીફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. એક અન્ય મેચમાં ડેનમાર્કની ઈ. જામશિદિએ જાપાનની કોબાયાશીને ૫૩ મિનિટ સુધી ચાલેલા મુકાબલામાં સીધા સેટમાં ૬-૧,૬-૩થી પરાજય આપ્યો હતો. જ્યારે વૈષ્ણવી અડકારે માયા રેવતીને ૬-૧,૭-૬થી હાર આપી હતી. ડબલ્સની ક્વાર્ટર ફાઈનલમાં નિક્કર અને સોહા સાદિકની જોડીએ અમદાવાદની ખુશાલી મોદી અને સેજલ ભુતડાની જોડીને ૬-૪,૬-૨થી હરાવી હતી. જ્યારે કોબાયાશી અને નાગાટાની જોડીએ પી ભંડારી અને પી પંવારની જોડીને ૬-૧, ૬-૦થી હરાવી હતી. પી. ઈંગ્લે અને વી. અડકારની જોડીએ ચિલકાદાપુડી અને એમ. સાવંતની જોડીને પરાજય આપ્યો હતો. જ્યારે માયા રેવતી અને લક્ષ્મીપ્રભાની જોડીએ એ. રાઠી અને કે ભાટિયાની જોડીને સંઘર્ષપૂર્ણ મુકાબલામાં ૨-૬, ૬-૪ અને ૧૦-૭થી હાર આપી હતી.

સર્બિયાના દિગ્ગજ ટેનિસ ખેલાડી જોકોવિચે ઓસ્ટ્રેલિયન ઓપન માટે તેની નવી કિટ જાહેર કરી

(આઝાદ સંદેશ), નવી દિલ્હી : સર્બિયાનો દિગ્ગજ ટેનિસ ખેલાડી નોવાક જોકોવિચ આગામી વિમ્બલ્ડનમાં કેવા આઉટફિટમાં મેદાનમાં ઊતરશે તેનો ખુલાસો થઈ ગયો છે. જોકોવિચ આ વખતે ઓસ્ટ્રેલિયન ઓપનમાં લેકોસ્ટે કિટમાં સજ્જ થઈને મેદાનમાં ઊતરશે. ૩૭ વર્ષીય જોકોવિચ પોતાની ૨૦૨૫ની ટેનિસ સિઝનનો પ્રારંભ બ્રિસબેન ઈન્ટરનેશનલમાં રમવા ઊતરીને કરશે, તે બાદ તે વર્ષના પહેલી ગ્રાન્ડ સ્લેમ ટૂર્નામેન્ટ ઓસ્ટ્રેલિયન ઓપનમાં રમવા ઊતરશે. ઓસ્ટ્રેલિયન ઓપનનો પ્રારંભ આગામી ૧૨ જાન્યુઆરીએ થશે અને તેનો અંત ૨૬ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ થશે. તાજેતરમાં જ જોકોવિચની કિટની તસવીરો સોશિયલ મીડિયા પર સામે આવી હતી. તસવીરમાં જોકોવિચની કિટની ડિઝાઈન જોવા મળી હતી. તેની કિટમાં કાળી પટ્ટીઓ સાથે વાદળી રંગનું ટી-શર્ટ તેમજ ડાબી તરફ લેકોસ્ટેનો લોગો હતો. ટી-શર્ટની સાથે જ કિટમાં ઝિપ્ડ સ્વેટશર્ટ તેમજ સમાન રંગમાં પેન્ટ છે. જેની પર બ્લેક ઓમ્બર પ્રિન્ટ છે. જોકોવિચે પોતાની ૨૦૨૪ની સિઝનનો અંત ડેવિસ કપની ફાઈનલમાં રમવાની સાથે કર્યો હતો. તે પહેલા જોકોવિચ રિયાધમાં સિક્સ કિંગ સ્લેમમાં રમવા ઉતર્યો હતો જ્યા તેનો મુકાબલો રાફેલ નડાલ સાથે થયો હતો. તે ઉપરાંત જોકોવિચ શાંઘાઈ માસ્ટર્સની ફાઈનલમાં પણ પહોંચ્યો હતો ત્યાં સુધી પહોંચવા તેણે એલેક્સ મિશેલસેન, ફ્લાવિઓ કોબોલી જેવાને પરાજય આપ્યો હતો.

આઈએલટી૨૦ના થર્ડ એડિશનમાં ન્યૂઝીલેન્ડના ફાસ્ટ બોલર ટીમ સાઉથી શારજાહ વોરિયર્સની કેપ્ટન્સી સંભાળશે

(આઝાદ સંદેશ), નવી દિલ્હી : ન્યૂઝીલેન્ડના ફાસ્ટ બોલર ટીમ સાઉથી ડીપી વર્લ્ડ આઈએલટી૨૦ની ત્રીજી એડિશનમાં શારજાહ વોરિયર્સ ટીમની કેપ્ટન્સી સંભાળશે. શારજાહ વોરિયર્સનું માનવું છે કે સાઉથીનો અનુભવ તથા રમતનું જ્ઞાન આઈએલટી૨૦ની આગામી સીઝન માટે ટીમને મજબૂતી આપશે. નોંધનીય છે કે આઈએલટી૨૦ની આગામી સિઝનની શરૂઆત ૧૧ જાન્યુઆરીએ થશે અમને શારજાહ વોરિયર્સ પોતાની પ્રથમ મેચ ૧૨ જાન્યુઆરીએ ગુજરાત જાયન્ટ્સની વિરુદ્ધ રમશે. આ અવસર પર સાઉથીએ જણાવ્યું હતું કે શારજાહ વોરિયર્સ પાસે એક શાનદાર ટીમ છે કે જેમાં અનેક સારા બેટ્સમેન છે અને કુશળ બોલર્સ પણ છે. આટલા બધા પ્રભાવશાળી ક્રિકેટર્સની કેપ્ટન્સી કરવી અને તેમની સાથે રહેવું વાસ્તવમાં રોમાંચક રહેશે. ટીમ મેનેજમેન્ટની સાથેની વાતચીત પણ અત્યાર સુધી ખુબ જ સફળ રહી છે અને અમને પુરો ભરોસો છે કે આ સિઝન સારી રહેશે. હું આ ટીમમાં સામેલ થવામાં અને તેનું નેતૃત્વ કરવા માટે ખરેખર ઉત્સાહિત છું. શારજાહ વોરિયર્સના મુખ્ય કાર્યકારી ક્ષેમલ વેન્ગંકેરે જણાવ્યું હતું કે અમે કેપ્રી સ્પોર્ટ્સમાં ટીમ સાઉથીને શારજાહ વોરિયર્સ ટીમમાં કેપ્ટન તરીકે સામેલ કરીને ખુબ ઉત્સાહિત છીએ. ક્રિકેટની રમત પ્રત્યે તેમની કાર્ય નીતિ તથા સમર્પણ બેમિસાલ છે તથા લડતા રહેવાની તેમની દ્રઢતા યોદ્ધા ભાવના સાથે સંપુર્ણપણે મેળ ખાય છે. સાઉથી આઈએલટી૨૦ની આગામી સિઝન માટે અમારી ટીમને મજબૂત તો કરશે જ સાતોસાથ તેમાં વધારે ઊંડાણ અને અનુભવનો પણ ઉમેરો કરશે.

મધમાછી ઉછેરનું સૌથી મોટું કારણ છે સ્વાસ્થ અને ચહેરાની સુંદરતા માટે મધના ફાયદાઓ

(આઝાદ સંદેશ) : મધ એક એવું પ્રાકૃતિક ગળપણ છે, જેની ખેતી તેજીથી વધી રહી છે, ખેડૂતોએ પોતાની જમીન ભાડે રાખીને ક તો પછી પોતે જ મોટા ભાગે મધમાખીની ઉછેર કરીને મધનું ઉત્પાદન કરી રહ્યા છે અને લાખોની કમાણી પણ કરી રહ્યા છે. ખેડૂતોના મધમાખીના ઉછેર પ્રત્યે લાગણીનું કારણ શું છે? જો તમને ખબર નથી તો આજના આ લેખમાં અમે તમને જણાવી દઈશું. મધમાખીના ઉછેર પ્રત્યે ખેડુતોની લાગણી એટલા માટે છે કેમ કે તેના ઘણા સ્વાસ્થ્ય લાભો છે અને ખેડૂતોએ આપણા દેશના લોકોને સ્વસ્થ જોવા ઈચ્છે છે, તેથી કરીને તેઓ મધનું મોટા પાચે ઉત્પાદન કરી રહ્યા છે.

મધના ચહેરા માટે ફાયદા : મધના ઘણા સ્વાસ્થ્ય લાભો છે. તેનું સેવન કરવાથી શરદી અને ગળાના દૂખાવાની સારવારખથી લઈને પાચનમાં સુધારો કરવા, ઊંઘણી ગુણવત્તામાં સુધારો કરવા, ઉર્જા વધારવા, ત્વચાની સંભાળ, એલર્જી અને સાઈનલસથી રાહત મળે છે તેમજ રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે પણ તેઓ ઘણા લાભકારી છે. જો કે સ્વાસ્થ્ય સિવાય તે ત્વચા માટે પણ ખૂબ ફાયદાકારક માનવામાં આવે છે. ત્વચા માટે તે કોઈ દવાથી ઓછું નથી. તેના ફાયદા ઘણા પ્રકારના ફેસ માસ્ક અને રશ્સમાં મધનો ઉપયોગ કરીને મેળવી શકાય છે. મધની ખાસ વાત એ છે કે તમે તેનો રોજ ત્વચા પર ઉપયોગ કરી શકો છો અને તેની કોઈ ખાસ આડઅસર થતી નથી. હા, પરંતુ એ વાતનું ધ્યાન રાખવું જરૂરી છે કે જેમને મધની એલર્જી હોય તેમણે એક વખત પેચ ટેસ્ટ કરાવ્યા પછી જ તેને ચહેરા પર લગાવવું જોઈએ.

વૃદ્ધત્વ વિરોધી : એન્ટી-ઓક્સિડેન્ટથી ભરપૂર મધ કોલેજનનું ઉત્પાદન વધારે છે. તેમાં હાજર એન્ટી-ઓક્સિડન્ટ્સ ત્વચાને ફ્રી રેડિકલ ડેમેજથી બચાવે છે. આ ત્વચાને ચુસ્ત અને યુવાન રાખે છે, વૃદ્ધત્વ પ્રક્રિયાને ધીમી કરે છે અને ચહેરા પર ચમક લાવે છે.

એન્ટિસેપ્ટિક : ત્વચા પર પિમ્પલ્સ હોય ત્યારે મધ લગાવવાથી ચહેરા પરથી ધૂળ, માટી અને ગંદકી સાફ થાય છે, જે બેક્ટેરિયાથી રક્ષણ આપે છે અને પિમ્પલ્સમાં એન્ટિસેપ્ટિકનું કામ કરે છે.

હ્યુમેક્ટન્ટ : મધ હવામાંથી ભેજ ચોરી કરે છે અને તેને ત્વચામાં બંધ કરે છે અને ત્વચાને હાઈડ્રેટ રાખવામાં મદદ કરે છે. તેથી તેને કુદરતી હ્યુમેક્ટન્ટ કહી શકાય.

એક્સ્ફોલિયેટર : મધમાં રહેલા ઉત્સેચકો તેને કુદરતી એક્સ્ફોલિયેટર જેવા બનાવે છે. તેને ત્વચા પર લગાવવાથી શુષ્ક, નિસ્તેજ ત્વચામાંથી મૃત કોષો દૂર થાય છે અને અંદર હાજર નવા કોષો બહાર આવે છે, જે ત્વચામાં ચમક લાવે છે

સનબર્ન રાહત : સનબર્નથી થતા નુકસાનની સારવાર માટે મધનો ઉપયોગ ત્વચામાં બળતરા ઘટાડે છે અને હીલિંગને પ્રોત્સાહન આપે છે. આ સનબર્નથી થતા નુકસાનમાંથી ત્વચાને કુદરતી રીતે સાજા કરવામાં મદદ કરે છે.

શ્વસનતંત્રને કાર્યક્ષમતા પ્રદાન કરે છે, ભસ્ત્રિકા પ્રાણાયામ

(આઝાદ સંદેશ) : અનેક પ્રકારના પ્રાણાયામ થતાં હોય છે, પરંતુ તેમાં પણ શ્વસનતંત્રને કાર્યક્ષમતા પ્રદાન કરે છે, ભસ્ત્રિકા પ્રાણાયામ. ભસ્ત્રિકા પ્રાણાયામ અંગે વધુ વિગતો મેળવીએ. ભસ્ત્રિકા એટલે ધમણ. કપાલભાતિમાં આપણે શ્વાસ ધીરેથી લઈને એકાએક છોડતા હતા. અહીં જલદીથી લઈને એકાએક શ્વાસ છોડવાનો છે. આમ ઝપાટાબંધ પરંતુ રીધમમાં એટલે તાલબદ્ધ શ્વાસ લેવાનો અને છોડવાનો, જેમાં ફેફસાં છેક નીચેથી ઉપર સુધી ફૂરેપૂરી માત્રામાં ખુલે છે. આમ, ધમણની જેમ, જેવી રીતે હારમોનિયમની ધમણ હોય અથવા તો જૂના સમયમાં ફ્લર્ટ કરવાવાળો અથવા તો લુહારની ભઠ્ઠી ઉપર હવા ઝીંકનારો જેમ ધમણ ચલાવતો તેમ આપણે ઝપાટાબંધ શ્વાસ લેવાનો અને છોડવાનો, તેને ભસ્ત્રિકા પ્રાણાયામ કહેવાય છે.

આ ભસ્ત્રિકા પ્રાણાયામ ખૂબ જ જલદ અને પ્રખર શક્તિ સાથે ઉષ્મા ઉત્પન્ન કરનાર છે. ફેફસાંની કાર્યક્ષમતામાં જબ્બર ક્ષમતા અને ઊર્જા વધારવા ઉપરાંત, છેક નાકથી આખીયે શ્વાસનળી અને ફેફસાંનાં ઊંડાણથી પણ વધારે ડાયાફ્રામ સુધીના શ્વસનતંત્ર સાથે સંકળાયેલા સમગ્ર તંત્રને નિરોગી, સબળ અને વિશિષ્ટ કાર્યક્ષમતા આપે છે. આ પ્રાણાયામનો અભ્યાસ જો અસ્થમા ખૂબ જ એક્યુટ અથવા તો ખૂબ જ વકરેલી અવસ્થામાં હોય તો ન જ કરી શકાય. પરંતુ આરંભ હોય, મધ્યવર્તી હોય, રોગ ઉતરતી પાયરી ઉપર હોય ત્યારે ખૂબ જ સહાય કરે છે. આરંભમાં ૨૦થી ૪૦ શ્વાસ લેવા અને છોડવા. ક્રમશઃ વધારીને એક સાથે ૧૫૦થી ૨૦૦ શ્વાસ પણ લઈ શકાય. ભસ્ત્રિકાના દરેક આવર્તન પછી જાલંધર બંધ અવશ્ય કરવો. જાલંધર બંધ એટલે ઊંડો શ્વાસ લઈને દાઢીને છાતીમાં લગાડી શ્વાસને અંદર રોકી રાખવો. તે પછી માથું ઊંચું કરીએ ત્યારે ધીરેધીરે શ્વાસ છોડવો.

ઓમકાર : ઓમકારનો અભ્યાસ કરવા માટે કોઈ ખાસ વૈજ્ઞાનિક સમજણની આવશ્યકતા નથી. સવારે-બપોરે અને સાંજે તથા રાત્રે જ્યારે પણ પેટ ભારે ન હોય ત્યારે અઉમ ઉચ્ચારણ કરવું કે જેથી ઓમ્કાર કરવાથી શ્વસનતંત્ર અને રૂધિરાભિસરણ તંત્રની કાર્યક્ષમતા વધશે અને તે સંબંધી રોગોમાંથી મુક્તિ થવાની સંભાવનાઓ પેદા કરી શકાશે. ઓમકારના અભ્યાસથી રક્ત પરિભ્રમણ વધે છે, જેથી ફેફસાંઓની કાર્યક્ષમતા વધવાથી નિરોગી થઈ શકાય છે.

સામાન્ય રીતે મોટા ભાગના લોકોના અસ્થમા - રોગ થવા પાછળનું કારણ બેઠાડુ જીવન જ હોય છે. આવી સ્થિતિ જ્યાં પણ હોય ત્યારે ભસ્ત્રિકા પ્રાણાયામ અને ઓમકારનો અભ્યાસ ખૂબ જ લાભદાયક પૂરવાર થાય છે.

શિયાળામાં વકરે દાંતનો દુઃખાવો, અસહ્ય દર્દથી છુટકારો મેળવવા કરો બસ આટલુ

(આઝાદ સંદેશ) : ચહેરાની સુંદરતા સાથે સ્વસ્થ મોં રાખવું પણ ખૂબ મહત્વનું છે. સારૂ સ્મિત સરળતાથી કોઈનું દિલ જીતી શકે છે. જો દાંતની સફાઈનું ધ્યાન ન લેવામાં આવે તો દાંતમાં સડો, પોલાણ, કેવટીઝ, નબળા દાંત, પાયોરીયા, દાંતમાં સડો થવો, મોમાંથી દુર્ગંધ જેવી સમસ્યાઓ થઈ શકે છે. આ કિસ્સામાં, તમારા દાંતની વિશેષ કાળજી લેવી જરૂરી છે. આવી સ્થિતિમાં, આજે અમે તમને કેટલીક ટીપ્સ આપીશું, જેથી તમે તમારા દાંત ખરાબ થતા બચાવી શકો.

કેવટીઝ કેમ થાય છે? : સુગરયુક્ત ખોરાક ખાવાથી એટલે કે બિસ્કીટ, ચોકલેટ, બટેટાં, કેળાં ખાવાથી પીએચ મૂલ્ય પીએચ વેલ્યુ ઘટાડે છે. જે પછી, ધીમે ધીમે દાંતમાં નાના છિદ્રો બનાવવામાં આવે છે. બાદમાં આ છિદ્રોમાં પોલાણ અથવા કૃમિ લાગુ પડે છે. આ સિવાય દાંતમાં ચેપ હોય તો પણ પોલાણની રચના થઈ શકે છે. જો સારવાર ન કરવામાં આવે તો દાંતના બગાડનું જોખમ વધી જાય છે. ભોગ બનનારને દાંત પણ ગુમાવવા પડે છે.

આ રીતે કરો કેવટીઝથી બચાવ : ગળ્યુ ખાવાનું ઓછુ કરો .વધુ ગળ્યુ ખાવાથી દાંતમાં બેક્ટેરિયા થવા લાગે છે, જે મોં ને એસિડિક બનાવે છે અને દાંતને નબળા બનાવે છે. જો કોઈ મીઠાઈ ખાવામાં આવે તો તરત જ કરી લો. આલ્કોહોલ, કોલ્ડ ડ્રિંક્સ, સોડા, ચા અને કોફી પણ દાંતને નુકસાન પહોંચાડે છે. આ વસ્તુઓમાં એસિડ જોવા મળે છે જે દાંતને નુકસાન પહોંચાડે છે. દિવસમાં બે વાર બ્રશ કરો. કંઈપણ ખાધા પછી પાણી ભરો અને તેને આખા મોમાં ભરીને કોગળા કરો, જેથી આજુબાજુ અટકેલા ખોરાકના કણો દૂર થઈ જાય. તેલયુક્ત અને મસાલેદાર ખોરાક ન ખાશો. સુગર ફ્રી ચ્યુઈંગમ ખાવાથી દાંતનું પીએચ લેવલ બરાબર રહે છે. ગરમ કે ઠંડા ખોરાક લેવાનું ટાળો.

દાંત સાફ કરવા માટે ફક્ત ફ્લોરાઈડ ટૂથપેસ્ટનો ઉપયોગ કરો. જો તમે ઈચ્છો, તો દિવસમાં ૧ વખત દાંતણનો ઉપયોગ કરો. તમારા આહારમાં કે લ્શિયમ, મેગ્નેશિયમ, ફોસ્ફરસ જેવા બધા પોષક તત્વો સામેલ કરો.

વાંચકો જોગ : આથી વાંચકોએ નોંધ લેવી કે, અહીં પ્રસિધ્ધ થતાં કોઈપણ લેખ માત્ર સામાન્ય જાણકારી માટે છે, તે કોઈ પણ પ્રકારે દવા કે ઇલાજનો વિકલ્પ હોઈ શકે નહીં. વધુ માહિતી માટે ડોક્ટરનો સંપર્ક કરો.
–વ્યવસ્થાપક : આઝાદ સંદેશ

આવતીકાલનું પંચાગ

શનિવાર	તા. ૨૮-૧૨-૨૦૨૪
વિક્રમ સંવત	૨૦૮૧
શાલીવાહન શાકે	૧૯૪૬
ખ્રિસ્તી વર્ષ ૨૦૨૪	તિથી : માગસર વદ-૧૩
નક્ષત્ર	અનુરાધા
યોગ	શૂળ, કરણ : ગર
સૂર્યોદય	૭:૨૬, અસ્ત : ૬:૧૧
ચંદ્ર રાશિ	વૃશ્ચિક (ન,ય)
દિશાશૂળ	પૂર્વ તરફ
રાહુકાળ	૧૦:૦૮થી ૧૧:૨૮
ચોઘડિયા દિવસના	કાળ,શુભ,રોગ, ઉદ્વેગ,ચલ, લાભ, અમૃત, કાળ
અભિજીત મુહૂર્ત	બપોરે ૧૨:૨૭થી ૦૧:૧૦
પ્રદોષ કાળ	૦૬:૧૧થી ૦૮:૪૭

એસ્ટ્રોલોજર : નૈષધ ભટ્ટ, મો. નં. ૯૪૨૬૨ ૪૭૦૧૦

સ્વસ્થ જીવન જીવવા માટે ૨૦ વર્ષની ઉંમર સુધીમાં તમામ મેડિકલ ટેસ્ટ કરાવો

(આઝાદ સંદેશ) : જ્યારે બાળક જન્મે ત્યારે માતા સુનિશ્ચિત કરે છે કે તેના બાળકને તમામ આવશ્યક રસીઓ તેને બીમારીઓથી બચાવવા માટે મૂકાવવામાં આવે. જો કે, પોતાના આરોગ્યની વાત આવે છે ત્યારે, તેને તેના પરિવારજનોએ વધુ કાળજી રાખવા માટે સમજાવવી જોઈએ. આપણે અહીં એવા કેટલાક આવશ્યક મહિલાઓ માટેના મેડિકલ ટેસ્ટ જોઈએ જે ૨૦ વર્ષની વયથી જ કરાવવા જોઈએ અને તે સ્વસ્થ જીવન માટે લાંબા સમય સુધી ચોક્કસ સમયગાળામાં કરાવતા રહેવું જોઈએ.

૨૦ અને ૩૦ વર્ષની વય : ૨૦થી ૩૦ વર્ષની વયમાં લગ્ન અને પ્રેગનન્સી જેવી જીવનની અનેક ઘટનાઓ હાવિ રહેતી હોય છે. યુવતીઓએ તેમની ૨૦ વર્ષની વયમાં ચોક્કસપણે આ હેલ્થ ચેકઅપ્સ કરાવવા જોઈએ.

એચપીવી રસીઓ: સર્વાઈકલ કેન્સર મહિલાની સેક્સયુઅલ જીવનશૈલી અને એવા અન્ય પરિબળો જેમકે અયોગ્ય સેક્સયુઅલ હાઈજીન, મલ્ટીપલ સેક્સ પાર્ટનર્સ, દારૂ પીવો, દવાઓ અને ધુમ્રપાન સાથે સંકળાયેલ છે. ૨૫-૩૦ વર્ષની વયની યુવતીઓએ પેપ સ્મીયર ટેસ્ટ (જો તેઓ સેક્સ્યુઅલી એક્ટિવ હોય) દર બે-ત્રણ વર્ષે કરાવવો જોઈએ. આ ટેસ્ટ રોગનું નિદાન પ્રી-ઈનહેસિવ તબક્કામાં કરે છે જેમાં સારવાર ઓછી હોય છે અને સારવારના



પરિણામો ૧૦૦ ટકા અસરકારક નીવડી શકે છે. એચપીવી રસીઓ પણ ૯-૨૬ વર્ષની વયની બાળકીઓ-યુવતીઓને તેઓ સેક્સ્યુઅલી એક્ટિવ થાય એ પહેલા આપી શકાય છે, જેથી સર્વાઈકલ કેન્સરને રોકી શકાય. તે સેક્સ્યુઅલ એક્ટિવિટીઝના પ્રારંભ પછી ૪૦ વર્ષની વય સુધી કરી શકાય છે પણ તેના લાભ મર્યાદિત હોય છે.

થેલેસેમિયા માટે સ્ક્રીનીંગ: બે વ્યક્તિઓ વચ્ચે લગ્ન થાય ત્યારે જો બંને થેલેસેમિયા માઈનોર ધરાવતા હોય તો તેઓ પર ખાસ લક્ષ આપવું જોઈએ, ખાસ કરીને તેઓ ફેમિલી પ્લાનિંગ કરે. કેમકે આવા યુગલો એવા બાળકને પેદા કરી શકે છે જેને થેલેસેમિયા મેજર હોય. નિયમિત ચેક અપ્સથી સ્થિતિની જાણકારી મેળવી શકાય છે અને જો બાળક થેલેસેમિયા મેજર ધરાવતું હોય તો પ્રેગનન્સી સલાહભરી નથી.

આરએચ ફેક્ટર: આજે યુવતીઓ લગ્ન અગાઉ સેક્સ્યુઅલી એક્ટીવ થઈ જતી હોય છે અને ગર્ભપાતની સ્થિતિ હોય તો તેમણે ભવિષ્યમાં સગર્ભાવસ્થા ધારણ કરવા અંગેના કેટલાક પરિબળો ચોક્કસપણે ધ્યાનમાં લેવા જોઈએ. આરએચ નેગેટિવ મહિલાઓ કે જેઓ ગર્ભપાત કરાવે છે તેઓમાં ભવિષ્યમાં ગર્ભાવસ્થા ધારણ કરવામાં મુશ્કેલી પડતી હોવાનું જોવા મળ્યું છે. આવા કેસોમાં કેટલીક તબીબી સારવારની સલાહ તેઓ માતૃત્વ ધારણ કરે એ પહેલા અપાતી હોય છે.

૩૦ અને ૪૦ વર્ષની વય : ઘાતક રોગો, પ્રારંભિકપણે હોર્મોન્સ સાથે સંકળાયેલા હોય છે તે મહિલાઓ માટે ૩૦ વર્ષની વયે ચિંતાજનક નીવડી શકે છે. ચેક અપ્સ કે જે તમારે ચોક્કસપણે કરાવવા જોઈએ તે નીચે મુજબ છે.

સ્તન કેન્સર: આમાં ત્રણ તબક્કાનું વિશ્લેષણ સામેલ છે. સામાન્ય સ્તનની જાતે જ તપાસ કરવી કે સ્તનમાં કોઈ ગાંઠ, નીપલ્સમાંથી કોઈ પ્રવાહી નીકળતું હોય કે સ્તનની ત્વચામાં ફેરફાર હોય તો જાણી શકાય, જો કોઈ ફેરફાર લાગે તો તાત્કાલિક તેના પર લક્ષ આપવું જોઈએ. ૩૫ વર્ષની વય પછી ક્લિનીકલ બ્રેસ્ટ એક્ઝામિનેશન ગાયનેકોલોજિસ્ટ પાસે વર્ષે એકવાર કરાવવું અગત્યનું છે.

દર બેથી ત્રણ વર્ષમાં એકવાર ૩૫થી ૫૦ વર્ષની મહિલાઓએ મેમોગ્રાફી કરાવવી જોઈએ. જો કે કેન્સર માટે જનીનો કારણભૂત હોય છે તેથી કેન્સરનો ફેમિલી હિસ્ટ્રી ધરાવતી મહિલાઓએ ૩૦ વર્ષની વયથી જ મેમોગ્રાફી કરાવવી જોઈએ.

પેલ્વિક સોનોગ્રાફી: પેલ્વિક સોનોગ્રાફી અને ક્લિનીકલ પરીક્ષણ દર બે થી ત્રણ વર્ષમાં એક વાર

દ્રઢતાથી સવારે જાગવું અને રાત્રે સંતુષ્ટિ સાથે ઊંઘ કરવી એ દરેક મહિલાનો આરોગ્ય મંત્ર હોવો જોઈએ. અહીં તમામ વય જૂથની મહિલાઓ માટે ચોક્કસપણે કરવા જેવા ટેસ્ટની યાદી આપવામાં આવી છે. જેથી કોઈ ઓવેરિયન માસનો વિકાસ થયો હોય તો તેનું નિદાન કરી શકાય, જે ઓવેરિયન અને એન્ડોમેટ્રીઅલ કેન્સરનો વહેલો સંકેત પણ હોઈ શકે છે. ૩૫ વર્ષથી વધુ વયની મહિલાઓએ ચોક્કસપણે આ પરીક્ષણ કરાવવું જોઈએ. આ વયજૂથની મહિલાઓએ ચોક્કસપણે પેપ સ્મીયર સ્ક્રીનીંગ કરાવતા રહેવું જોઈએ.

૪૦ થી ૫૦ વર્ષની વય : મહિલાઓની વય વધે એમ કેટલીક વધારાની ચિંતાઓમાં ઉમેરો થતો હોય છે. તે મોટાભાગે ડિજનરેશન સાથે સંલગ્ન હોય છે. નીચેના હેલ્થ ચેકઅપ્સ સ્વસ્થ જીવન જાળવી રાખવા માટે મદદરૂપ થાય છે:

હાડકાંનું સ્વાસ્થ્ય: ૪૦ વર્ષ પછી મહિલાઓમાં એસ્ટ્રોજનનું સ્તર ઘટતું હોવાથી તેઓને કેટલીક આરોગ્ય સમસ્યાઓ સર્જાતી હોય છે. જેમાં ઓસ્ટિયોપોરોસિસની શક્યતાઓ વધે છે અને તેના પરિણામે ફ્રેક્ચર, આર્થરાઈટિસ અને અંગોમાં અન્ય વિકૃતિ આવી શકે છે. નિયમિત કેલ્શિયમ ડોઝીથી હાડકાંનું સ્વાસ્થ્ય જાળવવામાં મદદ મળે છે અને તે ૪૦ વર્ષ પછી ચોક્કસપણે, ફિઝિશિયનના માર્ગદર્શન પ્રમાણે લેવા જોઈએ.

મેટાબોલિક ડિસઓર્ડર્સ: થાઈરોઈડ ડિસઓર્ડર્સ અને ડાયાબિટીસ જેવા રોગો મોટાભાગે ૪૦ વર્ષની વય પછી શરૂ થતા હોય છે.

બીમારીઓને દૂર રાખવા માટે અવગણનાનું વલણ દૂર કરવું જોઈએ અને નિયમિત ચેક અપ્સ કરાવવું જોઈએ.

ધર્મ સંદેશ

જાણો તમારી રાશિ મુજબ તમારામાં શું ખામી અને ખૂબીઓ છે ?

(આઝાદ સંદેશ) : આ દુનિયામાં કોઈ કે કશું જ સંપૂર્ણ નથી. આપણા સૌમાં કંઈક ને કંઈક ખૂબીઓ રહેલી છે, તો સાથે સાથે કંઈક ખામીઓ પણ રહેલી છે. જ્યોતિષ એ સ્વને ઓળખવાનું સાધન છે. આપણી જન્મકુંડળી આપણને આપણી ખૂબીઓ સાથે પરિચય કરાવે છે અને તે સાથે જ એક સાચા મિત્રની માફક જરા પણ અચકાયા વગર આપણી ખામીઓ તરફ પણ આંગળી ચીંધી દે છે! ખૂબીઓની જાણકારી મેળવીને તેના પર ધ્યાન કેન્દ્રિત કરીને જીવનને એક ચોક્કસ દિશા કે ધ્યેય તરફ વાળી શકાય છે. જ્યારે ખામીઓ પ્રત્યે સભાન બનીને તેને સુધારવાનો પ્રયત્ન કરી શકાય છે. આવો જોઈએ કે બાર રાશિઓની સ્વભાવગત ખૂબીઓ અને ખામીઓ કઈ કઈ છે. તમે નોંધ લેજો કે મોટે ભાગે જે રાશિની જે કઈ ખૂબીઓ છે તે જ અતિ થઈ જાય ત્યારે એ જ બાબત તેની ખામી બની જાય છે. કહેવાય છે ને કે અતિ સર્વત્ર વર્જ્યતે. જીવનમાં દરેક બાબતનું સંતુલન હોવું જરૂરી છે.

નીચે વર્ણવેલ ફળ સ્થૂળ છે. સૂક્ષ્મ ફળનો આધાર વ્યક્તિગત કુંડળીમાં રહેલા ગ્રહોની સ્થિતિ પર રહેલો છે.

મેષ

ખૂબીઓ: જોમ અને જુસ્સાથી ભરેલા, સરળ અને સીધા, મહત્વાકાંક્ષા અને ઉર્જાથી ભરપૂર, સ્વનિર્ભર, સ્પર્ધાત્મક અભિગમ ધરાવનાર, સાહસિક, કૃતનિશ્ચયી, અડગ, ક્રિયાશીલ, લાગણીશીલ, હકારાત્મક, ત્વરિત પ્રતિભાવ આપનારા.

ખામીઓ: ઝડપથી મિજાજ ગુમાવી દેનાર, ઉદ્ધત, ઘમંડી, દલીલો કરનાર, સંવેદનાવિહીન, આક્રમક, જીદ્દી, અધીરા, ઝડપથી કંટાળી જનાર, સ્વાર્થી, અહંકારી, સ્વકેન્દ્રિત, આવેશમય, ખંડનાત્મક.

વૃષભ

ખૂબીઓ: ધૈર્યવાન, ખંતથી મંડ્યા રહેનાર, સાતત્યપૂર્ણ, સ્થિર, વ્યવહારુ, બચત કરનાર, ફરકસરિયા, ભરોસાપાત્ર, મહેનતુ, કામ પ્રત્યે સમર્પિત, જવાબદાર, પરંપરાઓને માન આપનાર, નીતિવાન, સહનશીલ, ઝડપથી વિચલિત નહિ થનારા, પ્રેમાળ, કાળજી લેનારા.

ખામીઓ: જીદ્દી, પ્રમાદી, ધીમે કામ કરનાર, લોભી, નવીનતા કે ફેરબદલને પસંદ નહિ કરનાર, એકધારી આદતો, અક્કડ, વધુ પડતા ભૌતિકવાદી, જૂનવાણી, સંકુચિત, માલિકીભાવ ધરાવનાર, સાહસનો અભાવ.

મિથુન

ખૂબીઓ: વાતોડિયા, વાતચીતની કલામાં કુશળ, મૃદુભાષી, સામાજિક સંબંધો જાળવનાર, આનંદી સ્વભાવ, રમૂજવૃતિ, ચતુર, જીજ્ઞાસાવૃતિ ધરાવનાર, તર્કશુદ્ધ, ક્રિયાશીલ, બુદ્ધિમાન, વિશ્લેષણ કરનાર, મનથી જાગરુક, પ્રતિભાશાળી, ઝડપથી વિચારનારા.

ખામીઓ: ઝુલ્લી કરનાર, ઉપરછલ્લાં, ડરપોક, શરમાળ, છેતરનાર, નક્રિક્રા, નિર્લેપ, બેવડું વલણ ધરાવનાર, અનિર્ણયાત્મક, અવ્યવહારુ, સમજવા મુશ્કેલ, જટિલ, વિસંગત, ચં

તા. ૨૭-૧૨-૨૦૨૪, શુક્રવાર 10

સાંધ્ય દૈનિક

આઝાદ સંદેશ

ફોન નંબર-ફેક્સ :૦૨૮૧-૨૨૨ ૨૦૩૯ email : azadsandesh@gmail.com

શાળાએથી છૂટીને એક્ટિવા ઉપર ઘરે જતી બે સગીર બહેનોને ટેન્કરે હડફેટે લીધી : ૧૭ વર્ષની અનુપ્રિયાપ્રિયાંશીનું મોત

જુના માર્કેટ યાર્ડ પાસેનો બનાવ : આજીડેમ ચોકડી નજીક શ્રીરામ પાર્કમાં રહેતી નાની બહેન શક્તિસુપ્રિયા (ઉ.વ.૧૪)ને ઈજા પહોંચતા સારવારમાં ખસેડવામાં આવી : મુળ બિહારના વતની પરિવારમાં ઘેરો શોક : ડમ્પર ચાલક સકંજામાં

(આઝાદ સંદેશ), રાજકોટ : રાજકોટ શહેરમાં વધુ એક જીવલેણ અકસ્માતની ઘટના સામે આવી છે. ગત સાંજે શાળાએથી છૂટીને ઘરે જતી બે બહેનોના સ્કુટરને જુના માર્કેટ યાર્ડ નજીક ડમ્પરે ઉલાળી દેતાં તેના પર બેઠેલી બે સગી બહેનો ફંગોળાઈ ગઈ હતી. જેમાં ધોરણ-૧૨માં અભ્યાસ કરતી મોટી બહેનના કમરના નીચેના ભાગે ડમ્પરના તોતીંગ વ્હીલ ફરી વળતાં ઘટના સ્થળે જ કમકમાટીભર્યુ મોત થયું હતું. જ્યારે નાની બહેનનો નજીવી ઈજા સાથે બચાવ થયો હતો.

મળતી માહિતી મુજબ, આજીડેમ ચોકડી નજીક શ્રીરામ પાર્ક-૩ બ્લોક નં. ૧૩માં રહેતી અનુપ્રિયાપ્રિયાંશી પુર્વેન્દ્રકુમાર સિંગ (ઉ.વ.૧૭) અને તેની નાની બહેન શકિતસુપ્રિયા (ઉ.વ.૧૪) સાંજે યાર્ડ નજીક આવેલી મઝહર સ્કુલેથી છુટીને ટુવ્હીલર પર ઘરે જઈ રહી હતી તે વખતે યાર્ડ નજીક પહોંચી ત્યારે ડમ્પર નં.જીજે ૦૧ સીવાય-૪૨૯૨ના ચાલકે ટુવ્હીલરને ઠોકરે લેતાં બંને બહેન ફંગોળાઈ ગઈ હતી. જેમાં મોટી બહેન અનુપ્રિયાપ્રિયાંશીના કમરના ભાગે વ્હીલ ફરી વળતાં તેનું ઘટના સ્થળે જ મોત થયું હતું. જ્યારે નાની બહેન શક્તિસુપ્રિયાનો ઈજા સાથે બચાવ થયો હતો. આ અકસ્માતની >> p6

અમુક કર્મચારીઓ ૩૧ ડિસેમ્બરની ઉજવણી માટે સોમવાર, મંગળવારની રજા મુકી સળંગ ચાર દિવસની રજાનો લાભ મેળવી લીધો

રજાઓના પગલે રાજકોટમાં મોટાભાગની સરકારી કચેરીઓ સૂમસામ : કર્મચારીઓની પાંખી હાજરી

સરકારી કર્મચારીઓના પગલે અધિકારીઓની રજા રદ થઇ હતી પરંતુ હવે સરકારી કાર્યક્રમો રદ થતાં કર્મચારીઓને પણ મળી રજા

બેન્કોમાં એક કર્મચારી પાસે બેથી ત્રણ ટેબલનો અમુક પાસે કેશિયરનો વધારાનો ચાર્જ : ઠેરઠેર રજાનો માહોલ

(આઝાદ સંદેશ), રાજકોટ : ડિસેમ્બર એન્ડિંગ અને ક્રિસમસથી માંડી ચોથા શનિવાર અને રવિવારની જાહેર રજાના પગલે રાજકોટ સહિત સૌરાષ્ટ્રની મોટાભાગની સરકારી કચેરીઓમાં મીની વેકેશન જેવો માહોલ સર્જાયો છે. પરિણામે વિવિધ સરકારી કચેરીઓમાં કર્મચારીઓની પાંખી હાજરી જોવા મળી રહી છે. વાત આટલેથી જ અટકતી નથી પરંતુ બેન્કોમાં પણ આવી જ પરિસ્થિતિ સર્જાયેલી જોવા મળે છે. મોટાભાગની બેન્કોમાં પણ આજે શુક્રવારની તો અમુક કર્મચારીઓ ગુરુ અને શુક્રવારની રજા મુકી દીધી છે.

બેન્કમાં એક કર્મચારી પાસે બેથી ત્રણ ટેબલનું તો લોન વિભાગના કે અન્ય કામગીરી સંભાળતા કર્મચારીને કેશિયરની જવાબદારી સોંપવામાં આવી હતી. મહિનાના અંતિમ દિવસો હોવાથી બેન્કોમાં હાલ ખાસ ભીડ જોવા મળતી નથી પરંતુ રજાના દિવસોને ધ્યાનમાં રાખી ક્લિયરિંગ દરરોજ >> p6

ત્રણ સ્થળેથી અલગ અલગ કેકના નમુના લેતી ફૂડ શાખા

ચુનારાવાડ ચોકથી અમુલ સર્કલ અને પ્રેમ મંદિર સામે હોકર્સ ઝોનમાં ખાણીપીણીના ધંધાર્થીઓનું ચેકિંગ

(આઝાદ સંદેશ), રાજકોટ : મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા શહેરમાં ત્રણ બેકરીઓમાંથી અલગ અલગ ફ્લેવરની કેકના નમુના લેવામાં આવ્યા હતા. જ્યારે ચુનારાવાડ ચોકથી અમુલ સર્કલ અને પ્રેમ મંદિર સામે હોકર્સ ઝોનમાં ખાણીપીણીના ધંધાર્થીઓનું ચેકિંગ કરીને ખાણીપીણીના નમુનાની ચકાસણી કરવામાં આવી હતી.ફૂડશાખાએ ફુડ સેફ્ટી સ્ટાન્ડર્ડ એક્ટ હેઠળ ત્રણ સ્થળેથી કેકના નમુના લીધા હતા. જેમાં ૧૧-રણછોડનગર સોસાયટી, શાળા નં.૧૫ સામે આવેલી રાજકોટ બેકરીમાંથી બ્લેક ફોરેસ્ટ કેક, બાલક હનુમાન મંદિર સામે, પેડક રોડ મંદિર સામે મારૂતી બેકરીમાંથી ચોકો આલમંડ કેક, તેમજ રાજકોટ નાગરિક બેન્ક સામે, ડિલક્સ ચોક પાસે, ઈઝ્ઝી બેકરીમાંથી ચોકલેટ ટ્રફલ કેકના નમુના લેવામાં આવ્યા હતા. ફૂડ વિભાગની ટીમે FSW વાન સાથે સર્વેલન્સ ચેકિંગ દરમિયાન ચુનારાવાડ ચોકથી અમુલ સર્કલ- ભાવનગર રોડ તથા પ્રેમ મંદિર સામે હોકર્સ ઝોન- કાલાવડ રોડ વિસ્તારમાં ખાદ્યચીજોનું વેચાણ કરતાં ૩૫ ધંધાર્થીઓની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૧૮ ધંધાર્થીઓને લાઈસન્સ બાબતે સૂચના આપી હતી અને ખાદ્યચીજોના ૧૨ નમુનાની સ્થળ પર ચકાસણી કરવામાં આવી હતી. જેઓને લાયસન્સ બાબતે સુચના અપાઈ છે તેમાં મુરલીધર ડીલકસ પાન કોલ્ડ્રિંક્સ, હિંગળાજ પાન, ચામુંડા પાન કોલ્ડ્રિંક્સ, સંતોષ પાન, રાજ શીંગ, ગાત્રાળ કોલ્ડ્રિંક્સ, શિવમ કોલ્ડ્રિંક્સ, ગાત્રાળ ડીલકસ પાન, જયશ્રી ખોડિયાર નાસ્તા >> p6

મોટર વ્હીકલ એક્ટ અંતર્ગત બેફામ સ્પીડે વાહન ચલાવવું, રોંગ સાઇડ, વન-વેમાં તેમજ ટ્રાફિક સિગ્નલનો એકથી વધુ સમય ભંગ કરવા બદલ ૫૦૦થી વધારે નંબર ટ્રેસ કરાયા

રાજકોટ આરટીઓ તરફથી ૧૦૦ વાહન ચાલકોને ડ્રાયવિંગ લાયસન્સ સસ્પેન્ડ માટેની શો-કોઝ નોટિસ ફટકારાઈ

કોઈપણ વાહનચાલક સામે કેસ થયો હોય તો તેવા વાહન વેંચી શકાતા નથી, આરટીઓ કચેરીમાંથી જૂના વાહન ખરીદતા પૂર્વે એનઓસી મેળવવું જરૂરી

અમુક વર્ષો જૂના લાયસન્સ ધરાવતા અને રિન્યુ ન કરાવ્યા હોય અથવા મકાનના સરનામા બદલાઈ ગયા હોય તેવા વાહન ચાલકોને નોટિસ બજવવાની મુશ્કેલી

(આઝાદ સંદેશ), રાજકોટ : તાજેતરમાં રાજકોટની આરટીઓ કચેરી તરફથી ટ્રાફિકના તેમજ મોટર વાહન કાયદાના નિયમોનો ભંગ કરનારાની દર મહિને સંખ્યા વધતી જાય છે. આરટીઓ કચેરી તરફથી સમયાંતરે આવા વાહનચાલકો સામે ડ્રાઈવ યોજી પગલાં પણ લેવામાં આવે છે. આમ છતાં વાહનની ફિટનેસ, લાયસન્સ વગર વાહન ચલાવવું, એસેમ્બલ કરાયેલી ગેરકાયદે એલઈડી લાઈટ વિગેરેના ગુના ઉપરાંત રોંગ સાઈડમાં, વન-વેમાં તેમજ એક કરતા વધુ વખત ટ્રાફિક સિગ્નલનો ભંગ કરવા બાબતે વાહન માલિકોને પોલીસ તરફથી મેમા અપાય છે. ચારથી પાંચ મેમા એક સરખા ગુનામાં મળ્યા હોય તો ડ્રાયવિંગ લાયસન્સ સસ્પેન્ડ સુધીની કાર્યવાહી કરવાની સત્તા આરટીઓને છે. જે બાબતે ધ્યાનમાં રાખી ૧૦૦ જેટલા વાહનચાલકોને નોટિસ આરટીઓ તરફથી આપવામાં આવી >> p6

ગોંડલ યાર્ડના વેપારીએ વ્યાજે લીધેલા રૂ.૫૪ લાખના રૂ.૯૦ લાખ ચૂકવી દીધા છતાં વધુ રૂ.૪૪ લાખની માંગણી કરી ધમકી

એપલ વીલા સોસાયટીમાં રહેતાં છગનભાઈ ગઢિયા (ઉ.વ.૬૨)ની પોતાના જ સગા મામા વલ્લભ ખૂંટ, તેના પુત્ર ક્રિમેશ ખૂંટ તેમજ પોરબંદરના બે શખસો સહિત ૪ સામે ફરિયાદ : વ્યાજખોર પિતા-પુત્રએ અન્ય શખ્સો સાથે મળી ધમકી આપી વેપારી કાકા-ભત્રીજાને ફટકાર્યાઃ ૪ શખસો સામે મનીલેન્ડ એક્ટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધાયો

(આઝાદ સંદેશ), રાજકોટ : ગોંડલમાં બાલાજી હોલ પાસે રહેતા અને ગોંડલ માર્કેટીંગ યાર્ડમાં પેઢી ધરાવતા પટેલ વેપારીએ જણસની ખરીદી માટે મામા સહીતના ગોંડલ અને પોરબંદરના ચાર વ્યાજખોર પાસેથી રૂ.૫૪ લાખ વ્યાજે લીધા હોય જેનું વ્યાજ સહીત રૂ.૯૦ લાખ ચૂકવી દીધા છતાં વધુ રૂ.૪૪ લાખ પડાવવા માટે ચારેય શખ્સોએ વેપારીને ધમકી આપી તેના ભત્રીજા ઉપર હુમલો કરતા આ મામલે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.મળતી માહિતી મુજબ, ગોંડલ એપલ વીલા સોસાયટી ધોળકીયા સ્કુલની બાજુમા બાલાજી હોલ પાસે રહેતા અને ગોંડલ માર્કેટીંગ યાર્ડમાં સી.સી.એન્ટરપ્રાઈઝનામની પેઢી ધરાવતા છગનભાઈ પરસોત્તમભાઈ ગઢીયા (ઉ.વ.૬૨)ની ફરિયાદને આધારે ગોંડલ સીટી બી ડીવીઝન પોલીસે છગનભાઈને મામા ગોંડલના વલ્લભ સામજીભાઈ ખુંટ કીમેશ વલ્લભ ખુંટ, પોરબંદરના નગા શિવા ઓડેદરા અને કરણ સામે ગુનો નોંધ્યો છે.

છગનભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે ગોંડલ માર્કેટીંગ યાર્ડમા સી.સી.એન્ટરપ્રાઈઝ નામની પેઢી આવેલ હોય વલ્લભભાઈ તેના મામા થતા હોય પોતે ગોંડલ માર્કેટીંગ યાર્ડમા લસણ ડુંગળીનો વેપાર કરતો હોય જેથી મારે અવાર નવાર માલની લે વેચ બાબતે પૈસની જરીયાત હોય જેથી મામા પાસેથી પૈસા લેતા હતા અને જણસ વેચાયે પરત આપી દેતા જેને બદલે મામા તેમની પાસેથી ત્રણ ટકા થી ૧૦ ટકા મહીનાનું વ્યાજ વસુલતા હતા. ૨૦૧૮ થી મામા-ભાણેજ વચ્ચે આ નાણાકીય વ્યવહાર ચાલુ હતો. મામા વલ્લભભાઈ પાસેથી કટકે કટકે આશરે ૫૪ લાખ સી.સી.એન્ટરપ્રાઈઝ તથા એમ.પી.પટેલ એમ બન્ને ખાતામાં નાખેલ હતી અને તે રૂપિયા વ્યાજ સહીત આર.ટી.જી.એસ. તથા રોકડા વ્યાજ સહીત આશરે રૂ.૯૦ લાખ જેટલી રકમ ચુકવી આપેલ છે અને વ્યાજ સહીતની રકમનો છેલ્લે હીસાબ કરતા તા.૦૭/૧૧/૨૦૨૧ ના રોજ રૂ.૪,૯૪,૦૦૦/-નો બાકી રહેતો હતો તે પૈસા વ્યાજ સહીતના ચુકવવાના બાકી હોય જે ચુકવવા અને તે બાબતે લખાણ કરી આપવા માટે છગનભાઈએ વાત કરી હતી. ત્યારે મામા વલ્લભભાઈએ કહેલ તને તો મારી ઉપર ભરોસો નથી લખાણની શું જરૂર છે ? બાદમાં વલ્લભભાઈએ તા.૨૫/૧૧/ ૨૦૨૪ ના રોજ રૂ. ૧૮,૦૦,૦૦૦ માંગે છે એવી નોટીશ મોકલાવેલ હતી. હકીકતમા તેઓ ભાણેજ છગનભાઈ પાસે પૈસા માંગતા ન હોય જેથી છગનભાઈએ વકીલ મારફતે જવાબ પણ કરેલ હતો. બાદમાં મામા વલ્લભભાઈ પાસથી હવાલો લઈ પોરબંદરવાળો નગાભાઈ શીવાભાઈ ઓડેદરા તથા કરણભાઈ અને વલ્લભના પુત્ર ક્રીમેશે ધમકી આપતા સમાધાન માટે છગનભાઈની ઓફિસે ભેગા થયા હતા જ્યાં વલ્લભ અને તેના પુત્ર સહિતના ચારેયે ભત્રીજા ભીતીક ઉપર હુમલો કર્યો હતો. અને ૧૦ ટકા વ્યાજ સહીત વધુ રૂ.૪૪ લાખ માંગ્યા હતા. આ મામલે ગોંડલ પોલીસે વધુ તપાસ શરુ કરી છે.■

વેરા વસુલાત ઝુંબેશ અંતર્ગત ૩ મિલકતો સીલ કરાળ, બે નળ જોડાણ કપાયા

બે મિલકતોને જપ્તીની નોટિસ રૂ. ૩૪.૧૮ લાખની વસુલાત

(આઝાદ સંદેશ), રાજકોટ : મ્યુનિ. કમિશનર તુષાર સુમેરાની સુચના અનુસાર વેરા વસુલાત શાખા દ્વારા ચાલતી રીકવરી ઝુંબેશ અંતર્ગત આજે ૩ મિલકત સીલ કરાઈ હતી જ્યારે બે નળ જોડાણ કપાયા હતા. ૧૧-મિલકતોને સીલની કાર્યવાહી કરતા રિકવરી થઈ હતી. ૨- મિલ્કતોને જપ્તીની નોટીસ અપાઈ હતી. જ્યારે રૂા.૩૪.૧૮ લાખની રીકવરી કરાઈ હતી

આજે કરાયેલી કાર્યવાહીમાં વોર્ડ નં.૧માં ૧૫૦ ફૂટ રોડ પર ૧ યુનીટ સીલ કરતા રૂ.૭૫,૮૨૮ની રીકવરી, ૧૫૦ ફૂટ રોડ પર ૧ યુનીટ સીલ કરતા રૂ.૭૫,૮૨૪ની રીકવરી કરાઈ હતી. જ્યારે,ગાંધીગ્રામમાં ૧-યુનીટ અને માતૃછાયા કોમ્પ્લેક્ષમાં ૧ યુનીટ સીલ કરાઈ હતી.૧૫૦ ફૂટ રોડ પર આવેલ આર.કે .વર્લ્ડ ગ્રાઉન્ડ ફ્લોર શોપ નં ૧૦ની રૂ.૧.૧૨ લાખની રીકવરી કરાઈ હતી. વોર્ડ નં.૨માં રૈયા રોડ પર ૧-યુનીટ સીલ કરાયું હતું. વોર્ડ નં.૫માં કુરજી વેકરીયા રોડ પર ૧-નળ કનેક્શન કપાત કરતાં રૂ.૯૩,૭૧૩ની રીકવરી, આર્યનગરમાં ૧ નળ કનેક્શન કપાત કરતાં રૂ.૨૫,૦૦૦ની રીકવરી કરાઈ હતી. વોર્ડ નં.૧૦માં નિર્મલા રોડ પર ૧ યુનીટ સીલ કરતા રૂ.૧.૦૩ લાખની રીકવરી કરાઈ હતી.આવી જ રીતે, વોર્ડ નં.૧૫માં કૃષ્ણનગર મેઈન રોડ પર ૧ યુનીટ સીલ કરતા રિકવરી રૂ.૯૬,૧૦૬ની રીકવરી, વોર્ડ નં.૧૪માં માસ્ટર સોસાયટીમાં ૧ યુનીટની રૂ.૩.૬૯ લાખ, વોર્ડ નં.૧૧માં આઈએ ઔદ્યોગિક વિસ્તારમાં ૧ યુનીટ સીલ કરતા રિકવરી રૂ.૯.૧૦ લાખનો ચેક આપ્યો હતો. >> p6

મનપાના સિટી ઈજનેરોની મુંઝવણઃ ટીપીનું કામ કરવું કે વિકાસ યોજનાનું ?

(આઝાદ સંદેશ) રાજકોટ : ટીઆરપી અગ્નિકાંડ પછી રાજકોટ શહેરનો વિકાસરથ ધીમો પડી ગયો છે. અગ્નિકાંડની આગ ઠારવા સરકારે નિયુક્ત કરેલા કમિશનરે મહાનગરપાલિકાના વહિવટની પાંખો કાપી નાખી હોય તેમ લાંબા સમયથી મહત્વની યોજનાઓ આગળ ધપતી નથી. ગત બજેટમાં કમિશનર દ્વારા સુચવાયેલી અને સ્ટેન્ડિંગ કમિટીએ મુકેલી યોજનાઓનું લિસ્ટ જોઈએ તો ૨૫ ટકા યોજનાઓ પણ પુરી થઈ નથી ત્યાં હવે આગામી ૨૦૨૫-૨૬ના બજેટની તૈયારી શરૂ થઈ ગઈ છે. શહેરના વિકાસ માટે જેના પર મહત્વની જવાબદારી છે તેવા ત્રણેય ઝોનના સિટી ઈજનેરો ઉપર હવે ટાઉનપ્લાનિંગની પણ જવાબદારી થોપી દેવામાં આવી છે. આ કારણે સિટી ઈજનેરો માટે ટીપીનું કામ કરવું કે વિકાસ યોજનાઓનું ? તેની મુંઝવણ વધી ગઈ છે. આ કારણે અત્યારે એવી હાલત છે કે ન તો ટાઉનપ્લાનિંગનું કામ યોગ્ય રીતે થઈ શકે છે કે ન તો વિકાસ યોજનાઓનું ! પરિણામે મહાનગરપાલિકા માટે 'બાવાના બ'ય બગડ્યા જેવી હાલત સર્જાઈ છે. હવે ૨૦૨૫-૨૬ના બજેટની તૈયારી શરૂ થઈ ગઈ છે ત્યારે નવનિયુક્ત કમિશનર તુષાર સુવેરા ઉપર શહેરના વિકાસનો રથ દોડતો કરવાની વિકાસ યોજનાઓ આગળ ધપાવવાની મહત્વની જવાબદારી આવી પડી છે. બીજી તરફ સિટી ઈજનેરો શહેરના વિકાસકામોમાં ધ્યાન આપી શકતા નથી. આની અસર આગામી બજેટમાં પણ દેખાઈ આવે તેમ છે. ટીઆરપી અગ્નિકાંડ બાદ હાઈકોર્ટમાં થયેલી પીઆઈએલનો જવાબ આપવા તત્કાલિન કમિશનર દેવાંગ દેસાઈએ શહેરના વિકાસ ઉપર પડનારી અસર વિશે લાંબા ગાળાનો વિચાર કર્યા વગર જ ઝુંબેશના ઓઠા હેઠળ ટાઉનપ્લાનિંગ શાખામાં કામનું વિભાજન કરી નાખ્યું હતું. અગાઉ જે કામ ટાઉન પ્લાનિંગ ઓફિસર પાસે એકહથ્થુ હતું તે કામમાં ટીપીઓ ઉપરાંત ત્રણ ડે.કમિશનરો, અને ત્રણ સિટી ઈજનેરોને જવાબદારી >> p6

સિટી ઈજનેરો પોતાના રોજીંદા કામમાં પણ ધ્યાન આપી ન શકે તેવી હાલત !

ત્રણેય ઝોનના સિટી ઈજનેરો પાસે ટાઉનપ્લાનિંગ શાખા હસ્તકની કામગીરી પણ છે. આથી તેઓ પોતાના હસ્તકના ઝોનમાં ચાલતી કામગીરી ઉપર ધ્યાન આપી શકતા નથી. ટીપીશાખામા થતી ગેરકાયદે બાંધકામોની તપાસ કરવા સિટી ઈજનેરોને પોતાના ઝોનના કામ પડતાં મુકીને દોડવું પડે છે.આ કારણે ઝોનના ડામરરોડના કામથી માંડીને શૌચાલયના બાંધકામ સુધીના કોઈપણ કામમાં ધ્યાન આપી ન શકતા કોન્ટ્રાકટરોને ઘી કેળા થઈ ગયા છે. જો કોઈ કામોમા ગેરરીતિ પકડાય તો તેની જવાબદારી સીધી સિટી ઈજનેરની બને છે. અને તેમની સામે પગલાં લેવાય છે.

નવું બજેટ કમિશનર માટે અગ્નિપરીક્ષા સમાન બનશે ?

એક તરફ સિટી ઈજનેરો શહેરના વિકાસકામોમાં ધ્યાન આપી શકતા નથી. બીજી તરફ નાણાંકિય વર્ષનો પોણાભાગનો સમય પુરો થઈ ગયો છે. અને નવા બજેટની તૈયારી શરૂ કરી દેવાઈ છે. ૨૦૨૪-૨૫ના બજેટમાં મુકાયેલી યોજનાઓમાંથી મોટાભાગની યોજનાઓ હજી શરૂ પણ થઈ નથી. ત્યારે આગામી બજેટ કમિશનર તુષાર સુવેરા માટે અગ્નિપરીક્ષા સાબિત થાય તેમ છે. આગામી બજેટમાં જુની યોજનાઓ જ આગળ ધપાવવી પડે તેમ છે. બીજી તરફ ૨૦૨૫માં પદાધિકારીઓનો શાસનકાળ પુરો થઈ રહ્યો છે. અને મહાનગરપાલિકાની ચૂંટણીના પડઘમ વાગવાનું શરૂ થઈ જશે. આથી વર્તમાન પદાધિકારીઓ જતાં જતાં થોકબંધ વિકાસયોજનાઓ જાહેર કરીને મતદારોને જીતવા પ્રયત્ન કરશે એ વાત પણ નિશ્ચિત છે.

રાજ્ય સરકારના નિયમોનું ઉલ્લંઘન કરીને સિટી ઈજનેરોને ટીપીની જવાબદારી સોંપાઈ !

રાજકોટ નગરપાલિકા ૧૯૭૩માં મહાનગરપાલિકા બની ત્યારથી અત્યારસુધી જે યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. તે યોજનાઓની સમયાંતરે મેઈંટેનન્સ કરવાની જવાબદારી સિટી ઈજનેરોની છે. આ માટે દરવર્ષે બજેટમાં કેપીટલ ખર્ચની જોગવાઈ પણ કરવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા મહાનગરપાલિકાની વિકાસ યોજનાઓનું સમયાંતરે મેઈંટેનન્સ થાય તે માટે નિયમો પણ ઘડાયા છે. 'પિરીયોડિક મેઈંટેનન્સ' તરીકે ઓળખાતા આ નિયમોમાં સિટી ઈજનેરોની જવાબદારી ફિક્સ કરાઈ છે. પણ, અત્યારે રાજકોટ મહાનગરપાલિકામાં હાલત એવી છે કે, સરકારે ઘડેલા આ નિયમોનું જ ઉલ્લંઘન તત્કાલિન કમિશનર દ્વારા કરવામાં આવ્યું છે. એક માહિતી મુજબ જ્યાં સુધી ઝુંબેશ ચાલે ત્યાં સુધી સિટી ઈજનેરોએ ટીપી શાખાનું કામ કરવાનું હતું. પણ પછી તેમાં કોઈ ફેરફાર કરાયો નહોય વિકાસ યોજનાઓ ખોરંભે પડી રહી છે.

ટીઆરપી કાંડ પછી તત્કાલિન કમિશનરે શહેરના વિકાસનો વિચાર કર્યા વગર જ સિટી ઈજનેરોને ટાઉનપ્લાનિંગ વિભાગની જવાબદારી સોંપી દીધા બાદ મહાનગરપાલિકા માટે 'બાવાના બે'ય બગડ્યા' જેવી હાલતઃ નવનિયુક્ત કમિશનર પર શહેરના વિકાસનો રથ દોડતો કરવાની મહત્વની જવાબદારી વચ્ચે સિટી ઈજનેરો વિકાસમાં ધ્યાન જ આપી શકતા નથી !

PRINTER, PUBLISHER Vijay Bhanubhai Trivedi, 10, jairaj plot, Rajkot-01. **OWNER** Vijay Bhanubhai Trivedi **PUBLICATION AT** 101-102, Keshari Nandan, Harihar Chowk, Dr. Rajendra Prashad Road, Rajkot- 01. Phone, Fax-0281-222 2039 **PRINTED AT** RP PUBLICATION 31-A, Jay Jalaram Industrial Estate, NH 8B, B/h. Ruda Transport Nagar, Post-sokhda, Rajkot-360003. **EDITOR :** Vijay Bhanubhai Trivedi